અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

08 JANUARY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 188 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ટ્રમ્પ વેનેઝુએલા પાસેથી 5 કરોડ બેરલ તેલ લેશેઃ કહ્યું- કમાણી પર પણ....

4  તમે જીવશો તો જ જીવાડશે બાકી આ તો જિંદગી છે તમને બધી બાજુ નચાવશે!લાગણી....

6  બાંગ્લાદેશને ભારતમાં જ રમવી પડશે વર્લ્ડ કપ મેચ:ICCએ સ્થળ બદલવાની માગ ફગાવી....

7  ચાંદી ₹2.46 લાખના ઓલ ટાઈમ હાઈ પરઃ ₹2,894 મોંઘી થઈ, સોનું ₹45 ઘટીને.....

## અંબરનાથમાં ભાજપ-કોંગ્રેસનું ગઠબંધન કલાકોમાં જ તૂટ્યું

### કોંગ્રેસે 12 કાઉન્સિલરોને સસ્પેન્ડ કર્યા, અકોટમાં ઓવૈસીની પાર્ટી સાથે હાથ મિલાવ્યા હતા

**મુંબઈ, તા.07**

મહારાષ્ટ્રમાં અંબરનાથ અને અકોટ નગર પાલિકાની ચૂંટણીના પરિણામો બાદ, બુધવારે અણધાર્યા ગઠબંધન જોવા મળ્યા. અંબરનાથ નગર પાલિકામાં, ભાજપે કોંગ્રેસ-NCP સાથે હાથ મિલાવ્યા.

દરમિયાન, અકોલા જિલ્લાની અકોટ નગર પરિષદમાં, પાર્ટીએ અસદુદ્દીન ઓવૈસીની AIMIM સાથે ગઠબંધન કર્યું. જોકે, આ ગઠબંધન થોડા કલાકોમાં જ તૂટી ગયું. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે બુધવારે આ ગઠબંધનોને નકારી કાઢ્યા અને પક્ષના નેતાઓ સામે કાર્યવાહીની ચેતવણી આપી. કોંગ્રેસે અંબરનાથના 12 કાઉન્સિલરોને પણ સસ્પેન્ડ કર્યા.

અંબરનાથ નગર પરિષદમાં કુલ 60 વોર્ડ છે. ચૂંટણી પછી મોટો રાજકીય ઉલટફેર જોવા મળ્યો. ચૂંટણી પરિણામો આવ્યા પછી શિવસેના (એકનાથ શિંદે જૂથ) સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી, પરંતુ તેમ છતાં તે સત્તામાંથી બહાર થઈ.



ભાજપે ચૂંટણી પછી કોંગ્રેસ અને અજિત પવાર જૂથની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) સાથે મળીને 'અંબરનાથ વિકાસ અઘાડી' નામનું ગઠબંધન બનાવ્યું. આ ગઠબંધન દ્વારા નગર પરિષદમાં બહુમતી મેળવવામાં આવી અને પરિષદનું નેતૃત્વ પોતાના હાથમાં લઈ લેવામાં આવ્યું. તેના કારણે ભાજપની સહયોગી શિવસેના (શિંદે જૂથ)ને સત્તામાંથી બહાર કરી દેવામાં આવી.

આ ગઠબંધનના સમર્થનથી ભાજપ નેતા તેજશ્રી કરંજુલને અંબરનાથ નગર પરિષદના અધ્યક્ષ (મેયર) તરીકે ચૂંટવામાં આવ્યા. આ ગઠબંધન એટલા માટે પણ ચર્ચામાં રહ્યું કારણ કે ભાજપ રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસનો વિરોધ કરતી રહી છે, પરંતુ અંબરનાથમાં સત્તા માટે કોંગ્રેસ સાથે હાથ મિલાવી લીધા.

ભાજપના કોર્પોરેટર અભિજીત કરંજુલ પાટીલે જણાવ્યું હતું કે, આ ગઠબંધન અંબરનાથને ભ્રષ્ટાચાર અને ભયથી મુક્ત કરવા માટે બનાવવામાં આવ્યું છે. જ્યારે, શિવસેનાના ધારાસભ્ય ડો. બાલાજી કિનિકરે તેને વિશ્વાસઘાત ગણાવ્યો અને કહ્યું કે ભાજપનો રાષ્ટ્રીય નારો 'કોંગ્રેસ મુક્ત ભારત' સ્થાનિક સ્તરે જમીન પર દેખાયો નથી.

અકોલા જિલ્લાની અકોટ નગર પરિષદમાં ભાજપે AIMIM સાથે 'અકોટ વિકાસ મંચ' બનાવ્યું. તેમાં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના (UBT), શિંદેની શિવસેના, અજિત પવારની NCP, શરદ પવારના નેતૃત્વ હેઠળની NCP અને બચ્ચુ કાદુના નેતૃત્વ હેઠળની પ્રહાર જનશક્તિ પાર્ટી પણ સામેલ છે.

ભાજપે 35 સભ્યોની પરિષદમાં 11 બેઠકો પર ચૂંટણી જીતી, જ્યારે બે બેઠકો પર ચૂંટણી થવાની બાકી છે. AIMIMને 5 બેઠકો મળી. અન્ય પક્ષોના સમર્થનથી ગઠબંધનની કુલ સંખ્યા 25 થઈ ગઈ છે. ભાજપના માયા ધુલે અધ્યક્ષ તરીકે ચૂંટાયા. ઉપાધ્યક્ષની ચૂંટણી 13 જાન્યુઆરીએ થશે.

મહારાષ્ટ્રમાં ભાજપ, અજિત પવારની NCP અને એકનાથ શિંદેની શિવસેના મહાયુતિ સરકાર ચલાવી રહી છે. આમ છતાં, સ્થાનિક ચૂંટણીમાં સત્તા મેળવવા માટે ભાજપે કોંગ્રેસ અને AIMIM સાથે ગઠબંધન કર્યું, જેને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે નકારી કાઢ્યું છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસ અધ્યક્ષે અંબરનાથ બ્લોક કોંગ્રેસ સમિતિને ભંગ કરવાનો આદેશ આપ્યો છે. તેમણે સ્થાનિક નેતાઓના આ ગઠબંધનને સંપૂર્ણપણે ખોટું પગલું ગણાવ્યું છે. પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ ઉપાધ્યક્ષ ગણેશ પાટીલે પ્રદીપ પાટીલને મોકલેલા પત્રમાં જણાવ્યું હતું કે આ સંપૂર્ણપણે ખોટી કાર્યવાહી છે અને પક્ષના અનુશાસનનું ઉલ્લંઘન છે.

આ મામલાને ધ્યાનમાં રાખીને, માનનીય પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાલના આદેશ પર તમને કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. આ સાથે તમારી બ્લોક કોંગ્રેસ કારોબારીને ભંગ કરવામાં આવે છે. તમારી સાથે પક્ષના અનુશાસનનું ઉલ્લંઘન કરનારા તમામ કાઉન્સિલરોને પણ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે.

## સુપ્રીમ કોર્ટે કહ્યું- કૂતરાઓને કારણે લોકો ક્યાં સુધી હેરાન થશે

### સ્કૂલ અને કોર્ટ કેમ્પસમાં તેમની શું જરૂર છે, તેઓ બાળકો-વડીલોને કરડી રહ્યા છે, લોકો મરી રહ્યા છે

**નવી દિલ્હી, તા.07**

સુપ્રીમ કોર્ટમાં બુધવારે રખડતા કૂતરાઓ સાથે જોડાયેલા મામલે સુનાવણી થઈ હતી. કોર્ટે પૂછ્યું કે કૂતરાઓને કારણે સામાન્ય લોકોએ આખરે ક્યાં સુધી પરેશાની ભોગવવી પડશે. અદાલતે સ્પષ્ટ કર્યું કે તેનો આદેશ રસ્તાઓ માટે નહીં, પરંતુ માત્ર સંસ્થાકીય વિસ્તારો માટે છે.



બેન્ચે સવાલ ઉઠાવ્યો કે શાળાઓ, હોસ્પિટલો અને કોર્ટ પરિસરોની અંદર રખડતા કૂતરાઓની શું જરૂર છે અને તેમને ત્યાંથી હટાવવા સામે શું વાંધો હોઈ શકે.

બુધવારે આ મામલે સુનાવણી અઢી કલાક સુધી ચાલી હતી. આગામી સુનાવણી 8 જાન્યુઆરીએ સવારે 10:30 વાગ્યાથી ફરી શરૂ થશે.

ચર્ચા દરમિયાન રખડતા કૂતરાઓના પક્ષમાં દલીલ કરી રહેલા કપિલ સિબ્બલે કહ્યું કે, જે કૂતરો કરડે તેની નસબંધી કરી શકાય છે.

આના પર કોર્ટે કહ્યું, 'હવે તો બસ એક જ વસ્તુ બાકી છે, કૂતરાઓને પણ કાઉન્સિલિંગ આપવું, જેથી પાછા છોડવામાં આવે ત્યારે તેઓ કરડે નહીં.'

આ દરમિયાન સિબ્બલે કહ્યું, 'જ્યારે પણ હું મંદિરો વગેરેમાં ગયો છું, મને ક્યારેય કોઈ કૂતરો કરડ્યો નથી.' સુપ્રીમ કોર્ટે જવાબ આપ્યો- 'તમે નસીબદાર છો. લોકોને કરડે છે, બાળકોને કરડે છે. લોકો મરી રહ્યા છે.'

કોર્ટે કહ્યું કે કૂતરાઓને કારણે અકસ્માતોનું જોખમ પણ રહેલું છે. તમે તેની ઓળખ કેવી રીતે કરશો? સવારે કયો કૂતરો કયા મૂડમાં છે, તે તમે જાણી ન શકો.

કોર્ટે સરકારને પૂછ્યું કે 2018માં એનિમલ બર્થ કંટ્રોલ (ABC)ને લઈને કડક નિર્દેશો આપવામાં આવ્યા હતા, તે બરાબર લાગુ કેમ ન થયા? નિયમોના પાલનમાં વિલંબને કારણે જનતાને નુકસાન ન થવું જોઈએ.

## ટ્રમ્પનું મોદી પર નિવેદન, રાહુલ બોલ્યા- ફરક સમજો સરજીઃ ટ્રમ્પ સામે મોદી સરેન્ડર, ઈન્દિરાએ અમેરિકાને ઝુકાવ્યું હતું



**નવી દિલ્હી, તા.07**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે પીએમ નરેન્દ્ર મોદીની લીડરશીપની તુલના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે કરી. રાહુલે X પર 'ફરક સમજો સરજી' કેપ્શન સાથે 3 જૂનનો વીડિયો શેર કર્યો.

રાહુલે કહ્યું- મોદી ટ્રમ્પ સામે સરેન્ડર થઈ જાય છે, પરંતુ ઈન્દિરાએ અમેરિકાને ઝુકાવ્યું હતું. તમને તે સમય યાદ હશે જ્યારે ફોન કોલ ન હતો, સાતમો ફ્લીટ આવ્યો હતો. 1971ના યુદ્ધમાં અમેરિકાએ પોતાના એરક્રાફ્ટ કેરિયર અને હથિયારો મોકલ્યા હતા. ત્યારે ઈન્દિરા ગાંધીજીએ કહ્યું હતું, 'મારે જે કરવું છે, હું કરીશ.' રાહુલે કહ્યું,

રાહુલનો આ વીડિયો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તે નિવેદનના એક દિવસ પછી આવ્યો છે, જેમાં ટ્રમ્પે કહ્યું હતું- વડાપ્રધાન મોદી મને મળવા આવ્યા અને કહ્યું સર, શું હું તમને મળી શકું છું.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક દિવસ પહેલા મંગળવારે કહ્યું હતું કે પીએમ મોદી તેમનાથી વધારે ખુશ નથી, કારણ કે વોશિંગ્ટને રશિયન તેલ ખરીદવાને કારણે દિલ્હી પર 50% ટેરિફ લગાવ્યો છે. ટ્રમ્પે એમ પણ કહ્યું - પીએમ મોદી પોતે મને મળવા આવ્યા હતા. તેઓ મારી પાસે આવ્યા અને બોલ્યા - સર, શું હું તમને મળી શકું? અને મેં કહ્યું - હા.

જોકે ટ્રમ્પે એ જણાવ્યું ન હતું કે આ બધી વાતચીત ક્યારે અને ક્યાં થઈ હતી. ટ્રમ્પે કહ્યું- અપાચે હેલિકોપ્ટરને કારણે ભારત ઘણા વર્ષોથી મારી પાસે આવી રહ્યું હતું. અમે તેને બદલી રહ્યા છીએ. ભારતે 68 અપાચે હેલિકોપ્ટરનો ઓર્ડર આપ્યો છે.

## રાજસ્થાન-MP સહિત 8 રાજ્યોમાં પારો 5°થી નીચેઃ કાશ્મીરમાં 15 દિવસ બરફવર્ષાનું એલર્ટ, ઉત્તરાખંડમાં પાઈપલાઈનમાં પાણી જામી ગયું.....







**નવી દિલ્હી, તા.07**

પહાડો પર હિમવર્ષા અને મેદાની રાજ્યો તરફ ફૂંકાઈ રહેલી ઠંડી હવાઓને કારણે સમગ્ર દેશમાં તાપમાનમાં ઘટાડો થયો છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, હિમાચલ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢમાં તાપમાન 5થી નીચે પહોંચી ગયું છે. આ રાજ્યોના ઘણા જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાયું છે, જેના કારણે 8મા ધોરણ સુધીની શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. શાળાઓનો સમય પણ બદલાયો છે. યુપીમાં 20 ફ્લાઈટ્સ અને 100 ટ્રેનો મોડી ચાલી રહી છે. જયપુરમાં આજે વિઝિબિલિટી શૂન્ય છે, જેના કારણે 8 ફ્લાઈટ્સ મોડી ચાલી રહી છે.

મધ્યપ્રદેશના ભોપાલમાં જાન્યુઆરીની ઠંડીનો 10 વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. અહીં મંગળવારે 3.8 તાપમાન રહ્યું. બુધવારે છિંદવાડામાં 2 ડિગ્રી તાપમાન રહ્યું. દમોહ, ગુના, મુરૈનામાં ઝાકળ જામી ગઈ.

કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થવાથી ફરી એકવાર ઠંડી વધી ગઈ છે. આગામી 15 દિવસ ભારે હિમવર્ષાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ઉત્તરાખંડમાં પારો માઈનસ 9 ડિગ્રીએ પહોંચી ગયો છે, અહીં પાઈપલાઈનમાં પાણી જામી ગયું છે. જયપુર, અજમેર, કોટા, ભરતપુર, દૌસા સહિત ઘણા જિલ્લાઓમાં આજે પણ ગાઢ ધુમ્મસ છે. જયપુરમાં વિઝિબિલિટી શૂન્ય છે. કડકડતી ઠંડીના કારણે રાજસ્થાનના 25 જિલ્લાઓમાં 8મા ધોરણ સુધીની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. જોધપુરમાં સરકારી અને ખાનગી શાળાઓનો સમય સવારે 10 વાગ્યાથી કરવામાં આવ્યો છે. 10 જાન્યુઆરી સુધી ઠંડીમાંથી રાહત મળવાની શક્યતા નથી. રાજ્યના અડધા ભાગમાં ગાઢ ધુમ્મસ છવાયું છે તો ઘણા જિલ્લાઓમાં કોલ્ડ વેવ (શીતલહેર) અને કોલ્ડ ડે (ઠંડો દિવસ) ની અસર પણ છે. જેના કારણે રાતનું તાપમાન રેકોર્ડ 2 ડિગ્રી પર પહોંચી ગયું છે. ઈન્દોર, રાયસેન, ગ્વાલિયર અને નર્મદાપુરમના શાળાઓમાં બુધવારે પણ રજા રહેશે. દમોહ, મુરૈના અને છિંદવાડામાં ઝાકળના ટીપાં જામી ગયા છે. છિંદવાડામાં તાપમાન 2.2 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટવાની પુષ્ટિ થઈ છે.

પારો 3C થી નીચે પહોંચી ગયો છે. 15 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પહાડોમાંથી આવતી બર્ફીલી હવાઓએ ઠંડી અને ધ્રુજારી વધારી દીધી છે. બુધવારે સવારે લખનઉ, અલીગઢ, મુરાદાબાદ સહિત 35 શહેરોમાં ધુમ્મસ છવાયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી ત્રણ દિવસ કડકડતી ઠંડી પડશે. રાજ્યભરની 8મા ધોરણ સુધીની શાળાઓ 14 જાન્યુઆરી સુધી બંધ છે.

રાજ્યના 23 જિલ્લામાં શીતલહેરનું ઓરેન્જ એલર્ટ છે. હવામાન વિભાગ મુજબ, આગામી 4 દિવસમાં બિહારમાં લઘુત્તમ તાપમાન 4 ડિગ્રી સુધી ઘટી શકે છે. પટના, બેગુસરાય, દરભંગા સહિત 10 જિલ્લામાં ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું. ઘણા શહેરોમાં વિઝિબિલિટી શૂન્ય રહી. 10 જિલ્લાનું લઘુત્તમ તાપમાન 7 ડિગ્રી કે તેથી ઓછું નોંધાયું.



# અમદાવાદમાં ટ્રાફિક ભંગ બદલ નાગરિકો પાસેથી 413 કરોડની ઉઘરાણી, આ રકમ પોલીસના પગાર કરતા વધુ

**અમદાવાદ, તા.07**



અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ નાગરિકો પાસેથી બે વર્ષમાં કુલ 413 કરોડ રૂપિયા દંડપેટે વસુલવામાં આવ્યાં છે. આટલો અધધધ દંડ વસુલનાર પોલીસ કર્મચારીઓને ચૂકવાતાં પગાર કરતાં વધુ એટલે કે 413 કરોડની આવક સરકારી તિજોરીમાં થઈ છે. ટ્રાફિક પોલીસ દ્વારા વસુલવામાં આવતી દંડની આ રકમ સરકારમાં જમા થાય છે અને ટ્રાફિક સંદર્ભે સુવિધા, જનજાગૃતિ અને અકસ્માતો ઘટાડવા કાર્યવાહી કરવા માટે ગ્રાન્ટ સ્વરૂપે પરત આપવામાં આવતાં હોય છે. પણ, કમનસીબી એ છે કે, અમદાવાદમાં ટ્રાફિક દંડપેટે વસુલાયેલા અબજો રૂપિયા પડી રહ્યાં છે પણ સરકારમાંથી પરત આવવામાં વર્ષો વિતી જાય છે.

અમદાવાદમાં ટ્રાફિક પોલીસની સંખ્યા મંજુર મહેકમ કરતાં ઓછી છે છતાં વર્ષ 2024ની સરખામણીએ દંડ વસુલાતમાં ધરખમ વધારો થયો છે. વર્ષ 2024માં અમદાવાદ ટ્રાફિક પોલીસે 21.15 લાખ વાહનચાલકો પાસેથી 151 કરોડ દંડ વસુલ્યો હતો. તો, વર્ષ 2025માં 40 લાખ વાહનચાલકો પાસેથી 262 કરોડની તોસ્તાન દંડ વસુલાત કરવામાં આવી છે. બે વર્ષમાં કુલ 413 કરોડની દંડ વસુલાત કરાઈ છે ત્યારે લોકોમાં એવી ચર્ચા છે કે, પોલીસને ચૂકવાતાં પગાર કરતાં સરકારને દંડની આવક વધુ છે.

રસ્તા ઉપર પોલીસ કર્મચારીઓને ઉભા રાખીને સામાન્ય લોકો પાસે આડેધડ દંડની વસુલાત કરવામાં આવે છે. પ્રજા અને પોલીસ વચ્ચે ઘર્ષણ થાય તે રીતે આકરી દંડ વસુલાતના આદેશ કરવામાં આવે છે. બે વર્ષમાં 413 કરોડની દંડની આવક થઈ છે તે આ કામગીરી કરતાં પોલીસ કર્મચારીઓના પગાર કરતાં અચૂકપણે અનેકગણી વધારે હશે. એકંદર, રસ્તા ઉપર ઓછી પોલીસ દેખાતી હોવા છતાં ટ્રાફિક પોલીસે ગત વર્ષ કરતાં દંડપેટે 111 કરોડ વધુની કમાણી સરકારને કરી આપી છે.રસ્તાઓ ઉપર વાહન ચલાવવામાં નિયમોના ભંગ બદલ પ્રતિવર્ષ અબજો રૂપિયા વસુલવામાં આવે છે તે રકમ સીધી જ ગુજરાત સરકારમાં જમા થઈ જાય છે.

આ પૈસા ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ટ્રાફિક પોલીસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક કમિટીને જુદા - જુદા હેડમાં પરત ફાળવે છે. પ્રજા પાસેથી વસુલેલા દંડના પૈસાથી રોડ એન્જિનિયરીંગ ઉપરાંત રસ્તાઓ ઉપર ઝીબ્રા ક્રોસિંગ, ટ્રાફિક સિગ્નલ, જનજાગૃતિ તેમજ ટ્રાફિક નિયમન માટે જરૂરી સાધનોની ખરીદી કરવામાં આવે છે. પરંતુ, છેલ્લા બે-ત્રણ વર્ષ દરમિયાન ટ્રાફિક દંડપેટે વસુલવામાં આવેલા પૈસા ગ્રાન્ટ સ્વરૂપે અમદાવાદ મ્યુનિ. કે અમદાવાદ પોલીસને પરત મળ્યાં નથી તેમ સુત્રો કહે છે.

અમદાવાદ મ્યુનિ.ના સૂત્રોએ જણાવ્યું કે, શહેરના રસ્તાઓ ઉપર અકસ્માતો ઘટાડવા અને વાહનોની ગતિ મર્યાદા માટે બમ્પ ઝીબ્રા ક્રોસિંગ અને સ્ટ્રીપ્સ બનાવવા ઉપરાંત ચાર રસ્તાઓ ટ્રાફિક સિગ્નલ્સ લગાવવાની કામગીરી માટે ટ્રાફિક દંડની રકમમાંથી પચ્ચીસ ટકા શેરિંગ મ્યુનિસિપલ કોર્પોરેશનને અપાય છે. પણ, વર્ષ 2022-23થી અમદાવાદ મ્યુનિ.ને રેવન્યૂ શેરિંગ મળ્યું નથી. ટ્રાફિક દંડની ગ્રાન્ટરૂપે પરત મળતી રકમમાંથી અમદાવાદ ટ્રાફિક પોલીસ સાધનોની ખરીદી અને જનજાગૃતિ કેળવવા સહિતના આયોજનો કરે છે. પણ, ગુજરાત સરકારમાંથી ગ્રાન્ટ પરત ન થવા અંગે અમદાવાદ ટ્રાફિક પોલીસના સૂત્રો મૌન સેવી રહ્યાં છે. સરવાળે, પોલીસે દંડરૂપે વસુલેલા અબજો રૂપિયા જનહિતાર્થે પરત કરવામાં સરકાર ઠાગાઠૈયા કરી રહી હોવાની છાપ ઘેરી બની રહી છે.

વર્ષ 2025ની વિદાય થઈ તે સાથે જ ઠંડીનો દોર શરૂ થયો છે. સામાન્યતઃ ડીસેમ્બર મહિનાથી ઠંડીનું પ્રમાણ વધે છે તે સાથે જ અમદાવાદમાં હેલમેટ પહેરવાનું પ્રમાણ વધવા લાગે છે. ચાલુ વર્ષે ઠંડી મોડી શરૂ થઈ છે તેમ છતાં ઠંડીના ડરના કારણે લોકો હેલમેટ પહેરવા લાગતાં ડીસેમ્બર મહિનામાં હેલમેટ નહીં પહેરવા બદલ પોલીસ દ્વારા વસુલાતા દંડના કિસ્સા ઘટ્યા છે. વર્ષ 2024ની સરખામણીએ 1.18 લાખ ઓછા કેસ સાથે ડીસેમ્બર-2025માં હેલમેટ વગરના 1.68 લાખ લોકો પાસેથી 8.43 કરોડનો દંડ વસુલાયો હતો જે વર્ષ 2024 કરતાં 5.90 કરોડ રૂપિયા ઓછો રહેવા પામ્યો હતો. પોલીસની કડક કાર્યવાહી વચ્ચે ઠંડી વધતાં જ લોકો હેલમેટ પહેરવા લાગતાં ડિસેમ્બર મહિનામાં હેલમેટના કેસ ઘટ્યા છે. જો કે, પોલીસના મતે ટુ વ્હીલરચાલકોમાં જાગૃતિ કેળવાતાં હેલમેટ પહેરવાનું પ્રમાણ વધ્યું છે.

## ઘાટલોડિયામાં એકબાજુ સ્નેહાંજલિ તોડી તો બીજી બાજુ સરકારી જમીન પર બનેલા મકાનો 'કાયદેસર' કર્યા

**અમદાવાદ, તા.07**



અમદાવાદના વિવિધ વિસ્તારમાં રોજી રોટી મેળવતા લોકોના લારી-ગલ્લા ઉપાડતા કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે ઘાટલોડીયા વોર્ડમાં સરકારી જગ્યામાં બનેલા વીસથી વધુ મકાન પૈકી બે મકાનને ગુડા એકટ અંતર્ગત ઈમ્પેકટ ફી વસૂલીને નિયમિત કર્યા છે. સરકારી જગ્યામાં બંધાયેલા મકાનને નિયમિત કરાતા દેવમંદિર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી દ્વારા રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગના સેક્રેટરીને ફરિયાદ કરવામા આવી છે. આ મકાનોને નિયમિત કરવા કોર્પોરેશને આપેલા સર્ટીફિકેટ રદ કરવા લેખિત રજૂઆત કરી છે. હાલમા એપેલેટ ઓથોરીટી સમક્ષ સુનાવણી ચાલી રહી છે. સ્નેહાંજલિના કેસમાં બિલ્ડરની ભૂમિકા છતાં તમામ મકાન ગેરકાયદેસર હોવાનુ કહી કોર્પોરેશને તોડી પાડયા હતા. જયારે ઘાટલોડિયામા તો સરકારી જગ્યામાં બનેલા મકાન તોડવાના બદલે કોર્પોરેશન ઈમ્પેકટ ફી લઈ કાયદેસર કરી આપે છે.

શહેરી વિકાસ વિભાગના સેક્રેટરી સમક્ષ થયેલી ફરિયાદમાં સોસાયટીના સભ્યોએ જ પોતાની સોસાયટીની જમીનમાં આ બે મકાન આવતા નથી. તેમ છતાં તેમની સોસાયટીનો ઉલ્લેખ કરીને ઈમ્પેકટ ફી વસૂલી હોવાની રજૂઆત કરી છે. જે સંદર્ભમાં સુનાવણીનો આરંભ કરાયો છે. આ સમગ્ર ગેરરીતીમાં ઘાટલોડિયાના સ્થાનિક કોર્પોરેટર ઉપરાંત ઉત્તર-પશ્ચિમ ઝોન એસ્ટેટ વિભાગના ત્રણ અધિકારીઓની મિલીભગત હોવાથી તેમની સામે પણ કાર્યવાહી કરવામા આવે તેવી રહીશો તરફથી માંગણી કરાઈ રહી છે.

ઘાટલોડિયા વોર્ડમાં આવતી ચાંદલોડીયાની ટી.પી.સ્કીમ. નંબર-1ના ફાઈનલ પ્લોટ નંબર-59માં આવેલા મકાન નંબર-67 અને 68ના બાંધકામને કોર્પોરેશને ઈમ્પેકટ ફી વસૂલી નિયમિત કરી આપ્યા તેના નિયમિતકરણના હુકમમા દેવ મંદિર કો ઓપરેટીવ સોસાયટી તથા ફાઈનલ પ્લોટ નંબર-60નો સ્પષ્ટ ઉલ્લેખ કરવામા આવ્યો છે. જયારે દેવમંદિર કો ઓપરેટીવ સોસાયટીના રેવન્યુ રેકર્ડ મુજબ, મકાન નંબર-67 અને 68 સોસાયટીના ફાઈનલ પ્લોટની કુલ 8114 ચોરસ મીટર જમીન ઉપર આવેલા જ નથી. ગાંધીનગર એપેલેટ ઓથોરીટી સમક્ષ અપીલ દાખલ થયેલી છે. અત્યાર સુધીમાં પાંચ સુનાવણી થઈ ગઈ છે. તમામ સુનાવણી દરમિયાન ઉત્તર -પશ્ચિમ ઝોનના અધિકારીઓ દ્વારા તંત્રના બચાવ માટે વિરોધાભાસી જવાબ રજૂ કરવામા આવી રહયા છે.

ગાંધીનગર એપેલેટ ઓથોરીટી સમક્ષ ચાલતી સુનાવણી દરમિયાન મકાન નંબર-67 અને 68 જે જમીન ઉપર આવેલા છે તે જમીન સરકારને એલોટ કરવામા આવી છે. એફ ફોર્મ મુજબ પણ આ જમીન ઉપર કલેકટરનો હકક દર્શાવવામા આવેલો છે. આ પરિસ્થિતિમા પણ કોર્પોરેશનના એસ્ટેટ ખાતાએ ખાનગી મકાન કાયદા વિરુધ્ધ નિયમિત કર્યા જે શંકાસ્પદ બાબત છે. અધિકારીઓની ગેરરીતી હોવાનુ જણાઈ આવે છે. વર્ષ-2011મા મકાન નંબર-67 અને 68ના બાંધકામને કોર્પોરેશન તરફથી નિયમિત કરાયા હતા. બીજી તરફ સોસાયટીના 76 મકાનને માર્જિનની જગ્યામા બાંધકામ થયેલ હોવાથી નોટિસ અપાઈ હતી.

## નાયબ મુખ્યમંત્રીના આદેશથી આણંદમાં નવા બસ રૂટ શરૂ: વિદ્યાર્થીઓની રજૂઆત બાદ ડાકોર-બોરસદ માટે લોકલ બસ સેવા શરૂ

**આણંદ, તા.07**



નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના આદેશ બાદ આણંદમાં નવા બસ રૂટ શરૂ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની રજૂઆતને પગલે આણંદ-ડાકોર અને આણંદ-બોરસદ વચ્ચે નવી લોકલ બસ સેવા શરૂ કરાઈ છે. આ રૂટનું ઉદ્ઘાટન આણંદના ધારાસભ્ય અને મહાનુભાવો દ્વારા લીલી ઝંડી આપીને કરવામાં આવ્યું હતું.

ગતરોજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આણંદ બસ સ્ટેશનની આકસ્મિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બસમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. વિદ્યાર્થીઓએ તેમને બોરસદ અને ડાકોર માટે વધારાની બસ ટ્રીપ શરૂ કરવાની રજૂઆત કરી હતી, જેથી તેમને અવરજવરમાં સરળતા રહે.

વિદ્યાર્થીઓની રજૂઆત સાંભળીને નાયબ મુખ્યમંત્રીએ તાત્કાલિક આણંદ બસ સ્ટેશન પરથી જ ઉચ્ચ અધિકારીઓ સાથે ફોન પર વાત કરી હતી. તેમણે બોરસદ અને ડાકોર માટે બસ સેવાઓ તાત્કાલિક શરૂ કરવા સૂચના આપી હતી.

આ સૂચનાના અનુસંધાનમાં, આજે આણંદ તથા બોરસદ એસ.ટી. ડેપો દ્વારા નવીન આણંદ-ડાકોર અને આણંદ-બોરસદ લોકલ બસ સેવા શરૂ કરવામાં આવી છે. આણંદના ધારાસભ્ય અને અન્ય મહાનુભાવોએ બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે વિભાગીય નિયામક સી. ડી. મહાજન, ડી. ટી. ઓ. નાયી, આણંદ ડેપો મેનેજર કે. એમ. શ્રીમાળી, આણંદ એસ.ટી. ડેપોનો સ્ટાફ, નડિયાદ વિભાગીય કચેરીનો સ્ટાફ સહિત એસ.ટી. વિભાગના કર્મચારીઓ, મુસાફરો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# બિનખેતી (NA)ની મંજૂરી વખતે કલેક્ટર જમીનના ટાઈટલની તપાસ ના કરી શકે: ગુજરાત હાઈકોર્ટ

**અમદાવાદ, તા.07**



ગુજરાત હાઈકોર્ટે જમીનના બિન ખેતી (NA) ઉપયોગ માટે પરવાનગી આપવા સંબંધિત એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે જણાવ્યું છે કે જમીન રેવન્યુ કોડની કલમ 65 હેઠળ એનએ પરવાનગી માટે અરજીનું મૂલ્યાંકન કરતી વખતે સંયુક્ત અધિકારી (સંબંધિત કલેક્ટર)ને અરજદારના જમીનના માલિકી હક્ક (ટાઈટલ)ની તપાસ કરવાનો કોઈ અધિકારક્ષેત્ર નથી. આદેશ મુજબ, ફક્ત જમીન પર કબજો (ઓક્યુપન્સી) હોવું જ પરવાનગી માટે પર્યાપ્ત ગણાય છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભયાવદર ગામમાં સર્વે નં. 1332/પૈકી 1/પૈકી 1, કુલ 1-19-96 ચો. મી. જમીન ખરીદીને પેટ્રીશનર્સ (અરજદારો)ને રહેણાંક ઉપયોગ માટે NA પરવાનગીની અરજી કરી હતી. તેમના નામે રજિસ્ટર્ડ સેલ ડીડ અને રેવન્યુ રેકોર્ડમાં મ્યુટેશન એન્ટ્રી પણ થયેલી હતી. જો કે, ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર તથા રેવન્યુ વિભાગના સ્પેશિયલ સેક્રેટરી (અપીલ્સ)એ જમીનનો માલિકી હક્ક સ્પષ્ટ ન હોવાના કારણે આ અરજી નકારી હતી. જે બાદ અરજીદારે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે કોર્ટના પૂર્વના નિર્ણયોનો સંદર્ભ આપીને સ્પષ્ટ કર્યું કે, કલમ 65 ફક્ત જમીનના 'કબજેદાર' (ઓક્યુપન્ટ) વિશે છે, 'માલિક' (ઓનર) વિશે નહીં. પરવાનગી અરજીની તપાસ દરમિયાન અધિકારીની ફરજ માત્ર એ ચકાસવાની છે કે, અરજદાર જમીનનો કાયમી કબજેદાર છે કે નહીં? માલિકી હક્કના જટિલ પ્રશ્નોનું નિરાકરણ સિવિલ કોર્ટની અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, રેવન્યુ અધિકારીની નહીં. કોર્ટે નોંધ્યું કે આ જ જમીન માટે પહેલાં (વર્ષ 2008માં) એનએ પરવાનગી મંજૂર થઈ હતી, રાજકોટ શહેરી વિકાસ પ્રાધિકરણ (આરયુડીએ) દ્વારા લેઆઉટ પ્લાન મંજૂર કરવામાં પણ અરજદારોનો માલિકી હક્ક પ્રશ્નાર્થ લેવામાં નહોતો આવ્યો.

ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપતા ડેપ્યુટી કલેક્ટર, ધોરાજી તારીખ 30.05.2015 અને સ્પેશિયલ સેક્રેટરી (અપીલ્સ) તારીખ 05.04.2016ના આદેશો રદ કરી દીધા છે, કારણ કે તેમણે કલમ 65ની મર્યાદા ઓળંગી અધિકારક્ષેત્રનો અતિક્રમણ કર્યો હતો. કોર્ટે સક્ષમ અધિકારીને નિર્દેશ આપ્યો છે કે તેઓ હવે અરજદારોની એનએ પરવાનગીની અરજી પર આ ચુકાદાની પ્રાપ્તિના છ અઠવાડિયા અંદર, કાયદાની મર્યાદામાં રહીને નવો ચુકાદો આપે.

આ ચુકાદાથી હજારો નાગરિકોને લાભ થશે જેમણે જમીન ખરીદી છે, પરંતુ માલિકી હકની ઔપચારિકતાઓ અધૂરી રહેવા કે તકરાર હોવાના કારણે N.A. પરવાનગીથી વંચિત રહ્યા છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે રેવન્યુ અધિકારીઓએ એનએ અરજીની તપાસ દરમિયાન માત્ર 'કબજો' એ જ કસોટી માનવી જોઈએ, માલિકી નહીં. આ ચુકાદો ભૂમિ-વહીવટમાં વધુ પારદર્શિતા અને નાગરિક-હિતૈષી અભિગમને પ્રોત્સાહન મળશે.

## ફતેપુરા પાસે ટ્રક અને 3 પિકઅપ વચ્ચે અકસ્માત : 1 નું મોત, 2 ને ગંભીર ઈજા

### ઈજાગ્રસ્તોને આણંદ બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખસેડાયા, પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

**નડિયાદ, તા.07**



અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર મંગળવારે વહેલી સવારે નડિયાદથી આણંદ વચ્ચે આવેલા ફતેપુરા ગામ પાસે એક ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. પૂરપાટ ઝડપે જતી ટ્રકે સવસ લાઈન પાસે ઉભેલી ત્રણ પિકઅપ વાનને ટક્કર મારતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ૨ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.

નડિયાદથી આણંદ વચ્ચેના એક્સપ્રેસ હાઈવે પર ફતેપુરા પાસે ત્રણ પિકઅપ વાન સવસ લાઈન નજીક ઉભી હતી. આ સમયે અમદાવાદથી વડોદરા તરફ જતી એક ટ્રકના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને ઉભેલી પિકઅપ વાન પાછળ ટ્રક ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કરથી પિકઅપ વાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર પસાર થતા અન્ય વાહનચાલકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળાં એકઠાં થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને હાઈવે પેટ્રોલિંગની ટીમ તુરંત સ્થળ પર પહોંચી ગઈ હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ૨ વ્યક્તિને પ્રાથમિક સારવાર માટે તાત્કાલિક આણંદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની તબિયત વધુ લથડતા વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા જ ચકલાસી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી હતી. આ અકસ્માતને કારણે એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારથી જ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે, વાહનો રસ્તા પર જ ફસાઈ જતા આશરે ૩થી ૪ કિલોમીટર સુધીનો ટ્રાફિકજામ સર્જાયો હતો. હાઈવે પેટ્રોલિંગની ટીમે ક્રેન મંગાવી અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી, ત્યારબાદ વાહન વ્યવહાર પૂર્વવત થયો હતો. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. એક્સપ્રેસ હાઈવે પર વાહનો ઉભા રાખવા જોખમી હોવા છતાં સવસ લાઈન પર ઉભેલા વાહનો પાછળ ટ્રક ઘૂસી જતા અનેક સવાલો ઉભા થયા છે.

## અમદાવાદના ગુલબાઈ ટેકરા પાસે હિટ એન્ડ રનની ઘટનામાં 54 વર્ષીય શખ્સનું મોત, ચાલક ફરાર....

**અમદાવાદ, તા.07**



અમદાવાદના ગુલબાઈ ટેકરા ત્રણ રસ્તા પાસે ગઈકાલે સવારે એક હિટ એન્ડ રનની ઘટના બની હતી. પૂરઝડપે આવતા એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે અન્ય ટુ-વ્હીલરને ટક્કર મારતા 54 વર્ષીય રાજનકુમાર શાહનું ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે. અકસ્માત સર્જ્યા બાદ માનવતા નેવે મૂકીને અજાણ્યો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો, જેની સામે હવે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા 54 વર્ષીય રાજનકુમાર અશ્વિનભાઈ શાહ મંગળવાર, 06 જાન્યુઆરી, 2026ના રોજ સવારે આશરે 10:00 વાગ્યે પોતાનું ટુ વ્હીલર લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. તેઓ જ્યારે ગુલબાઈ ટેકરા ત્રણ રસ્તા પાસે આવેલા ગોયલ ટાવર સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કાળ બનીને આવેલા એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે પોતાનું વાહન બેદરકારી અને પૂરઝડપે હંકારી રાજનકુમારની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે રાજનકુમાર રોડ પર પટકાયા હતા અને તેમને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, પરંતુ અકસ્માત સર્જનાર ચાલક મદદ કરવાને બદલે ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ ઘટનાસ્થળે હાજર હર્ષભાઈ રાવલ અને ભાર્ગવભાઈ પંચાલ જેવા પ્રત્યક્ષદર્શીઓએ તુરંત 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. લોહીલુહાણ હાલતમાં રાજનકુમારને તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબોએ સવારે 10:45 વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના મોટા ભાઈ પરેશભાઈ શાહે આ અંગે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

## અમદાવાદમાં ગટર કામ દરમિયાન દુર્ઘટના: માટી ધસી પડતા મજૂર દટાયો, જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ.....

**અમદાવાદ, તા.07**



અમદાવાદના ન્યૂ મણિનગર વિસ્તારમાં ગટર લાઈનના ખોદકામ દરમિયાન માટી ધસી પડતાં એક શ્રમિક દટાઈ જવાની ગંભીર ઘટના બની છે. આ ઘટનાથી કોન્ટ્રાક્ટર તેમજ તંત્રની ભારે બેદરકારી સામે આવી છે. ઘટનાના પગલે વિસ્તારના સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ગટર લાઈન માટે ચાલી રહેલા ખોદકામ દરમિયાન શ્રમિકોને કોઈપણ પ્રકારના સેફ્ટી સાધનો આપવામાં આવ્યા નહોતા. હેલ્મેટ, સેફ્ટી બેલ્ટ જેવી મૂળભૂત વ્યવસ્થાઓના અભાવે આ દુર્ઘટના ઘટી હોવાનું સ્થાનિકોનું કહેવું છે. એટલું જ નહીં, કામની જગ્યાએ કોઈ જવાબદાર સાઈટ એન્જિનિયર હાજર ન હોવા ઉપરાંત ખોદાણ વિસ્તાર આસપાસ બેરિકેડિંગ પણ ન કરવામાં આવતા સામાન્ય નાગરિકો માટે પણ મોટું જોખમ ઊભું થયું હતું.

ઘટના બાદ સ્થાનિકોએ કોન્ટ્રાક્ટર અને સંબંધિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. લોકોનું કહેવું છે કે બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ સામે તાત્કાલિક સાપરાધ માનવ વધનો ગુનો નોંધવો જોઈએ. સાથે જ જવાબદાર સરકારી અધિકારીઓને ફરજમુક્ત કરી કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરી કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવાની પણ એકસૂરે માંગ કરવામાં આવી રહી છે.

## આમંત્રણ વિઝા કન્સલ્ટન્ટને રૂ. 35.57 લાખના ચેક રિટર્નના કેસમાં એક વર્ષની કેદ

### આરોપીને ચેકની મૂળ રકમ વાર્ષિક 9 ટકા વ્યાજ ઉમેરીને ફરિયાદીને ચૂકવવાનો કોર્ટ દ્વારા આદેશ



**કપડવંજ, તા.07**

વિઝાના નામે છેતરપિંડી અને ચેક રિટર્નના વધતા કિસ્સાઓ વચ્ચે કપડવંજ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ૩૫.૫૭ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપી હિતેશ નગીનભાઈ પટેલને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે, સાથે જ ફરિયાદીને વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે રકમ ચૂકવવાનો હુકમ કર્યો છે.

નડિયાદના રહેવાસી ભાવેશકુમાર પ્રભુદાસભાઈ દરજીએ પોતાના પુત્રને કેનેડા અભ્યાસ અર્થે મોકલવા માટે 'આમંત્રણ વિઝા કન્સલ્ટ'ના એજન્ટ હિતેશ નગીનભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો. એજન્ટ દ્વારા કુલ રૂ. ૭૨,૭૪,૮૨૭ની માંગણી કરવામાં આવી હતી, જેની સામે ફરિયાદીએ રૂ. ૪૦,૫૭,૮૨૭ ચૂકવ્યા હતા. જોકે, કેનેડાના વિઝા રિજેક્ટ થતા ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી હતી. રકમ પરત કરવાના વાયદા સાથે આરોપીએ રૂ. ૩૫,૫૭,૮૨૭નો ચેક આપ્યો હતો અને વિશ્વાસ આપ્યો હતો કે બેંકમાં રજૂ કરતા નાણાં મળી જશે. પરંતુ બેંકમાં અપૂરતા ભંડોળના કારણે ચેક પરત ફર્યો હતો. ચેક રિટર્ન થયા બાદ ફરિયાદીએ વકીલ મારફતે નોટિસ મોકલી હતી, જેની બજવણી થયા છતાં આરોપીએ રકમ પરત કરી નહોતી. અંતે આ મામલો કપડવંજની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં પહોંચ્યો હતો. જે કેસ ચાલી જતા કોર્ટે આરોપી હિતેશ પટેલને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની મૂળ રકમ રૂ. ૩૫,૫૭,૮૨૭ પર વાષક ૯ ટકા વ્યાજ ઉમેરીને ફરિયાદીને ચૂકવવાનો આદેશ કર્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ટ્રમ્પ વેનેઝુએલા પાસેથી 5 કરોડ બેરલ તેલ લેશે: કહ્યું- કમાણી પર પણ મારું નિયંત્રણ રહેશે, જેનાથી બંને દેશોને ફાયદો થશે

**વોશિંગ્ટન, તા.07**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ અમેરિકાને 3 થી 5 કરોડ બેરલ પ્રતિબંધિત તેલ સોંપશે. ટ્રમ્પે જણાવ્યું કે આ તેલ બજાર ભાવે વેચવામાં આવશે. તેમાંથી મળતી રકમ પર ટ્રમ્પનું નિયંત્રણ રહેશે.

5 કરોડ બેરલ ક્રૂડ ઓઈલની કિંમત હાલમાં લગભગ 25 હજાર કરોડ રૂપિયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ અનુસાર તેનો ઉપયોગ વેનેઝુએલા અને અમેરિકાના લોકોના હિતમાં કરવામાં આવશે.



ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે તેમણે ઊર્જા મંત્રી ક્રિસ રાઈટને આ યોજનાને તાત્કાલિક લાગુ કરવાના નિર્દેશ આપ્યા છે. તેલને સ્ટોરેજ જહાજો દ્વારા સીધા અમેરિકાના બંદરો સુધી લાવવામાં આવશે.

નોંધનીય છે કે 2 જાન્યુઆરીએ અમેરિકાએ વેનેઝુએલા પર સૈન્ય કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહીમાં રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સીલિયા ફ્લોરેસને ધરપકડ કરીને અમેરિકા લાવવામાં આવ્યા. ત્યારબાદ ટ્રમ્પે ત્યાં ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને કાર્યકારી રાષ્ટ્રપતિ બનાવવા માટે સમર્થન આપ્યું હતું.

માદુરોની ધરપકડ બાદ ટ્રમ્પે કહ્યું કે અમેરિકી તેલ કંપનીઓ વેનેઝુએલાના ખરાબ થઈ ગયેલા તેલ માળખાને સુધારવા માટે અબજો ડોલરનું રોકાણ કરશે. આનાથી વેનેઝુએલાને ફરીથી તેલ ઉત્પાદનમાંથી કમાણી શરૂ કરવામાં મદદ મળશે.

ફ્લોરિડામાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પે કહ્યું કે અમેરિકા હવે તેલ વેચવાના વ્યવસાયમાં છે અને અન્ય દેશોને પણ તેલ સપ્લાય કરશે. તેમણે કહ્યું કે ખરાબ માળખાને કારણે વેનેઝુએલા પોતે વધુ તેલ કાઢી શકતું ન હતું.

આ પહેલાં ટ્રમ્પે સોમવારે પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું હતું કે આપણને ડેલ્સી રોડ્રિગ્ઝ દ્વારા વેનેઝુએલા સુધી સંપૂર્ણ પહોંચ જોઈએ. ટ્રમ્પે વેનેઝુએલાને મૃત દેશ ગણાવતા કહ્યું કે તેને ફરીથી ઊભો કરવો જરૂરી છે. તેમણે કહ્યું-

ટ્રમ્પનો દાવો છે કે વેનેઝુએલાએ અમેરિકી કંપનીઓના તેલ અધિકારો ગેરકાયદેસર રીતે છીનવી લીધા હતા. ખરેખરમાં, 1976માં વેનેઝુએલાની સરકારે (રાષ્ટ્રપતિ કાર્લોસ આન્દ્રેસ પેરેઝના સમયમાં) સમગ્ર તેલ ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કર્યું. એનો અર્થ એ હતો કે વિદેશી તેલ કંપનીઓ (મોટાભાગે અમેરિકી, જેમ કે એક્સોન, ગલ્ફ ઓઈલ, મોબીલ વગેરે) જે દાયકાઓથી ત્યાં તેલ કાઢી રહી હતી, તેમના તમામ ઓપરેશન્સ અને સંપત્તિઓ વેનેઝુએલાની નવી સરકારી કંપની પેટ્રોલિયોસ ડે વેનેઝુએલા (PDVSA) પાસે જતી રહી. આ રાષ્ટ્રીયકરણ કાયદેસર રીતે થયું અને કંપનીઓને વળતર પણ આપવામાં આવ્યું, જોકે કેટલીક કંપનીઓ આનાથી ખુશ ન હતી. તે સમયે અમેરિકી કંપનીઓએ વેનેઝુએલામાં તેલ ઉદ્યોગ વિકસાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી, તેથી કેટલાક લોકો તેને હજુ પણ અમેરિકી સંપત્તિ કહે છે. અમેરિકાએ વેનેઝુએલામાં લશ્કરી કાર્યવાહી કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને સત્તા પરથી હટાવી દીધા છે. 2 જાન્યુઆરીની રાત્રે અમેરિકી સૈનિકોએ ઓપરેશન ચલાવીને માદુરો અને તેમની પત્ની સીલિયા ફ્લોરેસને અટકાયતમાં લીધા હતા. આ સાથે જ વેનેઝુએલામાં માદુરોનું શાસન સમાપ્ત થઈ ગયું.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યવાહીને વેનેઝુએલામાં "લોકશાહી પુનઃસ્થાપિત કરવાની દિશામાં એક આવશ્યક પગલું" ગણાવ્યું છે. ટ્રમ્પ પ્રશાસનનો દાવો છે કે માદુરો લાંબા સમયથી ડ્રગ્સ અને હથિયારોની તસ્કરીના નેટવર્ક સાથે સંકળાયેલા હતા.

અમેરિકી કાર્યવાહી બાદ માદુરો અને તેમની પત્નીને ન્યૂયોર્ક લાવવામાં આવ્યા, જ્યાં તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. તેમના પર અમેરિકામાં હથિયારો અને ડ્રગ્સની તસ્કરી સાથે સંકળાયેલા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે.

આ મામલે માદુરોની પત્ની સીલિયા ફ્લોરેસને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. અમેરિકી એજન્સીઓનું કહેવું છે કે ફ્લોરેસ પર અપહરણ અને હત્યાઓના આદેશ આપવાના આરોપો છે. આ કાર્યવાહી બાદ લેટિન અમેરિકી દેશોમાં તણાવ પણ વધી ગયો છે.

## કોલંબિયાના રાષ્ટ્રપતિની ટ્રમ્પને ધમકી: કહ્યું- હિંમત હોય તો મને પકડીને બતાવો, ક્યારેક વેનેઝુએલાના રાષ્ટ્રપતિએ પણ આવી ધમકી આપી હતી

**બોગોટા, તા.07**

વેનેઝુએલામાં અમેરિકાની સૈન્ય કાર્યવાહી પછી અમેરિકા અને લેટિન અમેરિકાના દેશો વચ્ચે તણાવ ખૂબ વધી ગયો છે. આ સમગ્ર મામલે હવે કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવ પેટ્રોએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ખુલ્લો પડકાર ફેંક્યો છે. પેટ્રોએ ટ્રમ્પને કહ્યું છે કે જો હિંમત હોય તો આવો અને મને પકડીને બતાવો, હું અહીં જ છું અને તમારી રાહ જોઈ રહ્યો છું. કોલંબિયાના રાષ્ટ્રપતિએ સોમવારે કહ્યું કે જો અમેરિકા કોલંબિયા કે આસપાસના વિસ્તારોમાં હુમલો કરશે તો તેની ખૂબ મોટી અસર થશે. તેમણે કહ્યું કે જો અમેરિકા બોમ્બમારો કરશે તો ગામડાઓમાં રહેતા ખેડૂતો હથિયાર ઉઠાવી શકે છે અને પહાડોમાં જઈને ગેરિલા યુદ્ધ શરૂ થઈ શકે છે.



પેટ્રોએ એ પણ ચેતવણી આપી કે જો તે રાષ્ટ્રપતિને પકડવાનો પ્રયાસ કરવામાં આવ્યો, જેને દેશની મોટી વસ્તી પસંદ કરે છે અને સન્માન આપે છે, તો જનતાનો ગુસ્સો ફાટી નીકળશે અને પરિસ્થિતિ બેકાબૂ બની જશે.

આ પહેલા વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ પણ ઓગસ્ટ મહિનામાં ટ્રમ્પને પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે જો હિંમત હોય તો આવીને તેમને પકડીને બતાવે. આ પછી અમેરિકાએ માદુરોની ધરપકડ પર ઈનામની રકમ વધુ વધારી દીધી હતી.

ગુસ્તાવો પેટ્રોએ એમ પણ કહ્યું કે તેઓ પોતે પહેલાં ગેરિલા આંદોલનનો ભાગ રહી ચૂક્યા છે અને તેમણે 1990ના દાયકામાં હથિયાર છોડી દીધા હતા. તેમણે કહ્યું કે તેમણે કસમ ખાધી હતી કે હવે ક્યારેય બંદૂક નહીં ઉઠાવે, પરંતુ જો દેશ અને માતૃભૂમિની રક્ષા માટે જરૂર પડી તો તેઓ ફરીથી હથિયાર ઉઠાવી શકે છે.

આ પહેલા ટ્રમ્પે કોલંબિયા પર ગંભીર આરોપો લગાવ્યા હતા. રવિવારે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું હતું કે કોલંબિયા એક બીમાર દેશ છે અને ત્યાં એક એવી વ્યક્તિ શાસન કરી રહી છે જે કોકેઈન બનાવીને અમેરિકા મોકલે છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે આ રાષ્ટ્રપતિ લાંબા સમય સુધી સત્તામાં નહીં રહે. એટલું જ નહીં, ટ્રમ્પે એવું નિવેદન પણ આપ્યું કે કોલંબિયા વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરવી તેમને એક સારો વિચાર લાગે છે.

કોલંબિયા સરકારે આ નિવેદનો પર પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે તે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં વાતચીત, સહયોગ અને પરસ્પર સન્માનમાં વિશ્વાસ રાખે છે. સરકારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈપણ દેશને ધમકી આપવી કે તાકાતનો ઉપયોગ કરવો યોગ્ય નથી અને તે આંતરરાષ્ટ્રીય નિયમોની વિરુદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ઓક્ટોબર મહિનામાં ટ્રમ્પ પ્રશાસને કોલંબિયાના રાષ્ટ્રપતિ પેટ્રો અને તેમના પરિવારના કેટલાક સભ્યો પર ડ્રગ તસ્કરી સાથે જોડાયેલા સંબંધોના આરોપ લગાવતા પ્રતિબંધો લગાવ્યા હતા.

કોલંબિયા વિશ્વનો સૌથી મોટો કોકેઈન ઉત્પાદક દેશ માનવામાં આવે છે. કોકેઈન બનાવવા માટે ઉપયોગમાં લેવાતો કોકા છોડ કોલંબિયા, પેરુ અને બોલિવિયા જેવા દેશોમાં ઉગાડવામાં આવે છે.

વ્હાઈટ હાઉસે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો જાહેર કર્યો, જેમાં માદુરોના જૂના નિવેદનો અને અમેરિકી કાર્યવાહીના વીડિયો દર્શાવવામાં આવ્યા હતા.

## બાંગ્લાદેશમાં નહેરમાં કૂદવાથી હિંદુ યુવકનું મોત: લોકોએ ચોરીના આરોપમાં પીછો કર્યો, બચવા માટે પાણીમાં છલાંગ લગાવી.....

**ઢાકા, તા.07**

બાંગ્લાદેશના નાઓગાંવ જિલ્લામાં નહેરમાં કૂદવાથી 25 વર્ષના હિંદુ યુવકનું મૃત્યુ થયું. આ ઘટના મંગળવારે બપોરની છે. મૃતકની ઓળખ ભંડારપુર ગામના રહેવાસી મિથુન સરકાર તરીકે થઈ છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, કેટલાક લોકોએ હાટ ચકગૌરી બજાર વિસ્તારમાં મિથુન પર ચોરીનો આરોપ લગાવીને તેનો પીછો કર્યો. બચવાની કોશિશમાં તે નજીકની નહેરમાં કૂદી પડ્યો અને ગુમ થઈ ગયો.



બાદમાં સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી. પોલીસ અને ફાયર સર્વિસની ટીમે બચાવ કામગીરી શરૂ કરી. લગભગ ચાર કલાક પછી સાંજે 4 વાગ્યે ગોતાખોરોની મદદથી મિથુનનો મૃતદેહ નહેરમાંથી બહાર કાઢવામાં આવ્યો. પ્રાથમિક તપાસ બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જનરલ હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે હજુ સુધી એ પુષ્ટિ કરી નથી કે મૃતક ખરેખર ચોરીમાં સામેલ હતો કે નહીં.

બાંગ્લાદેશમાં છેલ્લા કેટલાક મહિનામાં હિંદુઓ વિરુદ્ધ હુમલા સતત વધ્યા છે. સોમવારે રાત્રે નરસિંધી જિલ્લામાં એક હિંદુ દુકાનદારની તીક્ષ્ણ હથિયારો વડે હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ 40 વર્ષીય શરત ચક્રવર્તી મણિ તરીકે થઈ છે. છેલ્લા 18 દિવસમાં આ છઠ્ઠા હિંદુ વ્યક્તિની હત્યા છે. શરત ચક્રવર્તી મણિ પલાશ ઉપજિલ્લાના ચારસિંદૂર બજારમાં પોતાની કરિયાણાની દુકાન ચલાવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક આવેલા અજાણ્યા હુમલાખોરોએ તેમના પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો અને સ્થળ પરથી ફરાર થઈ ગયા. ગંભીર રીતે ઘાયલ મણિને હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું મૃત્યુ થયું. પોલીસ મામલાની તપાસ કરી રહી છે. 19 ડિસેમ્બરે મણિએ ફેસબુક પર એક પોસ્ટ લખીને દેશમાં વધતી હિંસા પર ચિંતા વ્યક્ત કરી હતી અને પોતાના વિસ્તારને મોતની ખીણ ગણાવ્યો હતો. 5 જાન્યુઆરીએ જ જેસોર જિલ્લામાં પણ એક હિંદુ વ્યક્તિની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. મોનિરામપુર વિસ્તારમાં એક આઈસ ફેક્ટરી માલિક રાણા પ્રતાપ બૈરાગીની જાહેરમાં હત્યા થઈ.

તેઓ કપલિયા બજારમાં આઈસ ફેક્ટરી ચલાવતા હતા અને દૈનિક 'બીડી ખબર' અખબારના કાર્યકારી સંપાદક પણ હતા.

રિપોર્ટ અનુસાર, બાઈક પર સવાર ત્રણ હુમલાખોરો તેમને ફેક્ટરીમાંથી બહાર બોલાવીને એક ગલીમાં લઈ ગયા અને માથામાં નજીકથી ગોળી મારીને ફરાર થઈ ગયા. તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

## જયશંકરે વેનેઝુએલાની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી: કહ્યું- અમારા સંબંધો સારા છે, વાતચીતથી સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ, અમેરિકાએ હુમલો કર્યો હતો.....

**નવી દિલ્હી, તા.07**

ભારતીય વિદેશ મંત્રી જયશંકરે વેનેઝુએલાની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે વેનેઝુએલા સાથે ભારતના સારા સંબંધો રહ્યા છે. આ સમયે તમામ પક્ષોએ એવો ઉકેલ શોધવો જોઈએ જે ત્યાંના લોકોના હિતમાં હોય.

ભારતે સાથે જ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે તમામ સંબંધિત પક્ષોને સંવાદ અને શાંતિપૂર્ણ સમાધાન અપનાવવાની પણ અપીલ કરી છે.

અમેરિકાએ 2 જાન્યુઆરીની રાત્રે વેનેઝુએલા પર હુમલો કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પત્ની સહિત ધરપકડ કરી હતી. તેમને ન્યૂયોર્કની જેલમાં રાખવામાં આવ્યા છે.

આ પહેલા સોમવારે વિદેશ મંત્રાલય (MEA) એ પણ નિવેદન જારી કરીને કહ્યું હતું કે વેનેઝુએલામાં તાજેતરની ઘટનાઓ ગંભીર ચિંતાનો વિષય છે અને ભારત સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.



વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત વેનેઝુએલાની જનતાની સુરક્ષા અને ભલાઈના સમર્થનમાં ઊભું છે. તમામ પક્ષોને શાંતિપૂર્ણ સંવાદ દ્વારા સમસ્યા ઉકેલવા અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા અપીલ કરવામાં આવી છે.

સાથે જ જણાવવામાં આવ્યું કે કારાકાસમાં ભારતીય દૂતાવાસ ત્યાં રહેતા ભારતીય નાગરિકોના સંપર્કમાં છે અને શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવી રહી છે.

આ ઉપરાંત ભારત સરકારે એક એડવાઈઝરી જારી કરીને ભારતીય નાગરિકોને વેનેઝુએલાની બિન-જરૂરી મુસાફરી ટાળવા જણાવ્યું હતું. જ્યારે, વેનેઝુએલામાં રહેતા ભારતીયોને અત્યંત સાવચેત રહેવા અને તેમની અવરજવર મર્યાદિત રાખવાની સલાહ આપવામાં આવી હતી.

વેનેઝુએલા પર અમેરિકી હુમલા બાદ ઘણા દેશોએ ચિંતા વ્યક્ત કરી હતી. જેમાં રશિયા, ચીન અને ઈરાન પણ સામેલ હતા.

ફોરમમાં વિદેશ મંત્રી જયશંકરે કહ્યું છે કે આજના સમયમાં મોટાભાગના દેશો તે જ પગલાં ભરે છે, જેનાથી તેમનો પોતાનો ફાયદો થાય. પરંતુ તેમ છતાં તેઓ ભારતને માંગ્યા વગર 'મફતની સલાહ' આપવાનું ચૂકતા નથી.

અમેરિકાએ વેનેઝુએલામાં સૈન્ય કાર્યવાહી કરતા રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને સત્તા પરથી હટાવ્યા. 2 જાન્યુઆરીની રાત્રે અમેરિકી સૈનિકોએ ઓપરેશન ચલાવીને માદુરો અને તેમની પત્ની સીલિયા ફ્લોરેસને કસ્ટડીમાં લીધા હતા. આ સાથે જ વેનેઝુએલામાં માદુરોનું શાસન સમાપ્ત થઈ ગયું.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યવાહીને વેનેઝુએલામાં "લોકશાહી પુનઃસ્થાપિત કરવાની દિશામાં જરૂરી પગલું" ગણાવ્યું છે. ટ્રમ્પ પ્રશાસનનો દાવો છે કે માદુરો લાંબા સમયથી ડ્રગ્સ અને હથિયારોની તસ્કરીના નેટવર્ક સાથે સંકળાયેલા હતા.

અમેરિકી કાર્યવાહી બાદ માદુરો અને તેમની પત્નીને ન્યૂયોર્ક લાવવામાં આવ્યા, જ્યાં તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. તેમના પર અમેરિકામાં હથિયારો અને ડ્રગ્સની તસ્કરી સાથે સંકળાયેલા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે.

આ કેસમાં માદુરોની પત્ની સીલિયા ફ્લોરેસને પણ આરોપી બનાવવામાં આવી છે. અમેરિકી એજન્સીઓનું કહેવું છે કે ફ્લોરેસ પર અપહરણ અને હત્યાઓના આદેશ આપવાના આરોપો છે. આ કાર્યવાહી બાદ લેટિન અમેરિકી દેશોમાં તણાવ પણ વધી ગયો છે.

# અમેરિકાની પાવર ગેમથી ઘણા દેશો પાયમાલ થઈ ગયા

## ઈરાન, બ્રાઝિલ, પનામા, ઈરાક, અફઘાનિસ્તાન, કોંગો અનેક દેશોમાં અમેરિકાએ ઘુસી યુદ્ધ કરીને ત્યાંની પ્રજાને નિરાધાર વિસ્થાપિત અને કંગાળ કરી દીધી

અમેરિકાએ દાયકાઓથી પોતાની પાવર ગેમની ઘેલછાને લોકશાહી, માનવ અધિકાર, સહાનુભુતી અને સંવેદનાના વાઘા પહેરાવીને અન્ય દેશો ઉપર આક્રમણ કરવાનો અને ત્યાંની સત્તા પોતાને હસ્તક કરવાનો અબાધિત અધિકાર આપ્યો હોય તેવું જ વર્તન કર્યું છે : અમેરિકાએ 1953માં ઈરાનને બરબાદ કર્યું અને બાદમાં ગ્વાટેમાલામાં ઓપરેશન સક્સેસ શરૂ કર્યું. ઘણા લાંબો સમય સુધી ચાલેલા આ ઓપરેશનમાં 2 લાખ કરતા વધારે લોકનાં મોત થયા હતા. તેવી જ રીતે કોંગોમાં અમેરિકાએ 1960માં પ્રમુખ લુમુમ્બાની સત્તા ઉથલાવવા કાવતરા શરૂ કરી દીધા. કોંગોના તત્કાલિન લશ્કરી વડા જોસેફ મોબુટુએ સત્તા હાથમાં લીધી અને લુમુમ્બાને મૃત્યુદંડ આપી દીધો : અફઘાનિસ્તાનને ૨૦૦૧માં અમેરિકાએ ભીંસમાં લીધું હતું. ટ્વિન ટાવર હુમલા બાદ અમેરિકાએ અફઘાનિસ્તાનમાં આતંકવાદ વિરુદ્ધ ઓપરેશન શરૂ કર્યા હતા. અમેરિકાએ અબજો ડોલર ખર્ચીને ત્યાં કામગીરી કરી, સરકાર ચલાવી અને પોતાની ગમતી કામગીરીઓ કરાવી છતાં કંઈ વળ્યું નહીં. 2021માં અમેરિકી સૈન્ય એકાએક નાસી ગયું

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલા ઉપર આક્રમણ કરાવ્યું, ત્યાંના રાષ્ટ્રપ્રમુખ માદુરોનું અપહરણ કરાવીને તેમની ધરપકડ કરી લીધી અને હવે વેનેઝુએલાના તેલના કુવા અને અન્ય અન્ય કામગીરીઓ સાથે સમગ્ર દેશ પોતાના હસ્તક કરી લેવાની જાહેરાત કરી દીધી છે. બીજી તરફ રેર અર્થ મિનરલ્સ લેવા માટે વલખાં મારતા અને ચીન ઉપર આધાર રાખવો ન પડે તે માટે અમેરિકાએ હવે તેની કુદ્રષ્ટી ગ્રીનલેન્ડ અને ક્યુબા ઉપર જમાવી છે. તે આ બંને દેશો પણ પચાવી પાડવા માગે છે. જાણકારો માને છે કે, અમેરિકાએ દાયકાઓથી પોતાની પાવર ગેમની ઘેલછાને લોકશાહી, માનવ અધિકાર, સહાનુભુતી અને સંવેદનાના વાઘા પહેરાવીને અન્ય દેશો ઉપર આક્રમણ કરવાનો અને ત્યાંની સત્તા પોતાને હસ્તક કરવાનો અબાધિત અધિકાર આપ્યો હોય તેવું જ વર્તન કર્યું છે. અન્ય દેશો એકબીજાની સામે પડે તો અમેરિકાને વાંધો પડે છે પણ અમેરિકા કોઈ દેશમાં ઘુસીને ત્યાંના પ્રમુખ અને સત્તાધિશોને લઈ આવે કે ઠાર કરે તો તેને ન્યાય ગણવામાં આવે છે. અમેરિકાની બીજા દેશોમાં સત્તા પરિવર્તન કરવાની ઘેલછાએ અનેક દેશનો પાયમાલ કરી નાખ્યા છે, ત્યાંની પ્રજા કંગાળ અને પાયમાલ થઈ ગઈ છે.

અમેરિકાની આ દંભી જગતજમાદારી ૧૯૫૩માં પહેલી વખત ઈરાન ઉપર કેર બનીને વરસી હતી. તે વખતે ઈરાનનું શાસન વડા પ્રધાન મોહમ્મદ મોસાદેહના હાથમાં હતું. અમેરિકાના પૂર્વ પ્રમુખ થીઓડર રુઝવેલ્ટના પૌત્ર અને સીઆઈએ તત્કાલિન વડા કેમટ રુઝવેલ્ટ જુનિયરે ઈરાન ભાંગવાનો પ્લાન રજૂ કર્યો અને તત્કાલિન પ્રમુખ ડ્વેટ એસિનહોઅરે આ પ્લાન મંજૂર કરી દીધો. ત્યારબાદ ઓપરેશન અજાક્સ હાથ ધરવામાં આવ્યું. અમેરિકાના આ ઓપરેશન દરમિયાન ઈરાનમાંથી મોસાદ્દેહને પદભ્રષ્ટ કરવામાં આવ્યા અને તેમને નજર કેદ કરવામાં આવ્યા. ત્યારબાદ અમેરિકી પપેટ મોહમ્મદ રેઝા પહલાવીને સત્તા સોંપવામાં આવી. ૧૯૭૯ સુધી તેણે સત્તા ચલાવી પણ ત્યાં સુધીમાં ઈરાનને ખતમ કરી નાખ્યું.

અમેરિકાએ આવી જ હાલત ગ્વાટેમાલાની પણ કરી હતી. ૧૯૫૪માં સીઆઈએ દ્વારા જ ગ્વાટેમાલાના પ્રમુખ જેકોબો આર્બેન્ઝ વિરુદ્ધ સત્તા પરિવર્તનનું અભિયાન હાથ ધરાયું હતું. ગ્વાટેમાલામાં અડધાથી વધારે ખાનગી જમીનની માલિકી ધરાવતી અમેરિકી કંપની યુનાઈટેડ ફ્રૂટ કંપની થકી આ ઓપરેશન હાથ ધરાયું હતું. આ કંપની પણ તત્કાલિન પ્રમુખ એસનહોવરની સાથે જોડાયેલી હોવાના અહેવાલો હતા. જેકોબો આર્બેન્ઝને હટાવીને અમેરિકાએ કંપની માટે જમીનો મેળવવાનો કારસો રચ્યો પણ આર્બેન્ઝે મનાઈ કરી દીધી હતી. તેના કારણે સાઈએના અધિકારીઓ ગિન્નાયા અને અમેરિકી પ્રમુખ એસનહોવરે અહીંયા પણ સૈન્ય પગલાં લેવા મંજૂરી આપી દીધી. અમેરિકાએ ગ્વાટેમાલામાં ઓપરેશન સક્સેસ શરૂ કર્યું. ઘણા લાંબો સમય સુધી ગ્વાટેમાલાના લોકો અને અમેરિકી સૈન્ય વચ્ચે સંઘર્ષ ચાલ્યો જેમાં હજારો લોકોની ધરપકડ થઈ અને ૨ લાખ કરતા વધારે લોકનાં મોત થયા હતા.



કોંગોનો પણ અમેરિકાએ સોથ વાળ્યો હતો. ૧૯૬૦માં સ્વતંત્ર થયેલા કોંગોમાં તત્કાલિન રાષ્ટ્રીય હીરો ગણાતા પેટ્રીસ લુમુમ્બાને પહેલા લોકશાહીથી નિમાયેલા વડા પ્રધાન બનાવાયા. અમેરિકાને લુમુમ્બાથી ભય લાગવા માંડયો. અમેરિકાને લાગ્યું કે, તેઓ કોમ્યુનિસ્ટ માનસિકતાને મદદ કરનારા અને કોલ્ડ વોરની સ્થિતિને વધારે આકરી કરી શકે તેવા છે. અમેરિકાએ તરત જ તેમની સત્તા ઉથલાવવા કાવતરા શરૂ કરી દીધા. લુમુમ્બાના વિરોધીઓને મદદ અને પૈસા આપવા માંડયા. લુમુમ્બાની હત્યાના પણ પ્રયાસ કરાવ્યા હોવાના અહેવાલો છે. કોંગોના તત્કાલિન લશ્કરી વડા જોસેફ મોબુટુએ સત્તા હાથમાં લીધી અને લુમુમ્બાને પકડીને જેલમાં નાખ્યા અને થોડા સમય પછી તેમને મૃત્યુદંડ આપી દીધો. તેના પગલે કોંગોમાં રમખાણો શરૂ થઈ ગયા. મોબુટુએ અમેરિકાની મદદથી ૧૯૬૫માં ફરી સત્તા મેળવી અને ત્યારબાદ ત્રણ દાયકા સુધી કોંગોના સર્વેસર્વા તરીકે રાજ કર્યું.

અમેરિકાએ ઈન્ડોનેશિયાને પણ છોડયું નહોતું. ૧૯૪૯માં નેધરલેન્ડથી સ્વતંત્ર થનારા ઈન્ડોનેશિયામાં સુકાર્નો પહેલી વખત લોકશાહી વડા બન્યા. તેઓ ઈન્ડોનેશિયાના સૈન્ય, ઈસ્લામિક ગ્રૂપ અને ઈન્ટોનેશિયન કોમ્યુનિસ્ટ પાર્ટી(પીકેઆઈ)ને સાથે રાખીને કામ કરતા હતા. અમેરિકાને તેમનાથી વાંધો પડયો. અમેરિકાને ભય હતો કે, પીકેઆઈનું વધતું પ્રભુત્વ ચીન અને સોવિયત સંઘને મદદ કરશે. ૧૯૬૫માં અમેરિકાની મદદથી ઈન્ડોનેશિયાના કેટલાક સૈન્ય અધિકારીઓએ સત્તા પરિવર્તનનો સંઘર્ષ શરૂ કર્યો. જનરલ સુહાર્તોએ સત્તા મેળવી લીધી. આ જંગનો આરોપ સુહાર્તોએ પીકેઆઈ ઉપર નાખીને તેની વિરુદ્ધ દેશવ્યાપી પગલા લેવાના આદેશ આપી દીધા. અમેરિકા તેનાથી ખુશ થયું. આ સંઘર્ષમાં પાંચ લાખ કરતા વધારે લોકો ભોગ બન્યા હોવાના અહેવાલ છે. સુહાર્તોએ ઈન્ડોનેશિયા ઉપર ત્રણ દાયકા રાજ કર્યું. તેને ઈન્ડોનેશિયાનો સૌથી ભ્રષ્ટ નેતા ગણાય છે. તેણે અંદાજે ૩૦ અબજ ડોલરની સંપત્તી ભેગી કરી લીધી હતી.

અમેરિકાની પાવરગેમ ૭૦ના દાયકામાં ચીલીને ભરખી ગઈ હતી. ૧૯૭૩માં અમેરિકાએ ચિલીના પ્રમુખ સાલ્વાડોર એલેન્ડેની સત્તા ઉથલાવી હતી. એલેન્ડે જાણીતા માર્ક્સવાદી નેતા હતા. તેઓ ચીલીમાં આવેલી અમેરિકી રોકાણ ધરાવતી કોપરની કંપનીઓ અને ખાણોનું રાષ્ટ્રીયકરણ કરવા માગતા હતા જેના કારણે અમેરિકાના પેટમાં તેલ રેડાયું હતું. અમેરિકાએ તો એલેન્ડે પ્રમુખ જ ન બની શકે તેના માટે પણ પ્રયાસ કર્યા હતા છતાં તેમ થયું નહોતું. ૧૯૭૦માં એલેન્ડે ચીલીના પ્રમુખ બની ગયા. ત્યારબાદ ત્રણ વર્ષ સુધી અમેરિકાએ એલેન્ડેને સત્તા ઉપરથી ઉથલાવવા અનેક કાવતરા કર્યા. તેણે આ કાવતરા પાછળ તે સમયે ૮૦ લાખ ડોલર ખર્ચ્યા હતા. આખરે ૧૯૭૩માં ચીલીની સેનાએ સત્તા હાથમાં લેવા પ્રયાસ કર્યો અને એલેન્ડેએ રાષ્ટ્રજોગ સંબોધન કરીને આત્મહત્યા કરી લીધી. અમેરિકાની મદદથી ત્યારબાદ જનરલ ઓગસ્ટો પિનોશેટે સત્તા સંભાળી. તેણે બે દાયકા સુધી રાજ કરીને ચીલીને બરબાદ કરી દીધું.

આધુનિક વિશ્વની વાત કરીએ તો અફઘાનિસ્તાનને ૨૦૦૧માં અમેરિકાએ ભીંસમાં લીધું હતું. ટ્વિન ટાવર હુમલા બાદ અમેરિકાએ અફઘાનિસ્તાનમાં આતંકવાદ વિરુદ્ધ ઓપરેશન શરૂ કર્યા હતા. અમેરિકાનો આરોપ હતો કે, તાલિબાની સરકાર દ્વારા અમેરિકાના ગુનેગાર ઓસામા બિન લાદેન અને તેના જૂથ અલ કાયદાના આતંકીઓને શરણું આપવામાં આવ્યું હતું. તાલિબાનો દ્વારા જ્યારે લાદેનને સોંપવાની મનાઈ કરવામાં આવી ત્યારે અમેરિકી પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યૂ બુશ આકરા પાણીએ થયા. તેમણે ઓક્ટોબર ૨૦૦૧માં ઓપરેશન એન્ડયોરિંગ ફ્રીડમ લોન્ચ કરવાના આદેશ આપ્યા. અમેરિકાએ તાકીદે તાલિબાનોને હાંકી કાઢવા કામગીરી શરૂ કરી દીધી. તાલિબાનો કાબુલ છોડીને નાસી ગયા અને અમેરિકાએ ત્યાં હામિદ કરઝાઈની સરકારની રચના કરી. અમેરિકાએ અબજો ડોલર ખર્ચીને ત્યાં કામગીરી કરી, સરકાર ચલાવી અને પોતાની ગમતી કામગીરીઓ કરાવી છતાં કંઈ વળ્યું નહીં. ૨૦૨૧માં અમેરિકી સૈન્ય એકાએક નાસી ગયું. તત્કાલિન અમેરિકી પ્રમુખ જો બાઈડને અમેરિકી સેનાને પાછી બોલાવી લીધી અને તાલિબાનો ફરી સત્તામાં આવી ગયા. બે દાયકા રહીને અમેરિકાએ અફઘાનિસ્તાનને ખેદાનમેદાન કરી નાખ્યું.

વર્તમાન સમયમાં અમેરિકાની જેમ અમેરિકાએ ઈરાકને પણ પૂરું કરી નાખ્યું હતું. માર્ચ ૨૦૦૩માં અમેરિકાએ ઓપરેશન ઈરાકી ફ્રીડમ લોન્ચ કર્યું હતું. તત્કાલિન અમેરિકી પ્રમુખ જ્યોર્જ બુશે આરોપ મુક્યા કે ઈરાકના તત્કાલિન સરમુખત્યાર સદામ હુસૈન પાસે નરસંહાર કરી શકે તેવા હથિયારો છે અને તેના થકી તે આંતકવાદ અને વિસ્તારવાદની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો છે. અમેરિકાએ ઓપરેશન હાથ ધર્યું અને અઠવાડિયામાં બગદાદ ઉપર કબજો મેળવી લીધો અને થોડા સમયમાં સદામને પણ પકડી લીધો. તેને ફાંસીની સજા આપી દીધી. ત્યારબાદ અમેરિકાએ ઈરાનને ખાલી કરી નાખ્યું પણ ત્યાંની પ્રજાને ઉપર ન આવવા દીધી. ત્યાં ત્યારબાદ શિયા અને સુન્નીઓ વચ્ચે રમખાણ શરૂ થયા અને ગૃહયુદ્ધની સ્થિતિ આવી ગઈ. હજારો લોકો માર્યા ગયા અને લાખો લોકો વિસ્થાપિત થઈ ગયા. પશ્ચિમ એશિયાનો દેશ અસ્થિર થઈ ગયો અને આઈએસઆઈએસનો ઉદય થયો.

અમેરિકાએ ૧૯૮૯માં પનામા ઉપર હુમલો કરીને ત્યાંના શાસક મેનુએલ નોરીએગાનું અપહરણ કરીને તેની ધરપકડ જાહેર કરી હતી. ૧૯૬૮માં પાનામાના શાસકને ખસેડીને ઓમાર ટોરિજોસે સત્તા સંભાળી હતી. નોરિએગાને ટોરિજોસના શાસનમાં સૈન્યનો ગુપ્તચર એજન્સીનો પ્રમુખ બનાવાયો હતો. તે ખૂબ જ હોશિયાર છતાં નિર્દયી વ્યક્તિ હતો. તે અત્યંત ભ્રષ્ટ પણ ગણાતો હતો. આશ્ચર્યની વાત એ છે કે, ૧૯૭૦ સુધી તો નોરીએગા અમેરિકાની સીઆઈએ માટે કામ કરતો હતો. શીત યુદ્ધ સુધી તેણે સામ્યવાદ રોકવા માટે અમેરિકાને મદદ કરી હતી. પનામામાં પણ તેણે અમેરિકી સેનાને ઘુસાડવામાં મદદ કરી હતી. ૧૯૮૧માં ઓમાર ટોરિજોસનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું અને નોરીએગા પનામાનો શાસક બની ગયો.

**તંત્રી લેખ**

# ખોમેનીનો ખેલ ખતમ! : Gen-Zના વિદ્રોહથી દેશ ઈરાન ધ્રૂજ્યો

28 ડિસેમ્બર 2025ના દિવસે તહેરાનની ગ્રાન્ડ બજારમાં ઠંડી સાંજ હતી. 19 વર્ષનો એક યુવાન બજારની એક સાંકડી ગલીમાં ઊભો હતો. Gen-Z યુવાને જ્યારથી હોશ સંભાળ્યો ત્યારથી તે રસ્તા પર બુર્ખો પહેરીને ચાલતી મહિલાઓ, મોરલ પોલીસની દાદાગીરી અને મોંઘવારી સિવાય કશુંય જોયું ન હતું. પોતાના મનના એક ખૂણામાં ક્યાંક તેણે આઝાદીનું સપનું જોયું હતું, પણ ખિસ્સામાં 1 ડોલર ખરીદવા માટે પંદર લાખ રિયાલ (ઈરાની ચલણ) નહોતા. વર્ષો જૂના મસાલાના વેપારીએ પોતાની દુકાનનું લોખંડી શટર પાડી દીધું. જે વેપારીએ 1979માં ખોમેનીને સત્તા પર બેસાડવા માટે જીવ રેડ્યો હતો તે વેપારી આજે એક પછી એક પોતાની દુકાનોનાં શટર પાડી રહ્યા હતા. આ માત્ર લોખંડ પછડાયાનો અવાજ ન હતો. આ 46 વર્ષ જૂના સામ્રાજ્યના પતનનો ટકોરો હતો. થોડી જ મિનિટોમાં તેહરાનનું એશિયાનું લગભગ સૌથી મોટું બજાર સ્મશાન જેવું શાંત થઈ ગયું.

યુવાન માટે આ બધું નવું હતું, માટે તેણે ખિસ્સામાંથી પોતાનો સ્માર્ટફોન કાઢ્યો અને કેમેરો ઓપન કર્યો, નેટવર્ક ડાઉન, ઈન્ટરનેટ બેન છતાં તેણે પોતાની જેન ઝી બુદ્ધિ વાપરીને ઈરાન અને દુનિયાને મેસેજ મોકલ્યો, બીજી સવારે ઈરાનની તેહરાન યુનિવર્સિટીના રસ્તાઓ પર લોહીના ડાઘા પડ્યા દેખાયા. જેન ઝી યુવાનને ગોળી મારવામાં આવી હતી. આખા ઈરાનમાં આ જ માહોલ જોવા મળ્યો. આ કોઈ ધાર્મિક લડાઈ ન હતી, પણ સરકાર સામે પડેલા વેપારીઓ, શિયા-સુન્ની ધર્મગુરુ અને જેન ઝી યુવાનોની લડાઈ હતી. આ ભૂખ્યા પેટ અને ભૂખલી આઝાદીનો બળવો હતો. જે ઈરાન ક્યારેય અમેરિકા કે ઈઝરાયલ સામે ઝૂક્યું નથી એ ઈરાન આજે ધાર્મિક સરકાર સામે પડ્યું છે. સ્વાભાવિક છે આપણને સવાલ થાય કે ગુજરાતથી 2500 કિલોમીટર દૂર આવેલા તેહરાનમાં દુકાનોનાં શટર પડે તો આપણે શું લેવાદેવા? તો સાંભળો ઈરાન દુનિયાને તેલ આપતો દેશ છે, જેનાથી આપણી બાઈક અને ફોર-વ્હીલ ચાલે છે. ઈરાન દુનિયાનો પાંચમો સૌથી મોટો ટાઈલ્સ બનાવતો દેશ છે. ત્યાં શટર પડે એટલે બની શકે કે ગલ્ફ દેશમાં મોરબીની ટાઈલ્સનો ડંકો વાગી શકે. જો આ આગ વધુ ફેલાય તો ગુજરાતની ફાર્મા કંપનીઓના કરોડો રૂપિયા પણ ફસાઈ શકે છે, માટે ગુજરાતમાં ઈરાનમાં સરકાર સામે થયેલા બળવાની અસરો થઈ શકે છે. ઈરાને પોતાનો ફાંસો જાતે બનાવ્યો દુનિયા જ્યારે વર્ષ 2026ના નવા વર્ષની આતશબાજીમાં મસ્ત હતું ત્યારે ઈરાનના આકાશમાં દુ:ખનાં વાદળો છવાયેલાં હતાં. ધાર્મિક કટ્ટરવાદી અને રૂઢિચુસ્ત ખોમેની સરકાર સામે આજના સમયમાં ખાલી વિપક્ષે જ નહીં, પણ આખું જેનઝી જનરેશન મેદાને ઊતર્યું છે, કારણ? અમેરિકાની અવળચંડાઈ નહીં, પણ ઈરાનની બરબાદ થયેલી ઈકોનોમી અને હાઈપર ઈન્ફ્લેશન છે. હવે જેની વાત કરી રહ્યા છીએ તે ખોમેની વિશે પણ થોડું જાણીએ, 28 ડિસેમ્બરથી આજની 6 જાન્યુઆરી સુધીના દસેક દિવસોમાં ઈરાનનું રાજકીય ચિત્ર સાવ બદલાઈ ગયું છે. તેહરાનના ગ્રાન્ડ બઝારમાં લાગેલી વિરોધની ચિન્ગારીથી 31માંથી 21 પ્રાંતો વિરોધની જ્વાળામાં સળગી રહ્યા છે.

# હે કાનુડા તોરી ગોવાલણ! આ રચનાનાં માધ્યમથી નરસિંહ શું કહેવા માંગે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. 2026 ને શરૂ થયે એક અઠવાડિયું થયું! પણ ગયાં વર્ષે જેવું જીવતાં હતાં એમ જ આ વર્ષે બધાં જીવે છે! વિતેલા સમયની ભૂલ ને ન દોહરાવવી જોઈએ એવો કોઈ રંજ ક્યાંય દેખાતો નથી! એનાં પરથી કહી શકાય કે સમય તો સમયની રીતે ગતિ કરે છે, એમાં આપણે કંઈ કરવાનું હોતું નથી. આમ પણ સમાજમાં એવા લોકો છે જે પોતાના જડ વલણને પરંપરા કે સંસ્કૃતિને નામે વળગી રહેલા છે, અને સર્વાંગી વિકાસ માટે બાધક બની વિકાસ ને રુંધી રહ્યા છે. હાલાકી પરિવર્તન પ્રકૃતિનો અકાટ્ય નિયમ છે! જેમ કે બીજનું અંકુરિત થવું, છોડને પર્ણ, ફૂલ, ફળ, આવવાં બધું જ ખરી જવું! વળી ઊગવું! એ જ રીતે સૂર્ય ચંદ્ર અને તારા એનાં નિશ્ચિત સમયે જ આકાશમાં દેખાવા, ઋતુ પ્રમાણે વાતાવરણ ઠંડુ ગરમ.. બાહ્ય જેમ જ આપણી અંદરની પ્રકૃતિ પણ બાળક માંથી યુવા, અને યુવા માંથી વયસ્ક, તેમજ પછી વૃદ્ધ થાય! જીવનું અહીં એક જ કાર્ય છે, કે એણે બાહ્ય અને આંતર પ્રકૃતિનું પહેરેદાર બની રક્ષણ કરવાનું, પણ જે સંપત્તિ આપણી ક્યારેય ન્હોતી, એનાં આપણે સ્વામી બની જઈએ છીએ, અને એટલે અહંકાર આવી જાય છે, જે અહંકાર આત્મ ખોજ કે દર્શન માટે બહુ મોટો ખતરો છે. નરસિંહની આવાં જ ભાવ વાળી એક રચના વિશે ચિંતન કરીશું.

* નરસિંહ મહેતા*

હે કાનુડા તોરી રે ગોવાલણ મોરલીએ લલચાણી રે
હેં કાનુડા તોરી ગોવાલણ
હરખેં મેં તો ઈંઢોણી લીધી ભરવા હાલી હું તો પાણી રે;
ગાગર ભરોંસે ગોળી લીધી આરાની હું અજાણી રે

હે કાનુડા એટલે કે કૃષ્ણ, આ ગોપી તારી મોરલીની ધૂનમાં લલચાઈને પાગલ બની છે, અને આ સંસારની મને કોઈ સમજ નથી! મેં તો હરખ ભેર ઈંઢોણી લીધી અને પાણી ભરવા નીકળી, ગાગર ગોળીના ભેદને હું જાણતી નહોતી, એટલે ગાગર સમજી મેં ગોળી લીધી! કારણકે આરાની એટલે અહીંની, અથવા આ સંસારથી સાવ હું અજાણી છું.

હેં કાનુડા તોરી ગોવાલણ
ગાય ભરોંસે ગોધાને બાંધ્યો દોહ્યાંની હું અજાણી રે;
વાછરું ભરોંસે છોકરાંને બાંધ્યા બાંધ્યા છે બહુ તાણી રે

હે કાનુડા પરણીને તો આવી ગઈ, પણ ગાય વાછરડા જેવો પ્રાથમિક તફાવત પણ હું જાણતી નથી, એટલે ગાયની બદલે મેં દોહવા માટે ગોધાને એટલે કે વાછરડું બાંધ્યું! અને વાછરુંની જગ્યાએ છોકરાંવને તાણી તાણીને બાંધ્યાં!

હેં કાનુડા તોરી ગોવાલણ
રવાઈ ભરોંસે ઘોસરું લીધું વલોવ્યાની હું અજાણી રે;
નેતરાં ભરોંસે સાડી લીધી દૂધમાં રેડ્યાં પાણી રે

હે કાનુડા હું આ સંસારથી સાવ અજાણી છું, દહીં વલોવવા માટે રવાઈની પાતળી દોરી ની બદલે મેં ગાય બાંધવાનું જાડું ઘોસરું લીધું! અને માખણ કાઢવા નેતરાં બદલે સાડી બાંધી.

હેં કાનુડા તોરી ગોવાલણ
ઘેલી ઘેલી મને સૌ કોઈ કહે છે ઘેલી હું રંગમાં રે'લી રે;
ભલે મળ્યા મેતા નરસિંહના સ્વામી પૂરણ પ્રીત હું પામી રે
હેં કાનુડા તોરી ગોવાલણ

હે કાનુડા આખું ગામ મને ઘેલી ઘેલી કહીને ચીડવે છે, પણ હું તો આ ભાવ રંગમાં રમમાણ થઈ ગઈ છું! અને આમ જ મને નરસિંહ મહેતા નાં સ્વામી મળ્યા અને એની પૂર્ણ પ્રીતને હું પામીને ધન્ય બની! હે કાનુડા તારી ગોવાલણ..

કવિની રચનાનાં સ્થૂળ અર્થમાં આપણે જોયું કે, કવિ આપણી આંખ આગળ દ્વાપરના ગોકુળના ગ્રામ્ય જીવનનું એ દ્રશ્ય ખડું કરી દે છે, અને એક ગોવાલણ એટલે કે ગોપીની માનસિકતાનું રસપ્રદ દર્શન રજૂ કરે છે. નરસિંહ તો કાળને ઓળંગી ગયાં હતાં, અને એણે દ્વાપરનાં એ કૃષ્ણ કામણગારા સાથે ગોપી બની વ્રજની લીલાઓ કરી હતી , એટલે ગોપી તરીકે પોતાના મનોભાવ વ્યક્ત કરતાં કહે છે કે, હે કાનુડા હું કહેવાને જ સંસારી છું, એટલે કે મારા પતિની પત્ની, ઘરના વડીલોની પૂત્રવધૂ છું, કે મારા બાળકોની માતા છું! આ બંધાજ સંસારી સંબંધો મને સંસારમાં બાંધી શકતાં નથી!; કારણ કે હું તારી પ્રીતમાં રંગાણી છું! પણ દર વખતની જેમ નરસિંહની સૂક્ષ્મ ચેતના હજી ઝીણું કાંતે છે, અને કહે છે આ રચના દ્વારા કવિ ઈશ્વર, જીવ, અને સંસાર આ ત્રિકોણની રસાકસીની વાત મુકીને જીવની ઈશ્વર પ્રત્યેની જે માધુર્ય ભક્તિ છે એનું વર્ણન કરે છે! પણ જેને કોઈ સામાન્ય જન સમજી ન શકે! અને એને ઘેલી કહે છે! આરાની અજાણી, ગોધાને બાંધ્યો, ઘોસરું, નેતરાં વગેરે ઉપમા વિશે ચિંતન કરીએ તો, જો જીવ ઈચ્છે તો એ સંસારથી અજાણી એટલે કે અલિપ્ત રહી શકે છે, ગોધાને બાંધ્યો એટલે કે ગાય દોહવા માટે ગાયની જગ્યાએ વાછરડું બાંધ્યું! એટલે કે ગાય રુપી ઈન્દ્રિયોનું દોહન કરી એને જીવવાનું હતું, પણ સંસારની અજાણી હતી એટલે વાછરડું એટલે કે ભોગ્ય પદાર્થને અથવા મમતાને જ ભક્તિ રસ માની લીધો! રવાઈ અને ઘોસરું આ ઉદાહરણ પરથી કહે છે કે જીવ ઈશ્વર સુધી પહોંચવા માટે ભક્તિના પાતળાં દોરડે પહોંચી શકે એમ હતો! પણ ઘોસરું જેવા જાડાં એટલે કે અઘરાં માધ્યમો માં અટવાઈ ગઈ! ટૂંકમાં ભક્તિમાં ભોળા ભાવે કરેલી ભૂલો જ ભગવાન સુધી દોરી જાય છે! પણ ભક્તિને નામે આપણાં આગ્રહોની આળપંપાળ આપણને સાચાં ભાવ કેન્દ્રિત ભક્તિ કરવા દેતી નથી. હજી વધુ સુક્ષ્મ દર્શન કરીએ તો કવિ આપણી પ્રતયેક ઈન્દ્રિયોને ગાયની ઉપમા આપે છે,અને ઈન્દ્રિયોથી બનતા શરીરના રક્ષણની જવાબદારી ગોવાલણ એટલે કે જીવની છે. જીવ એ પરમાત્મા શ્રીકૃષ્ણ એ જેમ ગાયોને ચારી હતી, એ રીતે ઈન્દ્રિયો રુપી ગાયને ઘાસચારો આપી પોષણ કરવાનું છે! અને તો જ જીવ પરમાત્મા રુપે કાનુડાને પામી શકે! એનાં પ્રેમમાં પાગલ બની, અને ઘેલી ઘેલી કહેવડાવી શકે! અને એને એટલે કે ઈશ્વરને કહી શકીએ કે હે ઈશ્વર હું સંસારની નથી, અને મેં ફક્ત તારા ભરોસે જ સંસારનો ભાર સ્વીકાર્યો છે! બાકી મારી સાચી ઓળખ માત્ર તારી સાથે જ છે, બાળકને બાંધ્યું એટલે કે મારી મમતાનું કેન્દ્ર માત્ર તું જ છો. જેમ રવાઈનો સાવ સુક્ષ્મ અર્થ જીવાદોરી થાય છે, એ જ રીતે નેતરાંનો એક નજર થાય છે, અને કવિ કહે છે કે સંસારીની નજરનો કોઈ ભરોસો નથી હોતો, અને એટલે મેં તો સાડી એટલે કે, મેં મારી લાજ ! જે સ્ત્રીઓ માટે ખૂબ જ મહત્વની હોય છે, એને જ તને સોંપી દીધી છે! મારાં કુટુંબની કે કુળની આબરૂ મર્યાદા બધું જ તું હવે નક્કી કરજે! કારણકે કહેવાતો આ સમાજ કે સંસારીઓ મને ઘેલી ઘેલી કહે છે, પણ હું નરસિંહ નાં સ્વામીને પામી ગઈ. આમ કવિએ ભક્ત અને ભગવાનનાં એટલે કે ગોપી અને શ્રીકૃષ્ણનાં અગમ્ય ભાવનું સુંદર નિરૂપણ કર્યું છે, જે આપણા જેવા માટે આસાનીથી ઈશ્વર સુધી દોરી જાય છે! આપણે આ ભાવાર્થને પકડી સંસારથી અલિપ્ત રહી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.



# મહુડીમાં પરિણીતાની કૂવામાં પડી મોતની ઘટના : આત્મહત્યા કરાવ્યાની આશંકાએ જમાઈ સહિત સાસરિયા સામે ફરિયાદ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 07**

ઝાલોદ તાલુકાના મહુડી મુકામે પરિણીત મહિલા કૂવામાં પડી જવાથી મોત નીપજ્યું હોવાની ઘટનામાં હવે નવો ગંભીર વળાંક આવ્યો છે. મૃતક મહિલાની માતાએ પોતાની પુત્રીને શારીરિક અને માનસિક રીતે ત્રાસ આપી આત્મહત્યા કરવા મજબૂર કરવામાં આવી હોવાનો આક્ષેપ કરી પતિ, સાસુ અને સસરા સામે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.ઝાલોદ તાલુકાના જેતપુર મુકામે રહેતા વીરાબેન ખુમસીંગભાઈ ડામોરની પુત્રી સેજલબેનના લગ્ન મહુડી ગામે રહેતા જીતેન્દ્ર કિરણભાઈ કટારા સાથે સમાજના રીતિરીવાજ મુજબ કરવામાં આવ્યા હતા. લગ્નના શરૂઆતના બે મહિના સુધી સેજલબેન સાસરીમાં સારી રીતે રહેતી હતી, પરંતુ ત્યારબાદ પતિ તથા પરિવારજનો દ્વારા લગ્નમાં ચઢાવેલી રકમની માંગ કરવામાં આવતી હોવાનું મૃતક સેજલબેને પોતાની માતાને જણાવ્યું હતું.ફરિયાદમાં માતા વીરાબેને જણાવ્યું મુજબ, રકમ લાવવા બાબતે સેજલબેન સાથે અવારનવાર ઝગડા કરવામાં આવતા, મારઝૂડ થતી તેમજ મહેણાં-ટોણાં મારવામાં આવતા હતા. તે સમયે માતાએ "પછી આપી દઈશું" કહી પુત્રીને ફરી સાસરીમાં મોકલી હતી. દિવાળી બાદ સેજલબેન ફરીથી પિયર આવી હતી ત્યારે માતાએ સોના-ચાંદીની રકમ આપીને તેને ફરી સાસરીમાં મોકલી દીધી હતી. તા. 05-01-2026 ના રોજ સેજલબેન પોતાના પતિ સાથે ઢોર ચરાવવા ગઈ હતી. તે દરમિયાન નદી નજીક આવેલા કૂવામાં સેજલબેન પડી ગયાની ઘટના બની હોવાનું જણાવાયું છે. પતિ દ્વારા માતા વીરાબેનને ફોન કરી તાત્કાલિક ઝાલોદ સરકારી દવાખાને બોલાવવામાં આવ્યા હતા. ત્યાં પહોંચતા જાણવા મળ્યું હતું કે સેજલબેનના ચંપલ અને સાડી કૂવા નજીક મળી આવ્યા હતા. ગ્રામજનોની મદદથી સેજલબેનને કૂવામાંથી બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે ઝાલોદ સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેણીને મૃત જાહેર કરી હતી. આ સમગ્ર ઘટનાક્રમને લઈ મૃતક સેજલબેનની માતા વીરાબેન દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં સેજલબેનના પતિ જીતેન્દ્ર કટારા, સાસુ અને સસરા દ્વારા ઘરેણાંની માંગને લઈ શારીરિક-માનસિક ત્રાસ આપી સેજલબેનને આત્મહત્યા કરવા મજબૂર કરવામાં આવી હોવાનું સ્પષ્ટપણે જણાવાયું છે. તા તા. 05-01-2026 ના રોજ સેજલબેન પોતાના પતિ સાથે ઢોર ચરાવવા ગઈ હતી. તે દરમિયાન નદી નજીક આવેલા કૂવામાં સેજલબેન પડી ગયાની ઘટના બની હોવાનું જણાવાયું છે. પતિ દ્વારા માતા વીરાબેનને ફોન કરી તાત્કાલિક ઝાલોદ સરકારી દવાખાને બોલાવવામાં આવ્યા હતા. ત્યાં પહોંચતા જાણવા મળ્યું હતું કે સેજલબેનના ચંપલ અને સાડી કૂવા નજીક મળી આવ્યા હતા. ગ્રામજનોની મદદથી સેજલબેનને કૂવામાંથી બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે ઝાલોદ સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેણીને મૃત જાહેર કરી હતી. આ સમગ્ર ઘટનાક્રમને લઈ મૃતક સેજલબેનની માતા વીરાબેન દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં સેજલબેનના પતિ જીતેન્દ્ર કટારા, સાસુ અને સસરા દ્વારા ઘરેણાંની માંગને લઈ શારીરિક-માનસિક ત્રાસ આપી સેજલબેનને આત્મહત્યા કરવા મજબૂર કરવામાં આવી હોવાનું સ્પષ્ટપણે જણાવાયું છે.. 05-01-2026 ના રોજ સેજલબેન પોતાના પતિ સાથે ઢોર ચરાવવા ગઈ હતી. તે દરમિયાન નદી નજીક આવેલા કૂવામાં સેજલબેન પડી ગયાની ઘટના બની હોવાનું જણાવાયું છે. પતિ દ્વારા માતા વીરાબેનને ફોન કરી તાત્કાલિક ઝાલોદ સરકારી દવાખાને બોલાવવામાં આવ્યા હતા. ત્યાં પહોંચતા જાણવા મળ્યું હતું કે સેજલબેનના ચંપલ અને સાડી કૂવા નજીક મળી આવ્યા હતા. ગ્રામજનોની મદદથી સેજલબેનને કૂવામાંથી બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે ઝાલોદ સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેણીને મૃત જાહેર કરી હતી. આ સમગ્ર ઘટનાક્રમને લઈ મૃતક સેજલબેનની માતા વીરાબેન દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં સેજલબેનના પતિ જીતેન્દ્ર કટારા, સાસુ અને સસરા દ્વારા ઘરેણાંની માંગને લઈ શારીરિક-માનસિક ત્રાસ આપી સેજલબેનને આત્મહત્યા કરવા મજબૂર કરવામાં આવી હોવાનું સ્પષ્ટપણે જણાવાયું છે.

# તમે જીવશો તો જ જીવાડશે બાકી આ તો જિંદગી છે તમને બધી બાજુ નચાવશે! લાગણી અને પ્રેમને કોઈપણ આચાર સંહિતા લાગુ નથી પડતી મન મુકીને વ્યક્ત કરો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

આપણે આજે જોઈએ તો આંતરિક શાંતિ આપણાજીવનમાં ખુશીનું સ્તર નક્કી કરે છે.જેની પાસે આંતરિક શાંતિ છે તે બહાર ની દુનિયાને પણ શાંતઅને આનંદ થી ભરેલી જોશે.મનુષ્ય બાહ્ય દુ:ખ સામે લડી શકે છે,પરંતુ આંતરિક દુ:ખનો સામનો કરવો સૌથી મુશ્કેલ છે.પોતાની અંદર હોય કે પોતાના ઘરની અંદર, બંને મુશ્કેલીઓ વ્યક્તિને તોડવા માટે રચાયેલ શસ્ત્રો જેવી છે.

એક વીર યોદ્ધા જે દુનિયામાં પોતાની બહાદુરી બતાવે છે તે પણ આંતરિક દુ:ખથી નિરાશઅને નિરાશ થઈ જાયછે.પોતાની અંદર હોયકે પોતાના ઘરમાં,જ્યાં પણ શાંતિ રહે છે,ત્યાં વ્યક્તિના જીવનમાં પણ ખુશી રહે છે. મનની અંદરની શાંતિ વ્યક્તિનેખુશ કરેછે અને ઘરની અંદરની શાંતિ વ્યક્તિ ના સમગ્રજીવનને સમૃદ્ધ બનાવેછે

સીતાજી પ્રસન્ન થયા.પછી હનુમાનજી કહે,મા,મને ભૂખ લાગી છે!સીતાજીએ આજ્ઞા કરી છે કે,અહીં ફળની ખોટ નથી પણ તોડતો નહીં. નીચે પડયાં હોય તે ખાજે! હનુમાને વિચાર્યું,ફળ તોડવાની ના પાડી છે.વૃક્ષ હલાવવાની ક્યાં ના પાડી છે? હનુમાનજી વૃક્ષ હલાવી ફળ પાડવા લાગ્યા અને હનુમાનજી વૃક્ષ હલાવે એટલે શું? પહાડ હાલી જાય તો વૃક્ષનું શું ગજું? ટપોટપ વૃક્ષ જમીનદોસ્ત થવા માંડ્યાં. હનુમાનજીએ પૃચ્છને કહ્યું, તારું કામ તું કર. પૃચ્છે કામ શરૂ કર્યું.રાક્ષસીઓને ફટકારવાનું. બૂમો સાંભળી ઈન્દ્રજીત ત્યાં આવે છે. ઈન્દ્રજીતે બ્રહ્માસ્ત્ર છોડ્યું.હનુમાનજી બ્રહ્મા સ્ત્રને માન આપી બંધાઈ ગયા. ઈન્દ્રજીત હનુમાનજીને રાજસભા માં લઈ આવ્યા.રાવણે પૂછ્યું એય બંદર,કહાંસે આયા હૈ?હનુમાનજીએ સામો પ્રશ્ન કર્યો, એય દશમુખ,તને ઉપદેશ આપવા માટે આવ્યો છું કે,તું રામજીને શરણે આવ.તારાં સર્વ પાપ માફ કરશે.રાવણ કાંઈ માનતો નથી. રાવણે હુકમ કર્યો કે,આનું પૃચ્છ બાળી નાખો. હનુમાનજીએ પૃચ્છ વધાર્યું. લંકાના કોઈ કાપડિયાના ઘરમાં કાપડ રહ્યું નથી.સર્વ કાપડ હનુમાનજીના પૃચ્છને પૃચ્છયજ્ઞ થાય છે. તેના યજમાન તમે છો. રાવણ મહારાજ, માટે તમે ફૂંક મારો! રાવણ ફૂંક મારવા ગયો. દાઢી બળવા માંડી. એ જાય ભાગ્યો.પછી તો હનુમાનજીએ આખી લંકા બાળી મૂકી.

રાક્ષસીઓ સીતાને કહે છેકે, તમારી પાસે આવેલા પેલા વાંદરા નું પૂંછડું રાક્ષસો બાળે છે.એ સાંભળી સીતાજી પ્રાર્થના કરે છે કે,રામ સિવાય મેં અન્ય પુરુષનું ચિંતન કર્યું ન હોય તો હે અગ્નિદેવ,તમે શીતળ થજો. અગ્નિ દેવ ચંદન જેવા શીતળ થયા છે. આખી લંકા ધગધગ બળે છે. હનુમાનજીને બીક લાગી કે, લંકા ભેગું અશોકવન બળી જશે તો? પૃચ્છને સમુદ્રસ્નાન કરાવી,શાંત કરી,ફરી પાછા અશોકવનમાં આવ્યા.જુએ તો અશોકવનનું એક વૃક્ષ પણ બળ્યું નથી. સીતાજીને મળ્યા. સીતાજીએ હનુમાનજીને આશિષ આપી કે, અષ્ટસિદ્ધિ તારી સેવા કરશે, પણ આ આશિષોથી હનુમાનને સંતોષ થયો નહીં. તેમણે તો આશિષમાં રામસેવા માગી.હનુમાનજી જવા લાગ્યા ત્યારે બ્રહ્માજીએ તેમને પત્ર લખી આપ્યો તેમાં રાક્ષસીઓ સીતાને કહે છેકે, તમારી પાસે આવેલા પેલા વાંદરા નું પૂંછડું રાક્ષસો બાળે છે.એ સાંભળી સીતાજી પ્રાર્થના કરે છે કે,રામ સિવાય મેં અન્ય પુરુષનું ચિંતન કર્યું ન હોય તો હે અગ્નિદેવ,તમે શીતળ થજો. અગ્નિ દેવ ચંદન જેવા શીતળ થયા છે. આખી લંકા ધગધગ બળે છે. હનુમાનજીને બીક લાગી કે, લંકા ભેગું અશોકવન બળી જશે તો? પૃચ્છને સમુદ્રસ્નાન કરાવી,શાંત કરી,ફરી પાછા અશોકવનમાં આવ્યા.જુએ તો અશોકવનનું એક વૃક્ષ પણ બળ્યું નથી. સીતાજીને મળ્યા. સીતાજીએ હનુમાનજીને આશિષ આપી કે, અષ્ટસિદ્ધિ તારી સેવા કરશે, પણ આ આશિષોથી હનુમાનને સંતોષ થયો નહીં. તેમણે તો આશિષમાં રામસેવા માગી.હનુમાનજી જવા લાગ્યા ત્યારે બ્રહ્માજીએ તેમને પત્ર લખી આપ્યો તેમાં તેમણે હનુમાનનાં પરાક્રમોનું વર્ણન કર્યું, કારણકે હનુમાનજી સ્વમુખે પોતાના પરાક્રમનું વર્ણન નહીં કરે તે બ્રહ્માજી જાણતા હતા.



હનુમાનજી રામજી પાસે આવ્યા. લક્ષ્મણ બ્રહ્માજીનો પત્ર વાંચે છે અને રામજી સાંભળે છે. હનુમાનજી કહે છે,નાથ,આ તમારો પ્રતાપ છે. કૃપા કરો કે મને અભિમાન ન થાય. રામજી પ્રસન્ન થઈ હનુમાનજીને ભેટી પડયા!

વિજયાદશમીના દિવસે કૂચ શરૂ થઈ. રામ સમુદ્રકિનારે આવ્યા. રઘુનાથજીનો નિયમ હતો,રોજ શિવજીની પૂજા કરવી. ત્યાં કોઈ શિવલિંગ મળ્યું નહીં,તેથી રામજી એ રેતીનું શિવલિંગ બનાવી પૂજા કરી આ જ રામેશ્વર.રામજી કહે છે કે, રામેશ્વરનાં દર્શન કરશે તે શરીર છોડશે ત્યારે મારા ધામમાં આવશે.

આ બાજુ રાવણે સભા ભરી છે. વિભીષણે સલાહ આપી કે, રામજીને શરણે જાઓ અને સીતાજીને પાછા સોંપી દો! એ સાંભળી રાવણને એવો ક્રોધ ચડ્યો કે, એણે વિભીષણને લાત મારી દીધી. રાવણે લાત મારી તો યે વિભીષણે એનાં ચરણમાં વંદન કર્યાં અને કહ્યું, મોટાભાઈ, તમને યોગ્ય લાગે તેમ કરો.હું તો રઘુ નાથને શરણે જઈશ.

વિભીષણ રામને શરણે આવે છે. પણ મનમાં ડર છે કે,રાવણનો ભાઈ માની મારો તિરસ્કાર કરશે તો?સુગ્રીવે રામજીની પાસે આવી સમાચાર આપ્યા કે,રાવણનો ભાઈ વિભીષણ આવ્યો છે પણ મને તો એ આપણો ભેદ જાણવા જાસૂસ આવ્યો હોય તેમ લાગે છે પણ હનુમાનજીએ વિભીષણની વકીલાત કરી કે,તેના હૃદયમાં છળકપટ નથી.તે શરણે આવ્યો છે. તેનો સ્વીકાર કરવો જોઈએ.

રામજીએ સુગ્રીવને આજ્ઞા આપી કે,તમે વિભીષણને માન સાથે લઈ આવો!મને નિર્મળ મનનો માણસ બહુ ગમે છે. હનુમાનજી ભલામણ કરે છે,એટલે મને ખાતરી છે કે, વિભીષણ જાસૂસ નથી,પણ શરણાગત છે!

સુગ્રીવ વિભીષણને લઈ આવ્યો. વિભીષણે કહ્યું,હે નાથ,હું તમારા શરણે આવ્યો છું. મારા ભાઈએ મને લાત મારી,મારો તિરસ્કાર કર્યો છે! રામજી ઊઠીને ઊભા થયા. તેમણે વિભીષણને કહ્યું કે, આવો લંકાપતિ! તમે મને મારા ભાઈ લક્ષ્મણ સમાન પ્રિય લાગો છો!

સુગ્રીવ કહે,આપે બહુ ઉતાવળ કરી પ્રભુ!આજે વિભીષણને લંકાનું રાજ્ય આપી દીધું, પણ કદાચ રાવણ શરણે આવશે અને સીતાજીને સમર્પણ કરશે, તો પછી રાવણને શું આપશો!ત્યારે રઘુનાથજી કહે છે, ઓહ, એવો વખત આવશે, રાવણ જો શરણે આવશે તો રાવણને હું મારી અયોધ્યાની ગાદી ઉપર બેસાડીશ પણ આજે તો વિભીષણને લંકાનું રાજ્ય આપ્યું એ ખરું! પછી તો સમુદ્ર ઉપરનો પૂલ બંધાવ્યો.પથ્થર ઉપર રામનામ લખવાથી તરે છે.રામનામથી જડ પથ્થર તરેતો મનુષ્યશું ભવસાગર ન તરી જાય? માટે વિશ્વાસ રાખી શ્રદ્ધાથી રામનામ નો જપ કરો. આ કળિકાળમાં બીજો કોઈ ઉપાય નથી. વાચક ચાહક મિત્રો આજે આપણે અહીં અટકીએ અસ્તુ. સુગ્રીવ વિભીષણને લઈ આવ્યો. વિભીષણે કહ્યું,હે નાથ,હું તમારા શરણે આવ્યો છું.મારા ભાઈએ મને લાત મારી,મારો તિરસ્કાર કર્યો છે! રામજી ઊઠીને ઊભા થયા. તેમણે વિભીષણને કહ્યું કે, આવો લંકાપતિ! તમે મને મારા ભાઈ લક્ષ્મણ સમાન પ્રિય લાગો છો! સુગ્રીવ કહે,આપે બહુ ઉતાવળ કરી પ્રભુ!આજે વિભીષણને લંકાનું રાજ્ય આપી દીધું, પણ કદાચ રાવણ શરણે આવશે અને સીતાજીને સમર્પણ કરશે, તો પછી રાવણને શું આપશો!ત્યારે રઘુનાથજી કહે છે, ઓહ, એવો વખત આવશે, રાવણ જો શરણે આવશે તો રાવણને હું મારી અયોધ્યાની ગાદી ઉપર બેસાડીશ પણ આજે તો વિભીષણને લંકાનું રાજ્ય આપ્યું એ ખરું! પછી તો સમુદ્ર ઉપરનો પૂલ બંધાવ્યો.પથ્થર ઉપર રામનામ લખવાથી તરે છે.રામનામથી જડ પથ્થર તરેતો મનુષ્યશું ભવસાગર ન તરી જાય? માટે વિશ્વાસ રાખી શ્રદ્ધાથી રામનામ નો જપ કરો. આ કળિકાળમાં બીજો કોઈ ઉપાય નથી. વાચક ચાહક મિત્રો આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# પોસ્ટ ઓફિસમાં નવા આધાર નોંધણી તથા બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ સંપૂર્ણપણે નિઃશુલ્ક - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અમદાવાદ, તા. 07**

નાગરિકોને તેમના નજીકના વિસ્તારમાં આધાર સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સમગ્ર દેશમાં પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ પોસ્ટ ઓફિસ આધાર કેન્દ્રો દ્વારા નાગરિકોને નવા આધાર નોંધણી તેમજ કોઈપણ પ્રકારના સુધારા અથવા વિસંગતતાની સ્થિતિમાં આધાર અપડેટ કરાવવામાં વિશેષ સુવિધા મળી રહી છે. આ ક્રમમાં, આધાર સેવાઓની સતત વધતી માંગ અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને, ગાંધીનગરમાં સેક્ટર-17 પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રનું શુભારંભ 7 જાન્યુઆરી, 2026ના રોજ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યું. સવારે 08:00 વાગ્યાથી સાંજે 06:00 વાગ્યા સુધી કાર્યરત આ બે નવા આધાર કાઉન્ટર સાથે હવે ગાંધીનગરમાં કુલ 38 પોસ્ટ ઓફિસ આધાર સેવા કેન્દ્રો કાર્યરત થયા છે. ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસમાં પણ લોકોને સમયબદ્ધ અને સરળ સેવા ઉપલબ્ધ કરાવવાના હેતુથી સવારે 08:00 વાગ્યાથી સાંજે 06:00 વાગ્યા સુધી બે આધાર કાઉન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં કુલ 257 પોસ્ટ ઓફિસ આધાર સેવા કેન્દ્રો દ્વારા આધાર સેવાઓ ઉપલબ્ધ છે. પોસ્ટ ઓફિસમાં આધાર નોંધણી તેમજ બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (5-7 વર્ષ અને 15-17 વર્ષના વય જૂથ માટે) સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવે છે. જ્યારે નામ, સરનામું, જન્મ તારીખ અથવા મોબાઈલ નંબર જેવા ડેમોગ્રાફિક સુધારાઓ માટે 75 ફી નિર્ધારિત કરવામાં આવી છે. ફિંગરપ્રિન્ટ અને ફોટો અપડેટ જેવા બાયોમેટ્રિક સુધારાઓ માટે 125 ફી ચૂકવવાની રહેશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે હાલમાં આધાર તમામ નાગરિકો માટે અનિવાર્ય બની ગયુ છે. આવા સમયમાં નવા આધાર સેવા કેન્દ્રોની શરૂઆત કરવાની આ પહેલ નાગરિક-કેન્દ્રિત સેવાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ જ ક્રમમાં ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા તમામ શાળાઓમાં બાળકોના ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ માટે પણ વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. વિવિધ શાળાઓ પોતાની જરૂરિયાત મુજબ વિશેષ કેમ્પ યોજવા માટે પોસ્ટ વિભાગને વિનંતી પણ કરી શકે છે. દૂરના વિસ્તારોમાં સામાન્ય લોકો સુધી પહોંચ સુનિશ્ચિત કરવા માટે પોસ્ટ ઓફિસમાં લેપટોપ આધાર કિટોના માધ્યમથી કેમ્પ દ્વારા આધાર નોંધણી તથા અપડેટ કરવાની સુવિધા આપવામાં આવી રહી છે, જેથી છેવાડા સુધી સેવાઓની અસરકારક પહોંચ સુનિશ્ચિત થઈ રહી છે. આ પહેલ ડિજિટલ ઈન્ડિયા, જનસેવા અને છેવાડા સુધી સેવાઓ પહોંચાડવાની દિશામાં પોસ્ટ વિભાગની પ્રતિબદ્ધતાને સ્પષ્ટ રીતે દર્શાવે છે. ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમારે જણાવ્યું કે યુઆઈડીએઆઈ દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ અનુસાર દરેક વ્યક્તિએ આધાર નોંધણી/અપડેટ કેન્દ્ર પર ઓછામાં ઓછા ત્રણ વખત હાજર રહેવું જરૂરી છે. પ્રથમ વખત 05 વર્ષની ઉંમર સુધી નવું આધાર નંબર મેળવવા માટે, બીજી વખત 05 વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ બાળકના પોતાના બાયોમેટ્રિક વિગતો ફરજિયાત રીતે અપડેટ કરાવવા માટે અને ત્રીજી વખત 15 વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ વ્યક્તિના પુનઃ બાયોમેટ્રિક અપડેટ માટે કેન્દ્ર પર હાજર રહેવું જરૂરી બને છે. બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (5-7 વર્ષ તથા 15-17 વર્ષની ઉંમર જૂથમાં) સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. આ પ્રસંગે ગાંધીનગરના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમાર, સહાયક નિદેશક શ્રી વી એમ વહોરા, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રી દીપક વાઢેર, સહાયક અધિક્ષક શ્રી હેમંત કંતાર, શ્રી દક્ષેશ ચૌહાણ, શ્રી ભાવિન પ્રજાપતિ તથા નિરીક્ષક શ્રી ચિરાગ સુથાર, પોસ્ટમાસ્ટર શ્રી ખેમચંદભાઈ વાઘેલા, સુશ્રી રઈસા મન્સૂરી, શ્રી સંજય પટેલ સહિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (5-7 વર્ષ તથા 15-17 વર્ષની ઉંમર જૂથમાં) સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. આ પ્રસંગે ગાંધીનગરના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમાર, સહાયક નિદેશક શ્રી વી એમ વહોરા, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રી દીપક વાઢેર, સહાયક અધિક્ષક શ્રી હેમંત કંતાર, શ્રી દક્ષેશ ચૌહાણ, શ્રી ભાવિન પ્રજાપતિ તથા નિરીક્ષક શ્રી ચિરાગ સુથાર, પોસ્ટમાસ્ટર શ્રી ખેમચંદભાઈ વાઘેલા, સુશ્રી રઈસા મન્સૂરી, શ્રી સંજય પટેલ સહિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## દેવગઢ બારીઆ નગર પાલિકા કુંભકર્ણ નિંદ્રા મા અને પ્રજા અકસ્માતો થી પરેશાન



**દેવગઢ બારીઆ, તા. 07**

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ સ્ટેશન શેરી વિસ્તાર મા નવીન આરસીસી રોડ બનાવવા માં આવેલ છે છતાં રસ્તો બની ગયો તો પણ બમ્પ મૂકવા મા આવેલ નથી આ સ્ટેશન શેરી વિસ્તાર શાળા હોસ્પિટલ બેંક તથા ટુ વ્હીલર શો રૂમ પણ આવેલા છે આ રોડ પર રેતી ના ડમ્પર તથા બાઈક્રાઈડરો ફુલ સ્પીડ માં વાહન હંકારી જાય છે જેના કારણે શાળા મા ભણતા વિધાર્થીઓ ને અકસ્માત નો ભય રહે છે નગર પાલિકા ને બમ્પ મૂકવા માટે કેટલી વાર અરજી આપવા છતાં પણ નગર પાલિકા ચીફ ઓફિસર પ્રમુખ આ બાબત ને આંખ આડા કાન કરે છે કારણ શું કોઈ મોટી ઘટના બને તો તેના માટે જવાબદાર કોણ નગર પાલિકા ચીફ ઓફિસર પ્રમુખ કોણ જવાબદારી લેશે તે આ સ્ટેશન શેરી ના રહીશો પૂછી રહ્યા વારંવાર રોજ ના અકસ્માત થાય છે છતાં નગર પાલિકા ના વોર્ડ નંબર 4 સભ્ય તથા પ્રમુખ ની આંખ ઊઘડતી નથી લાગે છે પાલિકા તંત્ર મોટા અકસ્માત ની રાહ જોઈ રહ્યું તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે આમ પ્રજા ને કયા સુધી તકલીફ વેઠવા ની તે પણ એક મોટો પ્રશ્ન ઊભો થયો છે આવનારા દિવસો માં જો બમ્પ નહીં બનાવાય તો ઉગ્ર આંદોલન થાય તેમાં કોઈ નવાઈ નહીં....

## તા.૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી પક્ષીઓને પતંગની દોરીથી ઘાયલ થતા બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે કરુણા અભિયાનનુ આયોજન

**ગાંધીનગર, તા. 07**

ગુજરાત સરકારના કુદરત પ્રત્યે શ્રેષ્ઠ અભિગમ દર્શાવતા કાર્યક્રમ તરીકે વન વિભાગ દ્વારા દર વર્ષે ઉત્તરાયણ પર્વ દરમિયાન તા.૧૦ જાન્યુઆરી થી તા.૨૦ જાન્યુઆરી સુધી પતંગની દોરીથી પક્ષીઓને ઘાયલ થતા બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે કરુણા અભિયાન હાથ ધરવામાં આવે છે.કરુણા અભિયાન-૨૦૨૬ હેઠળ લોક જાગૃતિ કેળવાય તેમજ જન સતર્કતાના ભાગરૂપે સામાજીક વનીકરણ વિભાગ, નડીઆદ દ્વારા જિલ્લાના વિવિધ સ્થળોએ કરૂણા અભિયાન અંગે તા.૧૦/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૧/૨૦૨૬ દરમિયાન નુક્કડ નાટક તથા શાળા-કોલેજમાં શિક્ષકો મારફત મુલાકાત લઈ બાળકોમાં કરૂણા અભિયાન વિશે જાગૃતતા ફેલાય તે માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સાથે જ કરૂણા અભિયાન-૨૦૨૬ અંતર્ગત બાઇક રેલીનું આયોજન કરવામાં આવશે. સામાજીક વનીકરણ વિભાગ, નડીઆદની તમામ રેંજમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી દરમિયાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે તાલુકા/રેંજ સ્તરે માહિતીની આપ-લે માટે કુલ ૦૮ કન્ટ્રોલ સેન્ટર તથા ૧૦ કલેક્શન સેન્ટર તૈયાર કરવામાં આવેલ છે. ઈજા પામેલ પક્ષીઓની સારવાર માટે વન વિભાગનો હેલ્પ લાઈન નંબર -૧૯૨૬, ૨૪*૭ કલાક કાર્યરત છે. જેની મદદથી લોકો વન વિભાગનો સંપર્ક કરી ઘાયલ પક્ષીઓની જાણકારી આપી શકે છે. જેથી ઘાયલ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી શકે. કરૂણા અભિયાન-૨૦૨૬ની તૈયારીના ભાગરૂપે નાયબ પશુપાલક નિયામકશ્રી પશુપાલન શાખા, ખેડા સાથે સંકલનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં પશુ દવાખાનાઓમાં તા.૧૦/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૧/૨૦૨૬ સુધીની કામગીરી માટે પશુ ચિકિત્સક અધિકારીશ્રી, પશુધન નિરીક્ષકોશ્રી, વેટેનરી પોલિક્લિનિક, એમ્બ્યુલન્સ વાન તથા મોબાઈલ વાન તૈયાર રહેશે. ઈજા પામેલ પક્ષીઓની સારવાર માટે કરૂણા એનિમલ એમ્બ્યુન્સ હેલ્પલાઈન નંબર ૧૯૬૨ કાર્યરત છે. જેના પર સંપર્ક કરી ઘાયલ પક્ષીઓને બચાવવાની કામગીરી તથા તાત્કાલિક સારવાર મળી રહેશે. વધુમાં, વન વિભાગના સ્થાનિક સ્ટાફને ચાઈનીઝ દોરી અને ટુક્કલ (સ્કાય લેન્ટર્ન)નું વેચાણ કે ઉપયોગ થતો હોય તે વિશે સ્થાનિક બજારોમાં ચકાસણી કરી અને પોલિસ વિભાગ સાથે સંકલન કરી પ્રતિબંધિત દોરીનો ઉપયોગ ન થાય તે અંગે સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે.

## ટપાલ જીવન વીમા એજન્ટોની ભરતી માટે વોક-ઈન ઈન્ટરવ્યૂ હવે તા. 19 જાન્યુઆરી, 2026ના રોજ યોજાશે

**ગાંધીનગર, તા. 07**

ભારતીય ટપાલ વિભાગના સીનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, અમદાવાદ સિટી ડિવિઝન દ્વારા ટપાલ જીવન વીમા (PLI) અને ગ્રામીણ ટપાલ જીવન વીમા (RPLI) ના વેચાણ માટે ડાયરેક્ટ એજન્ટોની નિમણૂક કરવા માટે વોક-ઈન ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ આ ઈન્ટરવ્યૂ તારીખ 12 જાન્યુઆરી, 2026ના રોજ નક્કી કરવામાં આવ્યા હતા, પરંતુ વહીવટી કારણોસર હવે તે તારીખમાં ફેરફાર કરીને નવી તારીખ 19 જાન્યુઆરી, 2026 નક્કી કરવામાં આવી છે. ઉપરોક્ત ઈન્ટરવ્યૂમાં લાયકાત ધરાવતા અને રસ ધરાવતા ઉમેદવારોએ તા. 19 જાન્યુઆરી, 2026ના રોજ સવારે 11:00 કલાકે સીનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસની કચેરી, અમદાવાદ સિટી ડિવિઝન, નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડિંગ, નવરંગપુરા બસ સ્ટેન્ડની સામે, અમદાવાદ 380009 ખાતે હાજર રહેવાનું રહેશે. ઉમેદવારોએ પોતાની અરજી અને બાયો-ડેટા સાથે પાસપોર્ટ સાઈઝના ફોટા, ઉંમરનો પુરાવો અને ધોરણ 10 પાસ અથવા તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાતના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલો સાથે લાવવાની રહેશે.આ ભરતી માટે 18 વર્ષથી વધુ ઉંમરના બેરોજગાર કે સ્વ-રોજગાર ધરાવતા યુવાનો, ભૂતપૂર્વ વીમા એજન્ટો, માજી સૈનિકો, આંગણવાડી કે મહિલા મંડળના કાર્યકરો અને ગ્રામ પંચાયતના સભ્યો અરજી કરી શકે છે. નોંધનીય છે કે, હાલમાં અન્ય કોઈ પણ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં કાર્યરત એજન્ટો આ માટે પાત્ર નથી. પસંદગી પામેલા ઉમેદવારોને સરકારના નિયમો અનુસાર કરેલા કામ મુજબ મહેનતાણું આપવામાં આવશે.

ધોરણ 7 પાસથી લઈને ઉચ્ચ અભ્યાસ સુધીના ઉમેદવારો માટે સ્થળ પર જ ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરાઈ

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ધારાસભ્ય શ્રી પાયલ કુકરાણીની ઉપસ્થિતિમાં રોજગાર ભરતી મેળો યોજાયો

**ગાંધીનગર, તા. 07**

અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના છારોડી સ્થિત કેમ્પસ ખાતે ધારાસભ્ય શ્રી પાયલ કુકરાણીની ઉપસ્થિતિમાં ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતી મેળો સફળતાપૂર્વક યોજાયો હતો. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ આયોજિત આ રોજગાર મેળામાં અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ઉત્સાહી ઉમેદવારોએ ભાગ લીધો હતો. આ રોજગાર મેળામાં ખાનગી ક્ષેત્રની 45થી વધુ નામાંકિત કંપનીઓએ ભાગ લઈ વિવિધ ક્ષેત્રોમાં કુલ 1500થી વધુ રોજગારીની તકો પુરી પાડવામાં આવી હતી. આ ભરતી મેળામાં ધોરણ 7 પાસથી લઈને ઉચ્ચ સ્નાતક સુધીના વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો માટે સ્થળ પર જ ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેના કારણે ઉમેદવારોને એક જ સ્થળે રોજગાર મેળવવાનો સારો અવસર પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી પાયલ કુકરાણીએ યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે ભારત પાસે રહેલી વિશાળ યુવા શક્તિ દેશના 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ' માટે સુવર્ણ તક છે. તેમણે જાપાનના અર્થતંત્રનું ઉદાહરણ આપી સમજાવ્યું હતું કે જો યુવાનો પૂરા ઉત્સાહ, કૌશલ્ય અને પ્રતિબદ્ધતા સાથે કાર્યરત થાય તો આગામી 20થી 25 વર્ષોમાં 'વિકસિત ભારત'નો સંકલ્પ ચોક્કસ સાકાર થશે. તેમણે ઉમેર્યું કે રોજગાર મેળવવો એ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ તે દેશની GDP અને સમૃદ્ધિમાં સીધું યોગદાન આપવાની મહત્વપૂર્ણ તક છે. આ પ્રસંગે મદદનીશ રોજગાર નિયામક સુશ્રી મોનિષા સહાનીએ જણાવ્યું હતું કે રોજગાર કચેરી દ્વારા સંચાલિત 'અનુબંધમ' પોર્ટલ નોકરીદાતાઓ અને ઉમેદવારોને જોડવાનું અસરકારક અને વિશ્વસનીય માધ્યમ બની રહ્યું છે. ગુજરાતમાં બેરોજગારીનો નીચો દર રોજગાર કચેરીઓની સક્રિય અને પરિણામલક્ષી કામગીરીનું પ્રતિબિંબ છે. તેમણે યુવાનોને શરૂઆતના પગારને પ્રાધાન્ય આપવાને બદલે લાંબાગાળાની કારકિર્દી વિકાસ, સતત કૌશલ્ય વૃદ્ધિ અને સ્કિલ ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાની અપીલ કરી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાયે 'શ્રમના ગૌરવ' પર ભાર મૂકતા જણાવ્યું હતું કે કોઈપણ કાર્યમાં વ્યક્તિનો હોદ્દો નહીં પરંતુ તેનું યોગદાન જ તેની સાચી ઓળખ નક્કી કરે છે. તેમણે નવી શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત કૌશલ્ય આધારિત શિક્ષણ અને તાલીમના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે જ્યારે કાર્યને પૂજા સમજીને કરવામાં આવે છે ત્યારે જ રાષ્ટ્ર નિર્માણમાં સાચું અને ટકાઉ યોગદાન આપી શકાય છે. આ પ્રસંગે રોજગાર અધિકારી શ્રી નિશાંત શુક્લા, શ્રી હિતેશ ગઢવી, પ્રો. ડૉ. નિલેશ મોદી સહિતના અધિકારીઓ, યુનિવર્સિટી સ્ટાફ તથા મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. (NEP-2020) અંતર્ગત કૌશલ્ય આધારિત શિક્ષણ અને તાલીમના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે જ્યારે કાર્યને પૂજા સમજીને કરવામાં આવે છે ત્યારે જ રાષ્ટ્ર નિર્માણમાં સાચું અને ટકાઉ યોગદાન આપી શકાય છે. આ પ્રસંગે રોજગાર અધિકારી શ્રી નિશાંત શુક્લા, શ્રી હિતેશ ગઢવી, પ્રો. ડૉ. નિલેશ મોદી સહિતના અધિકારીઓ, યુનિવર્સિટી સ્ટાફ તથા મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**સ્વદેશીની સાથે મહિલા સશક્તીકરણને ઉજાગર કરતા 'સશક્ત નારી મેળા'**

# રાજ્યભરના ૩૧ જિલ્લાઓમાં 'સશક્ત નારી મેળા' દ્વારા રૂ. ૪ કરોડથી વધુ કિંમતના સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ

**'વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે ઉપલબ્ધ**

**ગાંધીનગર, તા. 07**

વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અનેકવિધ નવા સ્વદેશી પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજી બાવળીયાના નેતૃત્વમાં 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતના ૩૧ જિલ્લાઓમાં તાજેતરમાં આયોજિત સશક્ત નારી મેળાએ સ્વદેશીની સાથેસાથે મહિલા સશક્તીકરણને પણ ઉજાગર કરી છે. આ જિલ્લાઓમાં આયોજિત નારી મેળા દ્વારા રૂ. ૪.૧૦ કરોડની કિંમતની સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરીને 'વન ડિસ્ટ્રીકટ, વન પ્રોડક્ટ' યોજનાને નવી દિશા આપી છે. રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ-GLPC દ્વારા ગત તા. ૧૮ થી ૨૩ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાઓમાં ૩ થી ૫ દિવસ સુધી નારી મેળાનું સફળ આયોજન કરીને 'વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવી છે. આ નારી મેળા દ્વારા વિવિધ જિલ્લાઓમાં કુલ ૨,૩૦૦થી વધુ સ્ટોલની અંદાજે પાંચ લાખથી વધુ ભાઈ-બહેનોએ મુલાકાત કરીને વિવિધ ઉત્પાદનોની ખરીદી કરી છે. 'સશક્ત નારીથી આત્મનિર્ભરતા તરફ' રાજ્ય સરકારના અભિયાનને વ્યાપક ગતિ આપવા સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન સાથે "સશક્ત નારી"ના સંકલ્પને ઉજાગર કરતો પ્રથમ મેળો બનાસકાંઠાના પાલનપુર ખાતે તા. ૧૧ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ યોજાયો હતો, જેનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો હતો. આ મેળામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે, કૃષિ, સહકાર, કુટીર ઉદ્યોગ, વન અને પર્યાવરણ તેમજ મહિલા આર્થિક વિકાસ નિગમ સહિત જિલ્લા વહીવટ તંત્રએ સહભાગી થઈને મહત્વની ભૂમિકા ભજવી હતી. આ મેળાએ રાજ્યભરની મહિલાઓને તેમની હસ્તકળા, હેન્ડલૂમ, પરંપરાગત ખાદ્યપદાર્થો, પ્રાકૃતિક ઉત્પાદનો અને સ્વદેશી ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ માટે સશક્ત બજાર પૂરું પાડ્યું છે. સશક્ત નારી મેળા એ માત્ર વેપાર મેળો નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓની મહેનત, આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાનું જીવંત પ્રતિબિંબ છે. મેળામાં ભાગ લેનાર બહેનો આજે માત્ર ઉત્પાદક નહીં, પરંતુ વડાપ્રધાનશ્રીના 'લોકલ ફોર વોકલ' અને 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના વિચારને જમીનીસ્તર પર મૂર્તિમંત કરી રહી છે. આ સશક્ત નારી મેળામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી સ્વ સહાય જૂથો, મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તૈયાર કરાયેલા હસ્તકળાના વિવિધ નમૂનાઓમાં ભરતકામ, હેન્ડલૂમ, ઝરીકામ, ખાદ્ય પદાર્થો અને પારંપરિક નાસ્તાઓ તથા ઓર્ગેનિક ઉત્પાદનોની વિશાળ શ્રેણીઓ સહિતના ઉત્પાદનોને મુલાકાતીઓનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. 'વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે જોવા મળી, જેના પરિણામે મેળો સાંસ્કૃતિક વૈવિધ્યનો ઉત્સવ પણ બની રહ્યો હતો. સશક્ત નારી મેળાના માધ્યમથી મહિલાઓ દ્વારા ઉત્પાદિત સ્વદેશી વસ્તુઓને એજન્ટ તેમજ સ્થળાંતર વિના સીધા ગ્રાહકો સુધી પહોંચવાની તક મળી છે જેના પરિણામે તેમને વધુ આવકની સાથે પ્રોત્સાહન પણ મળ્યું છે. વધુમાં, સશક્ત નારી મેળાના આયોજન દરમિયાન જ રાજ્ય સરકાર તરફથી ખાતરી આપવામાં આવી છે કે, આગામી સમયમાં આવા વધુને વધુ મેળાઓનું આયોજન, ઉત્પાદનોને ઑનલાઈન પ્લેટફોર્મ સાથે જોડાણ તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચ માટે જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ, રાજ્યના ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે. વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અનેકવિધ નવા સ્વદેશી પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજી બાવળીયાના નેતૃત્વમાં 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતના ૩૧ જિલ્લાઓમાં તાજેતરમાં આયોજિત સશક્ત નારી મેળાએ સ્વદેશીની સાથેસાથે મહિલા સશક્તીકરણને પણ ઉજાગર કરી છે. આ જિલ્લાઓમાં આયોજિત નારી મેળા દ્વારા રૂ. ૪.૧૦ કરોડની કિંમતની સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરીને 'વન ડિસ્ટ્રીકટ, વન પ્રોડક્ટ' યોજનાને નવી દિશા આપી છે. રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ-GLPC દ્વારા ગત તા. ૧૮ થી ૨૩ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાઓમાં ૩ થી ૫ દિવસ સુધી નારી મેળાનું સફળ આયોજન કરીને 'વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવી છે. આ નારી મેળા દ્વારા વિવિધ જિલ્લાઓમાં કુલ ૨,૩૦૦થી વધુ સ્ટોલની અંદાજે પાંચ લાખથી વધુ ભાઈ-બહેનોએ મુલાકાત કરીને વિવિધ ઉત્પાદનોની ખરીદી કરી છે. 'સશક્ત નારીથી આત્મનિર્ભરતા તરફ' રાજ્ય સરકારના અભિયાનને વ્યાપક ગતિ આપવા સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન સાથે "સશક્ત નારી"ના સંકલ્પને ઉજાગર કરતો પ્રથમ મેળો બનાસકાંઠાના પાલનપુર ખાતે તા. ૧૧ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ યોજાયો હતો, જેનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો હતો. આ મેળામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે, કૃષિ, સહકાર, કુટીર ઉદ્યોગ, વન અને પર્યાવરણ તેમજ મહિલા આર્થિક વિકાસ નિગમ સહિત જિલ્લા વહીવટ તંત્રએ સહભાગી થઈને મહત્વની ભૂમિકા ભજવી હતી. આ મેળાએ રાજ્યભરની મહિલાઓને તેમની હસ્તકળા, હેન્ડલૂમ, પરંપરાગત ખાદ્યપદાર્થો, પ્રાકૃતિક ઉત્પાદનો અને સ્વદેશી ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ માટે સશક્ત બજાર પૂરું પાડ્યું છે. સશક્ત નારી મેળા એ માત્ર વેપાર મેળો નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓની મહેનત, આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાનું જીવંત પ્રતિબિંબ છે. મેળામાં ભાગ લેનાર બહેનો આજે માત્ર ઉત્પાદક નહીં, પરંતુ વડાપ્રધાનશ્રીના 'લોકલ ફોર વોકલ' અને 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના વિચારને જમીનીસ્તર પર મૂર્તિમંત કરી રહી છે. આ સશક્ત નારી મેળામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી સ્વ સહાય જૂથો, મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તૈયાર કરાયેલા હસ્તકળાના વિવિધ નમૂનાઓમાં ભરતકામ, હેન્ડલૂમ, ઝરીકામ, ખાદ્ય પદાર્થો અને પારંપરિક નાસ્તાઓ તથા ઓર્ગેનિક ઉત્પાદનોની વિશાળ શ્રેણીઓ સહિતના ઉત્પાદનોને મુલાકાતીઓનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. 'વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે જોવા મળી, જેના પરિણામે મેળો સાંસ્કૃતિક વૈવિધ્યનો ઉત્સવ પણ બની રહ્યો હતો. સશક્ત નારી મેળાના માધ્યમથી મહિલાઓ દ્વારા ઉત્પાદિત સ્વદેશી વસ્તુઓને એજન્ટ તેમજ સ્થળાંતર વિના સીધા ગ્રાહકો સુધી પહોંચવાની તક મળી છે જેના પરિણામે તેમને વધુ આવકની સાથે પ્રોત્સાહન પણ મળ્યું છે. વધુમાં, સશક્ત નારી મેળાના આયોજન દરમિયાન જ રાજ્ય સરકાર તરફથી ખાતરી આપવામાં આવી છે કે, આગામી સમયમાં આવા વધુને વધુ મેળાઓનું આયોજન, ઉત્પાદનોને ઑનલાઈન પ્લેટફોર્મ સાથે જોડાણ તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચ માટે જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ, રાજ્યના ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.



## કોટંબી સ્ટેડિયમમાં 11મીએ ન્યૂઝી.સામે વન-ડે જંગ

# વડોદરા એરપોર્ટ પર કોહલીની ઝલક જોવા ચાહકોની પડાપડી:શુભમન ગિલ અને ન્યૂઝીલેન્ડની ટીમ આવી

**મુંબઈ, તા. 07**

વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં આગામી 11 જાન્યુઆરી અને રવિવારના રોજ યોજાનારી ભારત ન્યુઝીલેન્ડની પહેલી ઈન્ટરનેશનલ વન-ડે મેચને લઈ આજે 7 જાન્યુઆરીએ ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓનું આગમન થયું છે. ભારતીય ક્રિકેટજગતના સ્ટાર વિરાટ કોહલીને જોવા માટે એરપોર્ટ પર પડાપડી જોવા મળી હતી.

નિર્ધારિત સમય અનુસાર, ભારતીય ક્રિકેટર અલગ અલગ સમયે વડોદરા એરપોર્ટ પર પહોચી રહ્યા છે. શિડ્યૂલ અનુસાર રોહિત રાણા અને નીતિશ રેડ્ડી, કુલદીપ યાદવ અને સ્ટાર ખેલાડી વિરાટ કોહલીનું આગમન થઈ ચૂક્યું છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલ સહિત ન્યૂઝીલેન્ડની ટીમ વડોદરા એરપોર્ટ પર આવી ગઈ છે. એરપોર્ટ પર ગિલને જોવા જમાવડો જામ્યો હતો. સાંજે અન્ય ખેલાડીઓનું પણ આગમન થશે. વિરાટ કોહલીને જોવા એરપોર્ટ પર ભારે ભીડ જામી ખેલાડીઓના આગમનને લઈ પ્રશંસકોની ભારે ભીડ એરપોર્ટ પર જોવા મળી હતી. આ ભીડને કંટ્રોલ કરવા ખાનગી બાઉન્સર અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. એરપોર્ટ પર કોહલી આવતાં જ કોહલી કોહલીની બૂમો પાડવા લાગી હતી. નિર્ધારિત સમય અનુસાર, ભારતીય ક્રિકેટર અલગ અલગ સમયે વડોદરા એરપોર્ટ પર પહોચી રહ્યા છે. શિડ્યૂલ અનુસાર રોહિત રાણા અને નીતિશ રેડ્ડી, કુલદીપ યાદવ અને સ્ટાર ખેલાડી વિરાટ કોહલીનું આગમન થઈ ચૂક્યું છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલ સહિત ન્યૂઝીલેન્ડની ટીમ વડોદરા એરપોર્ટ પર આવી ગઈ છે. એરપોર્ટ પર ગિલને જોવા જમાવડો જામ્યો હતો. સાંજે અન્ય ખેલાડીઓનું પણ આગમન થશે. વિરાટ કોહલીને જોવા એરપોર્ટ પર ભારે ભીડ જામી ખેલાડીઓના આગમનને લઈ પ્રશંસકોની ભારે ભીડ એરપોર્ટ પર જોવા મળી હતી. આ ભીડને કંટ્રોલ કરવા ખાનગી બાઉન્સર અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. એરપોર્ટ પર કોહલી આવતાં જ કોહલી કોહલીની બૂમો પાડવા લાગી હતી. નિર્ધારિત સમય અનુસાર, ભારતીય ક્રિકેટર અલગ અલગ સમયે વડોદરા એરપોર્ટ પર પહોચી રહ્યા છે. શિડ્યૂલ અનુસાર રોહિત રાણા અને નીતિશ રેડ્ડી, કુલદીપ યાદવ અને સ્ટાર ખેલાડી વિરાટ કોહલીનું આગમન થઈ ચૂક્યું છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલ સહિત ન્યૂઝીલેન્ડની ટીમ વડોદરા એરપોર્ટ પર આવી ગઈ છે. એરપોર્ટ પર ગિલને જોવા જમાવડો જામ્યો હતો. સાંજે અન્ય ખેલાડીઓનું પણ આગમન થશે. વિરાટ કોહલીને જોવા એરપોર્ટ પર ભારે ભીડ જામી ખેલાડીઓના આગમનને લઈ પ્રશંસકોની ભારે ભીડ એરપોર્ટ પર જોવા મળી હતી. આ ભીડને કંટ્રોલ કરવા ખાનગી બાઉન્સર અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. એરપોર્ટ પર કોહલી આવતાં જ કોહલી કોહલીની બૂમો પાડવા લાગી હતી. આ બે હોટલમાં બંને ટીમો રોકાશે

વડોદરામાં બંને ટીમ માટે જુદી જુદી હોટલ બુક કરાઈ છે, જેમાં ભારતની ટીમ હયાત હોટલમાં રોકાશે, જ્યારે ન્યૂઝીલેન્ડની ટીમ આઈટીસી વેલકમમાં રોકાશે. જ્યારે મેચ ઓફિશિયલ્સ માટે આઈટીસી વેલકમમાં જ રોકાવાનું આયોજન કરાયું છે.

વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં 8 જાન્યુઆરીએ ન્યૂઝીલેન્ડ બપોરે 1.30થી પ્રેક્ટિસ કરશે, જ્યારે ભારત સાંજે 5.30 વાગ્યાથી 8.30 વાગ્યા સુધી પ્રેક્ટિસ કરશે. 9 અને 10 જાન્યુઆરીએ પણ બંને ટીમના ખેલાડીઓ 3-3 કલાક સુધી પ્રેક્ટિસ કરશે.

બીજી તરફ, BCAના 2 હજાર સભ્યોને સ્ટેડિયમના બે કોમ્પ્લિમેન્ટરી પાસ આપવાનું નક્કી કરાયું હતું. મંગળવારે એલેમ્બિક સંસ્કૃતિ હોલ અને મોતીબાગ મળી સવારે 10.30થી સાંજે 5.30 વાગ્યા સુધી 1200થી વધુ સભ્યને પાસ આપવામાં આવ્યા હતા. સભ્યોને જમવાની કૂપન, પાર્કિંગ પાસ પણ આપવામાં આવ્યાં હતાં. પાસધારક તમામને કોટંબી સ્ટેડિયમના ગેટ-1થી પ્રવેશ મેળવવા કહેવાયું હતું. જ્યારે મેચના પાસની સગવડ કરવા હજી ઘણા લોકો પોતાના સંપર્ક કામે લગાવી રહ્યા છે, જોકે બીસીએએ પાસનું વેચાણ હવે બંધ કરી દીધું છે અને ઠગોથી દૂર રહેવા અપીલ કરી હતી.

વન-ડે સિરીઝ માટે ભારતની સંભવિત પ્લેઈંગ-11: શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, વોશિંગ્ટન સુંદર, કેએલ રાહુલ (વિકેટકીપર), રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, મોહમ્મદ સિરાજ અને અર્શદીપ સિંહ.

એક્સ્ટ્રા: પ્રસિદ્ધ ક્રિષ્ના, યશસ્વી જયસ્વાલ, નીતિશ કુમાર રેડ્ડી, રિષભ પંત (વિકેટકીપર).

ન્યૂઝીલેન્ડની વન-ડે ટીમ માઈકલ બ્રેસવેલ (કેપ્ટન), આદી અશોક, ક્રિશ્ચિયન ક્લાર્ક, જોશ ક્લાર્કસન, ઝેકરી ફોલ્ક્સ, નિક કેલી, જેડન લેનોક્સ, માઈકલ રે, ડેવોન કોનવે, કાઈલ જેમિસન, ડેરિલ મિચેલ, હેનરી નિકોલ્સ, ગ્લેન ફિલિપ્સ અને વિલ યંગ.

વડોદરા શહેરના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં આગામી 11 જાન્યુઆરી, 2026ના રોજ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમાવાની છે. આ મેચને લઈ ટિકિટ બુક કરાવવા માટે ફેક વેબસાઈટની લિંક વાઈરલ થઈ છે, જેને લઈને બરોડા ક્રિકેટ એસોસિયેશન દ્વારા ક્રિકેટરસિકોને આવી ફેક લિંક અને વેબસાઈટથી ટિકિટ બુકિંગ ન કરાવવા માટે અપીલ કરાઈ છે.

# બાંગ્લાદેશને ભારતમાં જ રમવી પડશે વર્લ્ડ કપ મેચ:ICCએ સ્થળ બદલવાની માગ ફગાવી, નહીં રમે તો પોઇન્ટ્સ કપાશે



**મુંબઈ, તા. 07**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ની ટી-20 વર્લ્ડ કપના સ્થળ બદલવાની માગને ફગાવી દીધી છે. ICCએ સ્પષ્ટ કર્યું છે કે બાંગ્લાદેશને તેની તમામ લીગ મેચો ભારતમાં જ રમવી પડશે, નહીં તો તેને પોતાના પોઈન્ટ ગુમાવવા પડશે. BCBએ મુસ્તફિઝુર રહેમાનને IPLમાંથી બહાર કર્યા પછી સુરક્ષા કારણોનો હવાલો આપતા ભારતમાં ટી-20 વર્લ્ડ કપની મેચો રમવાનો ઈનકાર કર્યો હતો અને ICCને તેની મેચો શ્રીલંકામાં ખસેડવા અપીલ કરી હતી. ન્યૂઝ એજન્સી ANIના રિપોર્ટ અનુસાર, મંગળવારે ICC અધ્યક્ષ જય શાહ અને કેટલાક અન્ય અધિકારીઓ મુંબઈમાં હાજર હતા. તેમણે પહેલા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના અધિકારીઓ સાથે ચર્ચા કરી અને ત્યાર બાદ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સાથે વાતચીત કરી. ICCએ સ્પષ્ટપણે કહ્યું હતું કે સ્થળમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં અને બાંગ્લાદેશને ભારતમાં જ વર્લ્ડ કપની મેચો રમવી પડશે, નહીં તો તેને પોઈન્ટ ગુમાવવા પડશે. મુસ્તફિઝુર રહેમાને છેલ્લીવાર ચેન્નઈ સુપર કિંગ્સ માટે IPL રમ્યો હતો. 2025માં મિની ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સે તેને ખરીદ્યો હતો. મુસ્તફિઝુર રહેમાને છેલ્લીવાર ચેન્નઈ સુપર કિંગ્સ માટે IPL રમ્યો હતો. 2025માં મિની ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સે તેને ખરીદ્યો હતો. શું છે આખો વિવાદ? 16 ડિસેમ્બરે IPL મિની ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ બાંગ્લાદેશી બોલર મુસ્તફિઝુર રહેમાનને 9.20 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આ પછી બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાના કારણે ભારતમાં મુસ્તફિઝુરનો વિરોધ થવા લાગ્યો. અત્યારસુધી ત્યાં 6 હિંદુની હત્યા કરવામાં આવી છે. બાદમાં BCCIએ મુસ્તફિઝુરને IPL રમવાની મંજૂરી આપી ન હતી અને 3 જાન્યુઆરીએ KKRએ તેને રિલીઝ કરી દીધો.

## 2 ટીમોએ કેપ્ટન બદલ્યા; કંઈ ટીમો ખિતાબની સૌથી મોટી દાવેદાર?

# WPL સિઝન-4: 28 દિવસમાં 22 મેચ:મુંબઈમાં MI-RCB વચ્ચે ઓપનિંગ મુકાબલો

### WPLમાં 3 સિઝન સુધી એક પણ ડબલ હેડર એટલે કે એક દિવસમાં 2 મેચ રમાઈ ન હતી. જોકે, આ વખતે શિડ્યૂલમાં 2 ડબલ હેડર શામેલ છે

**મુંબઈ, તા. 07**

વુમન્સ પ્રીમિયર લીગ (WPL)ની ચોથી સિઝન 9 જાન્યુઆરીથી શરૂ થવાની છે. પ્રથમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે રમાશે. મુકાબલો સાંજે 7:30 વાગ્યે નવી મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમમાં રમાશે. 5 ટીમો વચ્ચે 28 દિવસ સુધી ચાલનારી આ ટુર્નામેન્ટમાં 22 મેચ રમાશે. વડોદરામાં 3 ફેબ્રુઆરીએ એલિમિનેટર અને 5 ફેબ્રુઆરીએ ફાઈનલ રમાશે. 2 સ્થળોએ મુકાબલાઓ થશે. નવી સિઝન પહેલા 5 માંથી 2 ટીમોએ પોતાના કેપ્ટન બદલી નાખ્યા છે.

1. ક્યાં ફોર્મેટમાં રમાશે ટુર્નામેન્ટ?

WPL દર વખતની જેમ લીગ ફોર્મેટમાં રમાશે. પાંચેય ટીમો એકબીજા સામે 2-2 મેચ રમશે. એટલે કે એક ટીમ ટુર્નામેન્ટમાં 8 મેચ રમશે. લીગ સ્ટેજ સમાપ્ત થયા પછી, પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર રહેલી ટીમ સીધી ફાઈનલમાં પ્રવેશ કરશે. જ્યારે 2 અને 3 નંબરની ટીમો વચ્ચે એલિમિનેટર રમાશે, જેને જીતનારી ટીમ પણ ફાઈનલમાં સ્થાન બનાવશે. 4 અને 5 નંબરની ટીમ બહાર થઈ જશે.

2. કેટલા દિવસ ડબલ હેડર હશે?

WPLમાં 3 સિઝન સુધી એક પણ ડબલ હેડર એટલે કે એક દિવસમાં 2 મેચ રમાઈ ન હતી. જોકે, આ વખતે શિડ્યૂલમાં 2 ડબલ હેડર શામેલ છે. બંને ડીવાય પાટીલ સ્ટેડિયમમાં શનિવારે રમાશે. પ્રથમ ડબલ હેડર 10 જાન્યુઆરી અને બીજી 17 જાન્યુઆરીએ રમાશે.

3. ક્યાં સ્થળે કેટલી મેચો રમાશે?

આ વખતે 4ને બદલે 2 જ સ્થળોએ ટુર્નામેન્ટ રમાશે. મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમમાં શરૂઆતની 11 મેચો અને વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં છેલ્લી 11 મેચો રમાશે. વડોદરામાં જ પ્લેઓફની બંને મેચો રમાશે.

4. પ્લેઈંગ-11માં કેટલી વિદેશી ખેલાડીઓ રહી શકે છે?

એક ટીમની પ્લેઈંગ-11માં વધુમાં વધુ 4 વિદેશી ખેલાડીઓ રહી શકે છે. જ્યારે બાકીના 7 ખેલાડીઓ ભારતના હોવા જોઈએ. જ્યારે કોઈ ટીમ જો એસોસિયેટ દેશના ખેલાડીને પ્લેઈંગ-11માં સામેલ કરે છે, તો તેમની પાસે 5 વિદેશી ખેલાડીઓને રમાડવાની સુવિધા પણ રહે છે.

5. કેટલી ટીમો અને કેપ્ટન કોણ?

ચોથી સિઝનમાં પણ 5 ટીમો જ ભાગ લઈ રહી છે. મુંબઈ ઈન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, દિલ્હી કેપિટલ્સ, યુપી વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ. આમાંથી મુંબઈ, ગુજરાત અને બેંગલુરુ સિવાયની ટીમોએ પોતાના કેપ્ટનને બદલી નાખ્યા છે. દિલ્હીની કેપ્ટનશીપ જેમિમા રોડ્રિગ્ઝ કરશે. જ્યારે યુપીની કેપ્ટન મેગ લેનિંગ રહેશે, જેમણે આ પહેલા દિલ્હીની કેપ્ટનશીપ કરતા ટીમને ત્રણેય સિઝનમાં ફાઈનલ સુધી પહોંચાડી હતી.

6. શું WPLમાં પણ ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ રહેશે?

# રણબીર સાથે ફરી રોમેન્ટિક ફિલ્મ કરશે દીપિકા!



**મુંબઈ, તા. 07**

તાજેતરમાં દીપિકા પાદુકોણે મુંબઈમાં પોતાના ચાહકો માટે એક ખાસ ફેન મીટ સેશન રાખ્યું હતું. આ દરમિયાન એક્ટ્રેસ દેશભરના 50 ચાહકોને મળી હતી. આ સેશનમાં ચાહકોએ દીપિકાને ઘણા પ્રશ્નો પૂછ્યા અને તેણે બધાંના જવાબ પણ આપ્યા. સેશન દરમિયાન એક્ટ્રેસને પૂછવામાં આવ્યું કે, તે ક્યારે કોઈ રોમેન્ટિક કોમેડી ફિલ્મમાં જોવા મળશે? આના પર તેણે જવાબ આપ્યો- 'મને પૂરી આશા છે કે ખૂબ જ જલ્દી. જેમ કે તમે બધાં જાણો છો, આ મારી મનપસંદ શૈલી છે. એક દર્શક તરીકે પણ અને એક એક્ટ્રેસ તરીકે પણ.' 'મને લાગે છે કે અત્યારનું વાતાવરણ... દર્શકો કંઈક અલગ જોવા માંગે છે. પરંતુ જો તમારામાંથી આટલા બધાં લોકો રોમેન્ટિક કોમેડી જોવા માંગે છે, તો મને ખાતરી છે કે મોટાભાગના લોકો પણ આ જ ઈચ્છે છે.' જેવું દીપિકાએ આ કહ્યું, એક ફેને હૃતિક રોશનનું નામ લીધું. સેશનના હોસ્ટે આ વાત પર ત્યાં હાજર ફેન્સ પાસેથી એક પોલ કરાવ્યો કે, રોમેન્ટિક કોમેડીમાં દીપિકાએ કોની સાથે કામ કરવું જોઈએ... હૃતિક રોશન, શાહરુખ ખાન કે તેના પતિ રણવીર સિંહ? વાતચીત દરમિયાન, દીપિકાએ શાહરુખ ખાન, રણવીર સિંહ કે રણબીર કપૂર સાથે એક રોમેન્ટિક કોમેડી ફિલ્મમાં સ્ક્રીન શેર કરવાની સંભાવના વિશે વાત કરી અને સ્વીકાર્યું કે તે આ જોનરમાં સારી વાર્તાઓ શોધી રહી છે. એવી અફવા ચાલી રહી છે કે દીપિકા અયાન મુખર્જીની આગામી રોમેન્ટિક ફિલ્મ માટે રણબીર કપૂર સાથે કામ કરી શકે છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. તેણે કહ્યું- 'આ એવી વસ્તુ છે, જેની શોધમાં હું અને મારી ટીમ લાગેલા રહીએ છીએ. અમે સતત ડ્રામા, લવ સ્ટોરી, રોમેન્ટિક કોમેડી જેવા જોનરની ફિલ્મો શોધતા રહીએ છીએ. પરંતુ મને લાગે છે કે આ પ્રકારના કન્ટેન્ટને સપોર્ટ કરનારા અથવા આ સમયે આ પ્રકારની ફિલ્મો અને ટીવી શો લખનારા બહુ ઓછા મેકર્સ છે.' દીપિકાએ પોતાના ફેન્સને એ પણ પૂછ્યું કે, શું તેઓ રોમેન્ટિક કોમેડી ફિલ્મને OTT પર જોવાનું પસંદ કરશે કે થિયેટરમાં? ફેન્સે જવાબમાં થિયેટર કહ્યું. પછી દીપિકાએ પૂછ્યું- 'જો હું OTT પર કામ કરું, તો શું તમે નારાજ થશો?' એક ફેને જવાબ આપ્યો- 'તમે મોટા પડદા માટે જ બન્યા છો.' અન્ય એક ફેને રમુજી અંદાજમાં કહ્યું- 'જ્યાં સુધી તમારું પાત્ર મરતું નથી, ત્યાં સુધી બધું બરાબર છે.' દીપિકા હસતાં હસતાં કહે છે- 'મારી મમ્મી પણ આ જ કહેતી રહે છે.' નોંધનીય છે કે, દીપિકાની ઘણી ફિલ્મોમાં તેના પાત્રો મૃત્યુ પામે છે, જેમાં તેની પહેલી ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ', 'ગોલિયોં કી રાસલીલા રામલીલા', 'પદ્માવત' અને 'જવાન'નો સમાવેશ થાય છે. દીપિકા ટૂંક સમયમાં શાહરુખ ખાનની ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે.



## 'કોઈને ઊંચા લાવવા માટે બીજાને નીચે પાડવાની જરૂર નથી':'શરારત' ગીત માટે

# તમન્ના ભાટિયા સાથે સતત સરખામણીને લઈ ક્રિસ્ટલ ડિસોઝાએ મૌન તોડ્યું

**મુંબઈ, તા. 07**

ધુરંધર' તો બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી જ રહી છે, સાથે સાથે તેના ગીતો પણ સતત ટ્રેન્ડ કરી રહ્યા છે. હાલમાં ફિલ્મનું 'શરારત' ગીત ખૂબ ટ્રેન્ડમાં છે. ફિલ્મની રિલીઝ પછી તેના કોરિયોગ્રાફર વિજય ગાંગુલીએ કહ્યું હતું કે પહેલા તે 'શરારત' ગીતમાં ક્રિસ્ટલ ડિસોઝા અને આયેશા ખાનની જગ્યાએ તમન્ના ભાટિયાના નામ પર વિચાર કરી રહ્યા હતા, પરંતુ આદિત્ય ધરે તેનો ઈનકાર કરી દીધો. જોકે, બાદમાં તેણે સ્પષ્ટ કર્યું હતું કે, તમન્નાનો ક્યારેય સંપર્ક કરવામાં આવ્યો ન હતો, ફક્ત તેના નામ પર વિચાર કરવામાં આવ્યો હતો. હવે ગીતમાં ડાન્સ કરનાર એક્ટ્રેસ ક્રિસ્ટલ ડિસોઝાએ પણ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેનું કહેવું છે કે, જો તમન્ના ગીતનો ભાગ હોત, તો તે તેના કરતાં વધુ સારું કરત. ક્રિસ્ટલ ડિસોઝાએ તાજેતરમાં 'ફ્રી પ્રેસ જર્નલ'ને આપેલા ઈન્ટરવ્યુમાં તમન્નાને બદલે પોતે આ ગીત કરવા વિશે વાત કરતા કહ્યું છે કે, 'મને લાગે છે કે તે (તમન્ના) તેને પોતાની જ શૈલીમાં અદ્ભુત રીતે ભજવત. તે તેના પર સંપૂર્ણપણે પોતાનો હક જમાવી લેત. અને ઘણી વાર જે જેના માટે લખાયેલું હોય છે, તે જ થાય છે. તમે તેમાં કંઈ બદલી શકતા નથી.

# મહાકુંભ ગર્લ મોનાલિસાનો રોમેન્ટિક અંદાજ!

### 'દિલ જાનિયા' ગીતમાં બોલિવૂડ જેવાં નખરાં જોવા મળ્યાં, ફેન્સે કહ્યું, એક્સપ્રેશનમાં તો આલિયાને ટૂંકી પાડી દીધી

**મુંબઈ, તા. 07**

ગયા વર્ષે પ્રયાગરાજ મહાકુંભમાંથી વાઈરલ થયેલી મોનાલિસા તો તમને યાદ જ હશે હા, એ જ માંજરી આંખોવાળી... માળા વેચનારી છોકરી. તે મોનાલિસા હવે એક્ટ્રેસ બની ગઈ છે. મોનાલિસા એક વર્ષથી તેની ફિલ્મ 'ધ મણિપુર' ડાયરીનું શૂટિંગ કરી રહી હતી. હજુ પણ તે ફિલ્મ પર કામ કરી રહી છે. ફિલ્મ ક્યારે રિલીઝ થશે એની તારીખ હજુ આવી નથી, પરંતુ તેનું નવું ગીત 'દિલ જાનિયા'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે, જેમાં મોનાલિસાનો સુંદર લુક જોવા મળી રહ્યો છે.

ફેન્સ તેની અદાને ખૂબ પસંદ કરી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામના એક યુઝરે કહ્યું- 'નસીબ હોય તો મોનાલિસા જેવું.'

મોનાલિસાના નવા ગીતનું ટીઝર વિનસ એન્ટરટેઈનમેન્ટે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યું છે. એની સાથે એક્ટર સમર્થ મહેતા છે. આ ગીત લૈસલ રાયે ગાયું છે. રાજા હરભજન સિંહ ગીતના કમ્પોઝર છે અને તેના બોલ ગગનદીપે લખ્યા છે. ગીતનું ડિરેક્શન રિધમ સંધ્યાએ કર્યું છે. આ ગીત 8 જાન્યુઆરીએ રિલીઝ થશે. ટીઝરની વાત કરીએ તો તેમાં મોનાલિસાનો સૂટ-સલવારમાં રોમેન્ટિક અંદાજ જોવા મળી રહ્યો છે.



'આવા એક્સપ્રેશન તો આલિયાએ પણ નથી આપ્યા'

ગીતમાં મોનાલિસાને ઓળખવી મુશ્કેલ થઈ રહી છે. લોકો કહી રહ્યા છે કે શું આ એ જ છોકરી છે, જે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં લાગેલા મહાકુંભ મેળામાં માળા વેચવા ગઈ હતી. લોકો ટીઝર જોયા પછી મોનાલિસાની એક્ટિંગનાં વખાણ પણ કરી રહ્યા છે. એકે લખ્યું, 'આવા એક્સપ્રેશન તો આલિયાએ પણ નથી આપ્યા'.

કોણ છે મોનાલિસા?

મહાકુંભમાં પોતાની સુંદરતાના કારણે સાધ્વીના વાઈરલ થતા વીડિયો બધાએ જોયા છે, પરંતુ એ પછી મધ્યપ્રદેશની રહેવાસી મોનાલિસા પણ હેડલાઈન્સમાં છે, જોકે મોનાલિસા તેના વીડિયો વાઈરલ થવાથી અને યુટ્યૂબર્સ દ્વારા તેના વીડિયો બનાવવાથી પણ ચિંતિત છે. બ્રાઉન બ્યૂટી તરીકે ફેમસ થઈ રહેલી મોનાલિસા મહાકુંભમાં માળા વેચતી જોવા મળી હતી. આ પછી કોઈએ તેનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો અને એ વાઈરલ થઈ ગયો. ત્યારથી ઘણા લોકો મહાકુંભમાં મોનાલિસાને શોધી રહ્યા છે અને તેની સાથે ફોટોગ્રાફ્સ લઈ રહ્યા છે, તેનો વીડિયો બનાવી રહ્યા છે અને એના કારણે તેને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

ડિરેક્ટર સનોજ મિશ્રાએ 'ધ ડાયરી ઓફ મણિપુર'માં મોનાલિસાને ઓફર આપી

મોનાલિસાને યુપીના રહેવાસી ડિરેક્ટર સનોજ મિશ્રાએ પોતાની ફિલ્મ ઓફર કરી હતી. 'ધ ડાયરી ઓફ મણિપુર'માં મોનાલિસા અનુપમ ખેરની દીકરીનો કિરદાર નિભાવી રહી છે. ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે.

# ચાંદી ₹2.46 લાખના ઓલ ટાઈમ હાઈ પર: ₹2,894 મોંઘી થઈ, સોનું ₹45 ઘટીને ₹1.37 લાખ થયું...

**નવી દિલ્હી, તા.07**

ચાંદીનો ભાવ આજે એટલે કે 7 જાન્યુઆરીએ ઓલ ટાઈમ હાઈ પહોંચી ગયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, તે 2,894 રૂપિયા વધીને 2,46,044 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. આ પહેલા ગઈકાલે તે 2,43,150 રૂપિયા પર હતો.

જ્યારે, સોનાના ભાવમાં આજે ઘટાડો છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 45 રૂપિયા ઘટીને 1,36,615 રૂપિયા પર આવી ગયો છે. આ પહેલા તે 1,36,660 રૂપિયા પર હતો. જ્યારે, સોનું 29 ડિસેમ્બર 2025 ના રોજ 1,38,161 રૂપિયાની ઓલ ટાઈમ હાઈ પહોંચ્યું હતું.



ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૂ-રાજકીય - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

ઔદ્યોગિક માંગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EV માં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાથી કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધામાં - ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

આવનારા દિવસોમાં ભાવ વધુ વધી શકે છે કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ચાંદીની માંગમાં હાલમાં તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવા સંજોગોમાં, ચાંદી આ વર્ષે 2.75 લાખ સુધી જઈ શકે છે. જ્યારે સોનાની વાત કરીએ તો તેની માંગમાં પણ તેજી જળવાઈ રહી છે. આવા સંજોગોમાં, આ વર્ષના અંત સુધીમાં તે 1.50 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામને પાર કરી શકે છે.

# સેન્સેક્સ 102 અંક ઘટીને 84,961 પર બંધ થયો: નિફ્ટી પણ 37 અંક ગગડ્યો, ઓટો અને બેન્કિંગ શેરોમાં વેચવાલી

**મુંબઈ, તા.07**

શેરબજારમાં આજે એટલે કે 7 જાન્યુઆરીએ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ લગભગ 102 પોઈન્ટના ઘટાડા સાથે 84,961ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 37 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 26,140 ના સ્તરે બંધ થયો. ઓટો, બેન્કિંગ અને FMCG શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.09% વધીને 4,574 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.50% ઘટીને 52,257 પર કારોબાર કરી રહ્યો છે.



હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.90% ઘટીને 26,469 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.20% વધીને 4,091 પર કારોબાર કરી રહ્યો છે.

6 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.99% વધીને 49,462 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.65% નો ઘટાડો અને S&P 500 માં 0.62% નો વધારો જોવા મળ્યો.

6 જાન્યુઆરીએ FII એ 142 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. જ્યારે DII એ 1,528 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,349.62 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,619.91 કરોડના શેર ખરીદ્યા.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

ગઈકાલે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો આ પહેલા ગઈકાલે એટલે કે 6 જાન્યુઆરીએ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 376 અંક ઘટીને 85,063 ના સ્તર પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 71 અંકનો ઘટાડો રહ્યો, તે 26,178 પર બંધ થયો હતો. એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.09% વધીને 4,574 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.50% ઘટીને 52,257 પર કારોબાર કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.90% ઘટીને 26,469 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.20% વધીને 4,091 પર કારોબાર કરી રહ્યો છે. 6 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.99% વધીને 49,462 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.65% નો ઘટાડો અને S&P 500 માં 0.62% નો વધારો જોવા મળ્યો. 6 જાન્યુઆરીએ FII એ 142 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

# સરકારી કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ : મોંઘવારી ભથ્થું જાન્યુઆરીમાં વધીને 60% થવાની શક્યતા

**મુંબઈ, તા.07**

કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનધારકો માટે નવા વર્ષની ભેટ તૈયાર છે. જાન્યુઆરી 2026થી મોંઘવારી ભથ્થા(DA) અને મોંઘવારી રાહત(DR)માં 2 ટકાનો વધારો થવો લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યો છે. આ વધારા બાદ કર્મચારીઓનો DA 58%થી વધીને 60% થઈ જશે. લેબર બ્યુરો દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર ડેટા અનુસાર, કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાની ગણતરી માટેના મુખ્ય આધાર એવા 'ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ' (AICPI-IW)માં નવેમ્બર 2025 દરમિયાન 0.5 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે, જેનાથી આ આંકડો હવે 148.2 પર પહોંચી ગયો છે. 7મા પગાર પંચના નિર્ધારિત નિયમો મુજબ, મોંઘવારી ભથ્થું છેલ્લા 12 મહિનાના ગ્રાહક ભાવ સૂચકાંકના



સરેરાશ આધારે નક્કી કરવામાં આવે છે. નિષ્ણાતોના મતે, જુલાઈથી નવેમ્બર 2025 સુધીના સતત વધતા આંકડાઓને જોતા DA અત્યારે 59.93%ની સપાટીએ પહોંચ્યું છે. આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે જો આગામી ડિસેમ્બર મહિનાનો ઈન્ડેક્સ સ્થિર રહે અથવા તેમાં સામાન્ય ઘટાડો થાય તો પણ, સરેરાશ મોંઘવારી ભથ્થું 60%થી નીચે જવાની કોઈ શક્યતા નથી, જે કર્મચારીઓ માટે પગાર વધારાના સ્પષ્ટ સંકેત આપે છે. સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર, મોંઘવારી ભથ્થાની ગણતરી હંમેશા પૂર્ણાંકમાં કરવામાં આવે છે, જેનો અર્થ છે કે જો ગણતરી મુજબનો આંકડો 60.01%થી લઈને 60.99%ની વચ્ચે હોય તો પણ તેને સત્તાવાર રીતે 60% જ માન્ય રાખવામાં આવે છે. આ નવો વધારો 1 જાન્યુઆરી, 2026થી અમલી બનશે, જોકે તેની સત્તાવાર જાહેરાત અને નોટિફિકેશન સરકારી પ્રક્રિયાઓને કારણે સામાન્ય રીતે માર્ચ અથવા એપ્રિલ મહિનામાં બહાર પાડવામાં આવે છે. આ સંજોગોમાં, જાન્યુઆરી મહિનાથી લઈને જાહેરાત થાય ત્યાં સુધીના સમયગાળાનો તફાવત કર્મચારીઓને 'એરિયર્સ'(બાકી રકમ) તરીકે એકસાથે ચૂકવવામાં આવશે, જે હોળી કે ઉનાળાના વેકેશનના સમયે કર્મચારીઓ માટે આર્થિક રાહત સમાન બની રહેશે.

આ વધારો એટલે પણ ખાસ છે કારણ કે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે 8મા પગાર પંચ પણ વર્ષ 2026થી લાગુ થઈ શકે છે. જો આવું થાય, તો કર્મચારીઓના પગાર માળખામાં મોટો ફેરફાર જોવા મળી શકે છે.

# ફૂડ એપ્સ પરથી ઓનલાઈન ખાવાનું મંગાવવું મોંઘું: 55% યુઝર્સે રેસ્ટોરન્ટના ભાવ કરતા વધારે કિંમત ચૂકવી, સર્વેના રિપોર્ટમાં ચોંકાવનારો દાવો....

**મુંબઈ, તા.07**

સમગ્ર દેશમાં ઝોમેટો, સ્વિગી અને બ્લિંકિટ જેવી ફૂડ ડિલિવરી એપ્સને લઈને ગ્રાહકો અને ડિલિવરી વર્કર્સનો અસંતોષ વધી રહ્યો છે. લોકલસર્કલ્સના તાજેતરના સર્વેમાં 55% ગ્રાહકોએ જણાવ્યું કે જ્યારે તેઓ આ એપ્સ પરથી ફૂડ ઓર્ડર કરે છે, ત્યારે રેસ્ટોરન્ટમાં જઈને ખાવાની સરખામણીમાં તેમને વધુ પૈસા ચૂકવવા પડે છે.

તેનું કારણ એપ્સ દ્વારા રેસ્ટોરન્ટ્સ પાસેથી લેવામાં આવતું 20 થી 30% સુધીનું ભારે કમિશન જણાવવામાં આવ્યું છે. તેની સીધી અસર ગ્રાહકોના ખિસ્સા પર પડે છે. આ સર્વેમાં દેશના 359 જિલ્લાઓના 79 હજારથી વધુ જવાબોનો સમાવેશ કરવામાં આવ્યો. જેમાં 61% પુરુષો અને 39% મહિલાઓ હતી.



ભાગ લેનારાઓમાં 45% ટિયર 1 શહેરોમાંથી, 33% ટિયર 2 શહેરોમાંથી અને 22% ટિયર 3, 4 અને ગ્રામીણ વિસ્તારોમાંથી હતા. આ સર્વે લોકલસર્કલ્સ પ્લેટફોર્મ પર કરવામાં આવ્યો અને તેમાં સામેલ તમામ લોકો ચકાસાયેલા નાગરિકો હતા. સર્વેમાં ભાગ લેવા માટે લોકલસર્કલ્સ પર નોંધણી ફરજિયાત હતી.

ભારતનું ઓનલાઈન ફૂડ ડિલિવરી માર્કેટ 2024માં આશરે 31.8 અબજ ડોલર એટલે કે 2.86 લાખ કરોડ રૂપિયાનું હતું. સ્માર્ટફોન, ઈન્ટરનેટ અને શહેરીકરણના વધતા ઉપયોગને કારણે આ બજાર 2030 સુધીમાં 12 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. ભારતના શહેરી વિસ્તારોમાં જંક ફૂડનું ચલણ ઝડપથી વધી રહ્યું છે. લોકલસર્કલ્સના સર્વે અનુસાર, ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ પર વેચાતી પેકેજ્ડ ફૂડ આઈટમ્સમાં અડધાથી વધુ હાઈ ફેટ, સુગર, સોલ્ટ (HFSS) વાળા અથવા અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ (UPF) છે.

સર્વેમાં 39% ઘરોએ જણાવ્યું કે તેઓ સોફ્ટ ડ્રિંક્સ, બિસ્કિટ, ચિપ્સ, નૂડલ્સ જેવી વસ્તુઓ નિયમિતપણે ખરીદે છે, એટલે કે દર 10 માંથી 4 ઘરોમાંથી જંક ફૂડ ઓર્ડર કરવામાં આવી રહ્યું છે. ખાસ વાત એ છે કે ઓર્ડર કરનારાઓમાં બાળકો અને યુવાનોની સંખ્યા સૌથી વધુ છે.

રિપોર્ટ અનુસાર, આ પ્લેટફોર્મ્સ પર દર બેમાંથી એક આઈટમ જંક અથવા હાઈ-ફેટ, હાઈ-શુગર, હાઈ-સોલ્ટ (HFSS) હોય છે. આ એ જ વસ્તુઓ છે જે બાળકો સૌથી વધુ ઓર્ડર કરે છે. તેમાં બિસ્કિટ, કોલ્ડ ડ્રિંક, ચિપ્સ, નૂડલ્સ, ચોકલેટ અને આઈસક્રીમનો સમાવેશ થાય છે.

ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર એટલા વધારે વિકલ્પો હોવાને કારણે બાળકો માટે તેનાથી દૂર રહેવું મુશ્કેલ બની જાય છે. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે જંક અથવા અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ (UPF) ની માગ કોવિડ પછી 'V-શેપ્ડ' રીતે વધી રહી છે. ખાસ કરીને Gen-Zમાં આ ટ્રેન્ડ વધુ છે, કારણ કે ક્વિક ડિલિવરીના કારણે આ વસ્તુઓ સરળતાથી મળી જાય છે.

ગયા વર્ષે ICMR અને NINએ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે UPFમાં ફાઈબર અને પોષક તત્વો ઓછા હોય છે, પરંતુ ખાંડ, મીઠું અને તેલનું પ્રમાણ વધારે હોય છે. તેનો સ્વાદ એવો હોય છે કે ઝડપથી લત લાગી જાય છે અને તેની ઉપલબ્ધતા દેશભરમાં એટલી સરળ છે કે લોકો તેને રોજિંદા આહારમાં સામેલ કરવા લાગ્યા છે.

# સોનામાં આગેકૂચ: ચાંદી બે દિવસમાં રૂ.9000 ઉછળી: સોલાર પાવર મોંઘું થશે

## કોપર 13 હજાર ડોલર બોલાતાં નવો રેકોર્ડ: અન્ય દેશો સાથે કરાતા ફ્રી-ટ્રેડ કરારમાં ભારત સોના-ચાંદીને બાકાત રાખશે એવા નિર્દેશો

**મુંબઈ, તા.07**

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી ઝડપથી આગળ વધતાં નવા ઉછાળાઓ જોવા મળ્યા હતા. વિશ્વ બજારના સમાચાર તેજી બતાવતા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ઈમ્પોર્ટ કોસ્ટ વધી આવી હતી. વૈશ્વિક સોનાના ભાવ ઔંસના ૪૪૧૩થી ૪૪૧૪ વાળા વધી ઉંચામાં ભાવ ૪૪૭૫ થઈ ૪૪૬૩થી ૪૪૬૪ ડોલર બોલાઈ રહ્યા હતા. વિશ્વ ભરમાં અરાજકતા જેવી સ્થિતિ વચ્ચે સોનામાં સેફ-હેવન સ્વરૂપની માગ વધ્યાની ચર્ચા હતી.



દરમિયાન, વિશ્વ બજાર પાછળ અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૪૧૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૧૫૦૦ બોલાતા થયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૪૦૦૦ વધી રૂ.૨૪૨૦૦૦ રહ્યા હતા. ચાંદીના ભાવ બે દિવસમાં ઝડપી રૂ.૯૦૦૦ ઉછળતાં બજારના જાણકારો પણ આશ્ચર્ય બતાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૭૪.૯૨થી ૭૪.૯૩ વાળા ઉછળી ઉંચામાં ભાવ ૭૯.૩૭ થઈ ૭૮.૩૬થી ૭૮.૩૭ ડોલર રહ્યા હતા. દરમિયાન, ચાંદી ઉપરાંત કોપર તથા એલ્યુમિનિયમના ભાવ ઉછળતાં સોલાર પાવર ક્ષેત્રમાં ઉત્પાદન ખર્ચ વધી ગયાનું જાણકારો જણાવી રહ્યા હતા. આવા માહોલમાં હવે સોલાર પાવર મોંઘી થવાની ગણતરી પણ બજારમાં બતાવાઈ રહી હતી. વૈશ્વિક કોપરના ભાવ ઉછળી ટનના ૧૩ હજાર ડોલરની સપાટીને આંબી જતાં નવો રેકોર્ડ સર્જાયો હોવાના નિર્દેશો હતા.

દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ વધી જીએસટી વગર ૯૯૫ના રૂ.૧૩૬૩૬૧ થઈ રૂ.૧૩૬૧૧૨ રહ્યા હતા જ્યારે ૯૯૯ના ભાવ વધી રૂ.૧૩૬૯૦૯ થઈ રૂ.૧૩૬૬૬૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ વધી જીએસટી વગર રૂ.૨૪૪૭૮૮ થઈ રૂ.૨૪૩૧૫૦ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા હતા. વિશ્વ બજારમાં આજે કોપરના ભાવ વધુ ૦.૭૧ ટકા વધ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંસના ઉછળી ઉંચામાં ભાવ ૨૩૦૦ કુદાવી ૨૩૪૨ થઈ ૨૩૨૭થી ૨૩૨૮ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઉંચામાં ૧૭૫૨ થઈ ૧૭૪૩થી ૧૭૪૪ ડોલર રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ ઉંચામાં બેરલના ૬૨ ડોલર પાર કરી ૬૨.૧૫ થઈ ૬૨.૦૨ ડોલર રહ્યા હતા.

# પોલીસ બેડામાં ફેરફાર: અમદાવાદ ગ્રામ્યમાં ફરજ બજાવતા 19 PI અને 41 PSIની આંતરિક બદલી, SPનો હુકમ

**અમદાવાદ, તા.07**

ગુજરાત પોલીસમાં અમદાવાદ ગ્રામ્યમાં ફરજ બજાવતા 19 પોલીસ ઈન્સ્પેક્ટર(PI) અને 41 પોલીસ સબ ઈન્સ્પેક્ટર(PSI)ની બદલી કરવામાં આવી છે. આ અંગે અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક(SP)એ બદલીનો હુકમ કર્યો છે. અમદાવાદ જિલ્લા SP દ્વારા આજે(7 જાન્યુઆરી, 2026) વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે પોલીસ બેડામાં મોટાપાયે આંતરિક બદલીઓના આદેશ કરવામાં આવ્યા છે. જેમાં અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા 19 PI અને 41 PSIની આંતરિક બદલી કરવામાં આવી છે. લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓની બદલી થતાં પોલીસ તંત્રમાં ભારે હલચલ મચી ગઈ છે.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**સુધારો**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૫-૨૬/૪૩ તા.૨૨/૧૨/૨૦૨૫**

ટેન્ડર નં. DRM-RJT-25-26-E-77R જે IREPS પર યોગ્ય રીતે અપલોડ કરવામાં આવ્યું છે પરંતુ PRO-અમદાવાદને સમાચારપત્રમાં પ્રકાશિત કરવા માટે DRM-RJT-2024-25-E-77R તરીકે વિગતો મોકલવામાં આવી હતી જે ખોટી છે.

**કામનું નામ :** રાજકોટ ડિવિઝન : (i) ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) રાજકોટના અધિકારક્ષેત્રમાં વિવિધ સ્થળોએ સાઈડ ડ્રેઈન્સની જોગવાઈ (ii) આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) જામનગરના અધિકારક્ષેત્રમાં વિવિધ સ્થળોએ અવરોધક ચિહ્નો, કિલોમીટર પોસ્ટ્સ અને ગ્રેડિએન્ટ પોસ્ટ્સ લગાવવાનું કામ.

**કામની પડતર :** ₹ ૨,૪૦,૧૮,૮૪૪.૦૪ | **અર્નેસ્ટ મની :** ₹ ૨,૭૦,૧૦૦.૦૦

RJT-182

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# ભારતનો GDP ગ્રોથ 7.4% રહેવાનો અંદાજ: નાણાકીય વર્ષ 2025-26 માટે એડવાન્સ અંદાજ જાહેર, ઉત્પાદન અને સર્વિસ સેક્ટરમાં અર્થતંત્ર ઝડપથી વધ્યું

**નવી દિલ્હી, તા.07**

આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) એ નાણાકીય વર્ષ 2025-26 માટે દેશના આર્થિક વિકાસના પ્રથમ અગ્રિમ અંદાજો જાહેર કર્યા છે. સરકારી આંકડાઓ અનુસાર, આ વર્ષે એટલે કે નાણાકીય વર્ષ 2025-26માં ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર 7.4% રહેવાની અપેક્ષા છે.

પાછલા નાણાકીય વર્ષ (2024-25) માં આ વિકાસ દર 6.5% રહ્યો હતો. મેન્યુફેક્ચરિંગ, કન્સ્ટ્રક્શન અને સર્વિસ સેક્ટરમાં આવેલા ઉછાળાને આ વૃદ્ધિનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. આ પહેલા ડિસેમ્બરમાં RBI એ પોતાનો GDP અંદાજ 6.8% થી વધારીને 7.3% કર્યો હતો.

અર્થતંત્રના સ્વાસ્થ્યને ટ્રેક કરવા માટે GDPનો ઉપયોગ થાય છે. તે દેશની અંદર એક નિશ્ચિત સમયગાળામાં ઉત્પાદિત તમામ ચીજવસ્તુઓ અને સેવાઓના મૂલ્યને દર્શાવે છે. તેમાં દેશની સીમાની અંદર રહીને વિદેશી કંપનીઓ દ્વારા કરવામાં આવતા ઉત્પાદનને પણ સામેલ કરવામાં આવે છે.

GDP બે પ્રકારની હોય છે. રિયલ GDP અને નોમિનલ GDP. રિયલ GDPમાં ગુડ્સ અને સર્વિસની વેલ્યુની ગણતરી બેઝ યરની વેલ્યુ અથવા સ્થિર ભાવે કરવામાં આવે છે. હાલમાં GDPની ગણતરી કરવા માટે બેઝ યર 2011-12 છે. જ્યારે નોમિનલ GDPની ગણતરી વર્તમાન ભાવે કરવામાં આવે છે.

GDPની ગણતરી કરવા માટે એક ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવે છે. GDP=C+G+I+NX, અહીં Cનો અર્થ



પ્રાઈવેટ કન્ઝમ્પ્શન, Gનો અર્થ ગવર્નમેન્ટ સ્પેન્ડિંગ, Iનો અર્થ ઈન્વેસ્ટમેન્ટ અને NXનો અર્થ નેટ એક્સપોર્ટ છે.

ઘટાડવા કે વધારવા માટે ચાર મહત્વપૂર્ણ એન્જિન હોય છે. પહેલું છે, તમે અને અમે. તમે જેટલો ખર્ચ કરો છો, તે આપણી ઈકોનોમીમાં યોગદાન આપે છે. બીજું છે, પ્રાઈવેટ સેક્ટરનો બિઝનેસ ગ્રોથ. આ GDPમાં 32% યોગદાન આપે છે. ત્રીજું છે, સરકારી ખર્ચ.

તેનો અર્થ છે કે સરકાર ગુડ્સ અને સર્વિસિસનું ઉત્પાદન કરવામાં કેટલો ખર્ચ કરી રહી છે. તેનો GDPમાં 11% ફાળો છે. અને ચોથો છે, નેટ ડિમાન્ડ. એના માટે ભારતના કુલ એક્સપોર્ટમાંથી કુલ ઈમ્પોર્ટને બાદ કરવામાં આવે છે, કારણ કે ભારતમાં એક્સપોર્ટની સરખામણીમાં ઈમ્પોર્ટ વધારે છે, એટલે એની અસર GDP પર નકારાત્મક જ પડે છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**વિવિધ જગ્યાઓ અને લિફ્ટ તથા યાત્રી સુવિધાઓની જોગવાઈ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ અપગ્રેડેશન**

**ટેન્ડર નં. ડીઆરએમ-એસએન્ડટી-એડીઆઈ-ટેલી ૧૦, ૨૫-૨૬ આમંત્રિત કરતી સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત ડીઆરએમ/એસ એન્ડ ટી ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડરો તેમની મૂળ/સુધારેલ બિડ ફક્ત બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં નહીં આવે, અને કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થશે તો તેને અવગણવામાં આવશે.

**કામનું નામ:** અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્થળે MDTTI તાલીમ સંસ્થાન, વે બ્રિજ, લોકો શેડ, એથલેટિક ગ્રાઉન્ડ, RPF બેરેક, રનીંગ રૂમ, હોસ્પિટલ, ગુડ્ઝ શેડ, રમતગમત સંકુલ, ઈલેક્ટ્રિક ટ્રીપ શેડ, બ્રિજના પુનઃબાંધકામ, PF લંબાઈના વિસ્તરણ, LC-પહોળાઈ તથા લિફ્ટ અને યાત્રી સુવિધાઓની જોગવાઈ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ અપગ્રેડેશન.

**કામની અંદાજીત પડતર:** ₹ ૩,૭૭,૬૧,૬૭૮.૬૪/- (રૂપિયા ત્રણ કરોડ સિત્યોતેર લાખ એકસઠ હજાર છસો ઈઠ્યોતેર અને ચોંસઠ પૈસા પુરા)

**અર્નેસ્ટ મની ડિપોઝીટ:** ₹ ૩,૩૮,૮૦૦/- (રૂપિયા ત્રણ લાખ આડત્રીસ હજાર આઠ સો પુરા)

**ટેન્ડર બંધ થવાની અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** તા.૦૪-૦૨-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી તે પછી નહીં અને તા.૦૪-૦૨-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે.

**ઈ-ટેન્ડરીંગની વેબસાઈટ:** www.ireps.gov.in

ADI-249

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# અમદાવાદમાં ટ્રાફિક કોન્સ્ટેબલે મુદ્દામાલનું પોણા બે કિલો ચરસ વેચવા આપી દેતા ધરપકડ

**અમદાવાદ, તા.07**

ચેકીંગ દરમિયાન કબજે કરેલું 4.68 લાખનું પોણા બે કિલો ચરસ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના બદલે પોતાના મળતિયાને ગેરકાયદેસર રીતે વેચવા માટે આપી દેનાર ટ્રાફિક કોન્સ્ટેબલ શૈલેષ ચૌહાણની ધરપકડ કરાઈ છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે દિવ્યાંગ કેબીનધારક અજય બધેલને ચરસ સાથે પકડ્યા પછી કોન્સ્ટેબલની સંડોવણીનો ઘટસ્ફોટ થયો છે. દિવ્યાંગ કેબીનધારકને 4.68 લાખનું ચરસ વેચી આપવા માટે 25,000 રૂપિયા કમિશન આપવાની લાલચ અપાઈ હતી. કેબીનધારક અજય અને કોન્સ્ટેબલ શૈલેષને ઝડપી લઈ એસ.ઓ.જી.એ ચરસનો જથ્થો ક્યાંથી અને ક્યારે કબજે કરાયો હતો તે અંગે ઉંડાણભરી તપાસ આરંભી છે.



એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે નરોડા - મુઠિયા ગામ રોડુ પર શંખેશ્વર ટાઉનશીપ રોડ ઉપરથી 26 વર્ષના દિવ્યાંગ અજય ઉર્ફે બાદશાહ મહેશભાઈ બધેલને 4.68 લાખની કિંમતના 1 કિલો 872 ગ્રામ ચરસ સાથે પકડી પાડ્યો હતો. એસ.ઓ.જી.ના પી.આઈ. વી. એચ. જોષીએ અજય બધેલને રિમાન્ડ ઉપર મેળવી ચરસનો જથ્થો ક્યાંથી મેળવ્યો તે અંગે પૂછપરછ કરતાં ઘટસ્ફોટ થયો હતો. અજયને ચરસનો આ જથ્થો ટ્રાફિક કોન્સ્ટેબલ શૈલેષસિંહ ચૌહાણ વેચવા માટે આપી ગયો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. અજય ચરસનો જથ્થો વેચવા માટે એક બૂટલેગરને આપવા જતો હતો ત્યારે એસ.ઓ.જી.એ પકડી પાડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જ એવો ઘટસ્ફોટ થયો છે કે, દોઢ વર્ષથી ઈ ડિવિઝન ટ્રાફિક પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે કાર્યરત શૈલેષ ચૌહાણે ચેકિંગ દરમિયાન 4.68 લાખની કિંમતનો ચરસનો આ જથ્થો મળતાં પોલીસમાં જમા કરાવવાના બદલે પોતાની પાસે જ રાખ્યો હતો. શૈલેષ ચૌહાણ અગાઉ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે દિવ્યાંગ તરીકે કેબીન રાખીને નાનો મોટો ધંધો કરતાં અજય બધેલ સાથે સંપર્ક થયો હતો.

કોન્સ્ટેબલ શૈલેષ ચૌહાણે ચેકીંગ દરમિયાન મળેલો ગાંજો પોલીસમાં જમા કરાવી કાર્યવાહી કરવાના બદલે ગ્રાહક શોધીને વેચાણ કરવા માટે અજય બધેલને આપ્યો હતો અને બદલામાં 25,000 રૂપિયા કમિશન આપવાની લાલચ આપી હતી. અજય બધેલ ગાંજાનું વેચાણ કરે તે પહેલાં જ પકડાઈ ગયો હતો. એસ.ઓ.જી.એ દિવ્યાંગ કેબીન ધારક અજય બધેલ અને કોન્સ્ટેબલ શૈલેષ ચૌહાણની ધરપકડ કરી સઘન પૂછપરછ હાથ ધરી છે.

આ અગાઉ સ્ટેટ ટ્રાફિક પોલીસનો એક કોન્સ્ટેબલ હાઈબ્રિડ ગાંજા સાથે પકડાયો હતો. ગાંજા કે ચરસ જેવા નશીલા પદાર્થનો જથ્થો પોલીસમાં જમા કરાવી કાર્યવાહી કરવાના બદલે બારોબાર વેચાણ કરાવી રૂપિયા કમાવાનું કારસ્તાન કરવા બદલ ટ્રાફિક પોલીસના બીજા કર્મચારીને ઝડપી લઈ ઊંડી તપાસ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# અમદાવાદના જૂહાપુરામાંથી 50 લાખના MD ડ્રગ્સ સાથે રીઢો ગુનેગાર ઝડપાયો....

**અમદાવાદ, તા.07**

અમદાવાદના વેજલપુર વિસ્તારમાંથી ઝોન-7 LCB અને સ્થાનિક પોલીસે સાથે ઓપરેશન હાથ ધરીને 504 ગ્રામ MD ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત અંદાજે 50 લાખ જેટલી થાય છે. પોલીસે આ મામલે તોસિફ અહેમદ કાદરી નામના પેડલરની ક્રેટા કાર સાથે ધરપકડ કરી છે.

ઝોન-7 LCBની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે જુહાપુરા વિસ્તારમાં એક શખ્સ પોતાની કારમાં ડ્રગ્સનો જથ્થો લઈને ફરી રહ્યો છે. આ બાતમીને આધારે પોલીસે જુહાપુરાના રોયલ અકબર ટાવર પાસે છટકું ગોઠવ્યું હતું. શંકાસ્પદ ક્રેટા ગાડીને આંતરીને જ્યારે તપાસ કરવામાં આવી, ત્યારે ડ્રાઈવર સીટની નીચે સંતાડેલી એક થેલીમાંથી કેફી દ્રવ્યો મળી આવ્યા હતા. FSLની પ્રાથમિક તપાસમાં



આ જથ્થો શુદ્ધ MD ડ્રગ્સ હોવાનું પ્રમાણિત થયું હતું.

પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે પકડાયેલ આરોપી તોસિફ કાદરી જુહાપુરાનો જ રહેવાસી છે અને અગાઉ પણ NDPSના ગુનાઓમાં પોલીસ હાથે ઝડપાઈ ચૂક્યો છે. આરોપીએ કબૂલાત કરી છે કે તેણે આ ડ્રગ્સનો જથ્થો અમદાવાદના જ એક વ્યક્તિ પાસેથી ખરીદ્યો હતો અને તે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં છૂટક વેચાણ કરવાનો હતો. હાલ પોલીસે ડ્રગ્સ, મોબાઈલ અને કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી, આ ડ્રગ્સ નેટવર્કના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# દૂષિત પાણીને લીધે અમદાવાદમાં એક મહિનામાં ટાઈફોઈડના 180 કેસ, પાણીના 17 સેમ્પલ અનફીટ



**અમદાવાદ, તા.07**

અમદાવાદ પૂર્વ, દક્ષિણ અને મધ્યઝોનમાં પ્રદૂષિત પાણીની સૌથી વધુ સમસ્યા છે. પ્રદૂષિત પાણીના કારણે શહેરમા એક મહિનામા ટાઈફોઈડના 180 કેસ નોંધાયા હતા. અમરાઈવાડી વોર્ડમાં કોલેરાનો એક કેસ નોંધાયો હતો. કોર્પોરેશન તરફથી આપવામા આવતા પાણીના 17 સેમ્પલ અનફીટ જાહેર કરાયા હતા.

શહેરમાં ડિસેમ્બરમા ઝાડા ઉલટીના 239 અને કમળાના 149 કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય ડેન્ગ્યૂના 61, મેલેરિયાના 13 અને ઝેરી મેલેરિયાના 6 કેસ નોંધાયા હતા. કોર્પોરેશન તરફથી શહેરના વિવિધ વિસ્તારમાં પાણી પુરુ પાડવામા આવે છે.

બેકટેરીયોલોજીકલ તપાસ માટે એક મહિનામાં 7108 પાણીના સેમ્પલ લેવાયા હતા. આ પૈકી પાણીના 17 સેમ્પલનો પીવાલાયક નહીં હોવાનો રીપોર્ટ આવ્યો હતો. રેસીડેન્શિયલ ક્લોરીન ટેસ્ટ માટે એક મહિનામાં 46673 સેમ્પલ લેવાયા હતા. જે પૈકી સાત સેમ્પલનો ક્લોરીન રીપોર્ટ નીલ આવ્યો હતો.

# અમદાવાદમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે 'સારથી' હેલ્પલાઇન શરૂ, માત્ર એક મેસેજ પર મળશે મૂંઝવણનો ઉકેલ.....

**અમદાવાદ, તા.07**

અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરી દ્વારા બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની ચિંતા અને મૂંઝવણ દૂર કરવા માટે સતત ચોથા વર્ષે સારથી હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે. આ હેલ્પલાઈન માટે ખાસ '9909922648' વોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે. જે રીતે મહાભારતમાં અર્જુનને શ્રીકૃષ્ણનો સાથ મળ્યો હતો, તેમ પરીક્ષાર્થીઓને માર્ગદર્શન આપવાના હેતુથી આ સેવાનું નામ 'સારથી' રાખવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓએ માત્ર આ નંબર પર પોતાનો પ્રશ્ન મેસેજ કરવાનો રહેશે, ત્યારબાદ કચેરીની ટીમ ગણતરીના કલાકોમાં તેનો ઉકેલ લાવવા સક્રિય થશે.




વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન કોઈ ખાસ વિષય, દાખલા કે થીયરીમાં મુશ્કેલી હોય તો તેઓ આ હેલ્પલાઇનનો સહારો લઈ શકશે. DEO કચેરી દ્વારા વિષય નિષ્ણાતોની એક ખાસ ટીમ તૈયાર કરવામાં આવી છે. જ્યારે કોઈ વિદ્યાર્થી વિષયલક્ષી પ્રશ્ન વોટ્સએપ પર મોકલે છે, ત્યારે તે મેસેજ સંબંધિત વિષયના એક્સપર્ટને ફોરવર્ડ કરવામાં આવે છે. ત્યારબાદ આ એક્સપર્ટ સામેથી વિદ્યાર્થીનો સંપર્ક કરે છે અને જ્યાં સુધી વિદ્યાર્થીને પ્રશ્ન પૂરેપૂરો સમજાઈ ન જાય ત્યાં સુધી તેની સાથે વાતચીત કરીને સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શન પૂરું પાડે છે.

પરીક્ષાના સમયે વિદ્યાર્થીઓમાં જોવા મળતા તણાવ અને ડરને દૂર કરવા માટે આ વખતે 60 જેટલા સાયકોલોજિસ્ટની ટીમ મેદાનમાં ઉતારવામાં આવી છે. ખાસ કરીને પ્રથમ વખત બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માનસિક દબાણ હેઠળ કોઈ ખોટું પગલું ન ભરે તે માટે આ ટીમ સતત કાર્યરત રહેશે. જે વિદ્યાર્થીઓને પરીક્ષાનો ડર લાગતો હોય અથવા આત્મવિશ્વાસની કમી અનુભવાતી હોય, તેઓ મેસેજ કરશે એટલે મનોચિકિત્સકો તેમને સામેથી ફોન કરીને કાઉન્સેલિંગ કરશે. આ સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપવા માટે તૈયાર કરવાનો છે.

# તંત્ર સામે આક્રોશ: આણંદ ગણેશ ચોકડી પાસે બ્રિજના સર્વિસ રોડ પર ભુવો પડતા હાલાકી

**આણંદ, તા.07**

સતત 24 કલાક અવરજવર રહેતા આણંદ ગણેશ ચોકડી ઓવરબ્રિજ સર્વિસ રોડ ઉપર આવેલ ગટર લાઈન પાસે ભુવો પડ્યો છે.ત્યારે ગણેશ ચોકડી થી બોરસદ ચોકડી તરફ પસાર થતા વાહન ચાલકોને અકસ્માત થવાનો ભય સતાવી રહેલ છે.જો કે માર્ગ ઉપર સતત 24 કલાક સુધી હજારો વાહનોની અવર જવર રહેતી હોવાથી ગંભીર બેદરકારી દાખવતા હોય 30થી સોસાયટી વિસ્તારના રહીશોએ સત્તાધિશો સામે આક્રોશ વ્યકત કર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ આણંદના કલેક્ટર કચેરી સામે સર્વિસ રોડ ઉપર ગટર લાઈન આવેલ છે.ત્યારે ગટર લાઈન પર થઈને હજારોની સંખ્યામા વાહનો અવર જવર કરી રહ્યા છે.જેના પગલે ગટર ઢાંકણ ભંગાણ હાલતમા ફેરવાઇ ગયેલ



છે.આણંદ જીલ્લા પીડબલ્યુ ડી વિભાગે દેખાડો પુરતો થીંગડા મારીને સંતોષ માની લેવાય છે. જેના લીધે હાલમાં માર્ગ ઉપર ભુવો પડયો હોવાથી વાહન ચાલકોને સાચવીને અવર જવર કરવાની નોબત સર્જાય છે.તંત્રએ વહેલી તકે મરામત કામગીરીઓ હાથ ધરવા માંગ ઉઠી છે.બીજી તરફ કલેક્ટર કચેરી પાસે 30થી વધુ સોસાયટી વિસ્તારના રહીશોની પણ અવર જવર રહેતી હોવાથી તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ હોવાથી આણંદ જીલ્લા પીડબલ્યુડી વિભાગના સત્તાધિશો સામે આક્રોશ વ્યકત કર્યો હતો.

